# કૃષ્ણમ્ વંદે જગદ્ગુરુમ્

**લેખક**

**બળવંતરામ મહારાજ**
મીયાપુર તા. મહુધા
જી. ખેડા, પો. અલીણા ૩૮૦ ૩૦૫
મો. ૯૯૦૪૫ ૪૬૪૭૩

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Krushanam Vande Jagtguru**

Balvantram Maharaj

©લેખકશ્રી
બળવંતરામ મહારાજ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧
નકલ : ૧૦૦૦
**કિંમત : રૂા. ૧૨૦/-**
**આવરણ**
દિપ્તી ચૌહાણ, બાકરોલ
**સજાવટ**
ગુર્જરી સાહિત્યાલય, ડાકોર
**મુદ્રક**
ચરોતર સાહિત્યાલય, નડીયાદ
**પ્રકાશક**
**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

# અર્પણ





**પિતાજી** **માતાજી**

**ભીખાભાઇ ડાહ્યાભાઇ ડાભી** **બૈરજબેન ભીખાભાઇ ડાભી**

હે પિતા..... હે માતા....

સદ્ગુણો અને સંસ્કારનું સિંચન કરી સાકાર કર્યું મુજ તનને તમારા આશીર્વાદથી સદ્ગુરૂએ કૃપા કરી આત્માજ હું તમારો

સમર્પણ કરું સદ્ગ્રંથને

**"કૃષ્ણમ્ વંદે જગદ્ગુરુમ્"**

કૃષ્ણમ્ વંદે જગદ્ગુરુમ્



**જગદ્ગુરુ શ્રીમદ્ શંકરાચાર્ય ભગવાન**



**પરમહંસ શ્રી નરસંગ સરસ્વતી અક્કલકોટ**

(જગદ્‌ગુરુ શ્રીમદ્ શંકરાચાર્ય ભગવાનના શિષ્ય)

કૃષ્ણમ્ વંદે જગદ્‌ગુરુમ્

# નિવેદન

ભારતવર્ષમાં ઘણા બધા સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા છે. અને તેમાં અપારજ્ઞાન અને સુખના સાગરરૂપ પરબ્રહ્મમાં જેમનું ચિત્ત લીન થયું છે. એવા સંત મહાત્મા પુરૂષોને જન્મ આપી પોતાને પુણ્યલોક અને કૃતાર્થ કહેવડાવવાનું સુભાગ્ય ભારતમાતાને નિત્ય પ્રાપ્ત છે. જ્યારે જ્યારે અધર્મની વૃદ્ધિ થઇ ધર્મની ક્ષતી થઇ છે. ત્યારે ત્યારે ભારતના સૌં સંતોએ ધર્મનું અવિચ્છિન્ન રક્ષણ કર્યું છે.

દરેક સંતોનો એક જ આશય છે. કે જ્ઞાન દ્વારા ધર્મનું રક્ષણ કરવું એમ હું પણ જ્ઞાનનો પ્રચાર કરી અનેક પ્રાકૃત જીવોને માટે મુક્તિની નીસરણી રૂપ નીવડું. એ જ આશયથી સત્સંગ તથા ભજનોમાં જેમ બને તેમ જ્ઞાનનો સમાવેશ કરી પ્રચાર ભાવનાથી રચના કરૂ છું. પણ હું કોઇ વિદ્વાન નથી. ઓછા ભણતરને લીધે સંગીત દોષ તથા છંદ દોષ પણ હોય. કેટલાક શબ્દો બીજા સંતોના પણ ઉમેરાઇ ગયા હોય. તો સંત મહાત્માઓ મારી ભુલ સામે ન જોતાં મારી ભુલને તથા મને માફ કરજો અને જ્ઞાની સંતો સુધારીને સમજશો. તમારા સર્વેના આશીર્વાદથી મને ''કૃષ્ણમ્ વંદે જગદ્‌ગુરુમ્'' નામે પુસ્તકગ્રંથ પ્રસિદ્ધ કરવાનો જે લાભ મળ્યો તે બદલ હું આપ સૌનો ઉપકારી છું. ઋણી છું.

# પ્રકાશકના બે બોલ

પિંગળ મુનિએ સુત્રરૂપે આઠ અધ્યાયથી છંદોનું નિરૂપણ કર્યું છે. તેમાં વૈદિક રસાલંકાર મેળવી કવિતા બનાવવી તેને કાવ્યશાસ્ત્ર કહે છે. એ પિંગળ મુનિએ રચેલ હોઈ પિંગળ શાસ્ત્ર તરીકે પણ ઓળખાય છે.

કાવ્યશાસ્ત્રમાં કાવ્યદર્પણ, અલંકાર ને રસાદિ ગ્રંથો છે. તેનાથી ગાયત્રી, જગતી, અનુષ્ટુપ, ત્રિષ્ટુપાદિ વૈદિક છંદોનું જ્ઞાન થાય છે. છંદોની માત્રા કેટલી ગણવી તેને સારું વેદના પ્રાતિશાખ્ય ગ્રંથમાં દર્શાવ્યું છે તે પ્રમાણે વેદમાં છંદમાત્રા વગેરે દાખવવામાં જટા, માળા, શિખા, રેખા, ધ્વજા, દંડ, રથ, ધન એવી આઠ વિકૃતિ કહી છે. તેમજ પાંચક્રમ છે. ક્રમ, પત્ક્રમ, વ્યુતક્રમ, સંક્રમ, અભિક્રમ, વેદના પદમાં અનુલોમ અને વિલોમથી વિકૃતિ થાય છે. જટા પછી સર્વવિકૃતિ થાય છે. એમાં જટા અને દંડ મુખ્ય છે. વેદમાં જટાને ધનનો લખનાર લંકાપતિ રાવણ હતો એમ મનાય છે.

એમાં લઘુ, ગુરુ, તથા મ,ય,ર,સ,ત,જ,ભ,ન એ આઠ ગુણો દ્વારા કવિતાનું બંધારણ પણ વર્ણવામાં આવ્યું છે. વૃત બાબતમાં લોકોમાં પ્રસિદ્ધ ગ્રંથ પિંગળ છે.

સંજ્ઞાનો બોધક નિઘટુ નામક ગ્રંથ યાસ્ક મુનિએ રચેલો છે. વળી અમરસિંહ, હેમચંદ્ર આદિ પંડિતોએ સંજ્ઞા બોધક જે કોષો કર્યા છે એમાં અમર, હારાવલી, મોહિની, ત્રિકાંડશેષ, એકાક્ષરી, ધરણશબ્દ, મહોદધિ વગેરે કોષ ગ્રંથો છે. એ સઘળાનો નિરુક્તમાં સમાવેશ થાય છે.





પરિબ્રહ્મ ઈશ્વરનું જ્ઞાન કેમ કરવું શબ્દોમાં અક્ષરોનું જ્ઞાન અને ઉદાત, અનુદાત થતા સ્વરોનું જ્ઞાન વિવેચન કરનાર શિક્ષા કે ધ્વનિ શાસ્ત્ર તથા કર્મ કરવાની રીત કલ્પ એટલે ધર્મસૂત્રો, ગૃહસૂત્રો આમ શ્રેત અને સ્માર્ત બે પ્રકારના સૂત્રોમાં કલ્પ સૂત્રોમાં સમાવેશ થાય છે.

વ્યાકરણ શબ્દોની શુદ્ધતાનું જ્ઞાન કરાવે છે. એમાં શબ્દ નિત્ય છે. તેમજ શબ્દ બ્રહ્મ સ્વરૂપ છે. વ્યાકરણમાં શબ્દોની વ્યત્પત્તિ શબ્દોના અર્થો અને શબ્દોની ગોઠવણી પાણિની મુનિએ રચેલ છે.

ગાંધર્વ વેદ ભરત મુનિએ પ્રગટ કર્યો છે. તેમાં સ્વર, તાલ, મુર્છના સહિત ગીત, નૃત્ય, વાદ્ય વગેરેનું નિરૂપણ વિસ્તાર પૂર્વક કરેલું છે. ભરત મુનિના મત પ્રમાણે ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણે વસ્તુઓ સંવાદી રૂપમાં એકઠી મળે છે. ત્યારે સંગીત સર્જાય છે. જ્યારે જ્યારે ઉદાત, અનુદાત અને સ્વરિત સ્વરોના ક્રમ મુજબ ધનપાઠ, જટાપાઠ વગેરે પાઠોની ઉચ્ચારણાથી ગવાય છે. ત્યારે આપણને વેદોમાં રહેલી સંગીતની ભવ્ય પરિપાટીનું કાંઈક દિગ્દર્શન થાય છે. ગંધર્વો અને વિદ્યાધરોની અર્ધ દેવયોનિઓ તો નૃત્ય સંગીતમાં નિપુણ મનાઈ છે. એટલે જ આ સંગીત કળાનો વેદ ગાંધર્વ વેદ તરીકે ઓળખાય છે.

સંગીતશાસ્ત્રમાં ગાયનના અનેક પ્રકાર છે. સા,રી,ગ,મ,પ,ધ,ની આ સ્વર સપ્તક સૂરના આરોહ તથા અવરોહ ક્રમ છે. તેમાં મંદ્ર, મધ્યમ અને તાર એમ ત્રણ ભેદ છે. સૂરની અનેક પ્રકારની મૂર્છનાઓ છે. તેમાં પણ અનેક રાગ અને રાગણિઓના ભેદ પ્રભેદો છે.

નાદાનુસંધાન પૂર્વક યોગનું સાધન કરનારા યોગીઓને ષટચક્ર ભેદનના કુંડલિની યોગમાં અનાહત મોરલીનો નાદ મયુરનો કેકા ઘંટારવ મેઘગર્જના જેવા સૂરોનું દિવ્ય અને સૂક્ષ્મ સંગીત સંભળાય છે. તેવો અધ્યાત્મ શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. ભક્તિમાર્ગમાં પણ ભજન કિર્તન અને નિખાલસ ભક્તિના ભાવની અભિવક્તિ કરતા નર્તનનું ખુબ જ મહત્ત્વ છે.

આમ ત્રિવિધ સ્વરૂપે સમુદ્ર બનેલી સંગીત સરીતા માનવ હૃદયને ઉન્નત, રસિક, ભાવ પટુ અને સૂક્ષ્મ આંદોલનો ઝીલવામાં સમર્થ બનાવે છે. સંગીત માણસની ચિંતાઓ દૂર કરે છે. શોકને વિસ્તારી દે છે. સંગીત દ્વારા અનેક વ્યાધિઓ મટાડવાના પ્રયોગો પણ થઈ રહ્યા છે. સંગીતથી આનંદની ઉપલબ્ધિ થાય છે. ચિત્તવૃત્તિ એકાગ્ર બને અને દિવ્યતાનો અનુભવ થાય છે.

ગીત નૃત્ય અને વાદ્યની ત્રિવેણીથી સર્જાતુ સંગીત તીર્થ દેવતાનું આરાધન કરવામાં મદદરૂપ છે. તે નિર્વિકલ્પ સમાધિની સિદ્ધિ કરાવનારું છે. આમ ગાંધર્વવેદનું પ્રયોજન પણ અંતઃકરણની શુદ્ધિ, પવિત્રતા અને એકાગ્રતા દ્વારા મોક્ષપ્રાપ્તિ કરવાનું છે.

આ પુસ્તક કૃષ્ણમ્ વંદે જગદ્ ગુરુમ્ છપાવી પ્રગટ કરતાં આનંદ થાય છે. આ ભજનવાણી છપાવવી એવી ભાવના ઘણા સમયથી હતી પણ જે કાંઈ બનવાનું હોય છે તે સમયે જ બને છે. તે મુજબ ભજનવાણી છપાવવાનો જે યોગ સાંપડ્યો તે યશ પરમ પુજ્ય બાપુ બુધારામ મહારાજ સણાલી. તથા સદ્ગુરુ મંગળરામ મહારાજ મીયાંપુર તેમના ફાળે જાય છે. કેમ કે એમના વિચારો એ જ મને આ ભજનવાણી છપાવમાં મદદ મળેલ છે. સાચા સંતોના સંગથી જ આ યોગ સાંપડ્યો છે. વાચક પ્રેમીજનો હું કોઈ વિદ્વાન નથી, ભાષાજ્ઞાની





પણ નથી થોડું ભણેલો હોવાથી કદાચ છંદ દોષ, વ્યાકરણ દોષ પિંગળ દોષ, સંગીત દોષ, કોઈ સંતના શબ્દ ઉમેરાઈ જવાનો દોષ એવી ઘણી બધી ભૂલો થઈ હશે પણ સજ્જનો તથા જ્ઞાની જનો મારી ભૂલો લક્ષમાં નહિ લેતાં સુધારીને સમજશો અને મારી ભૂલો ને માફ કરી મને પણ માફ કરશો એવી મારી આશા છે.

આ ભજનવાણીમાં મને ફક્ત ભાવપ્રધાન સમજી લેશો આ જે કાંઈ રચાવ્યું છે તે હરિ ગુરુ સંતની કૃપા સમજી લેશો. હું તો માત્ર માધ્યમ છુ આ ભજનવાણી જીજ્ઞાસુ પુરુષોને માર્ગદર્શક તથા મનુષ્યોને સાચા ધર્મ તરફ લઈ જવા માટે કડવો મીઠો ઠપકો આપી સુધરવાનો અને ભવસાગરમાંથી તરવા માટેના હેતુથી રચવામાં આવેલ છે. આ ભજન વાણી છપાવવામાં જેમણે સહકાર આપેલ છે તે બદલ હું તેમનો ઋણી છું.

# અવલોકન

કુરૂક્ષેત્રના મેદાનમાં જ્યારે અર્જુન ગાંડિવ ધનુષ્ય મૂકી દઈ મૌન થઈ જાય છે. ત્યારે કૃષ્ણ અર્જુનને સમજાવે છે કે કોઈ કોઈને હણતો નથી. અધર્મ પોતે હણાયેલો છે. અને ધર્મ હણાતો નથી. આપણે તો માત્ર નિમિત્ત છીએ માટે સ્વાર્થ રહિત સમભાવનું કે જે નિષ્કામ કર્મ કરવું જોઈએ.

આ સંસાર સાગરમાં નિર્ગુણ બ્રહ્મથી સ્ફૂરણ થઈ ધનરૂપ શક્તિ કલ્પના થિ મન થયું. આ મનથી જ સંકલ્પ વિકલ્પ થયા કરે છે. તેમાં સારા કે નરસા વિચારો દોડ્યા કરે છે. માયા જ મમતા કરાવે છે. ઈન્દ્રિયો એટલી આવેગ ભરી હોય છે કે વિદ્વાન પુરૂષના મનને પરાણે તે વિષયો તરફ ખેંચી જાય છે. કોઈ પણ વસ્તુ પદાર્થ જોયા કે તેની ઉપર મોહ ઉત્પન્ન થાય છે. પછી તેને ભોગવવાની ઈચ્છા થાય છે. તે વસ્તુને ભોગવતાં તેમા આધિપત્ય જાગે છે. તે આધિપત્ય છીનવાઈ ન જાય તેનો ડર લાગે છે. એવા આધિપત્યને જમાવી રાખવા ક્રોધ ઉભો થાય છે. અને તે વસ્તુ પદાર્થ છીનવાઈ જતાં શોક ઉત્પન્ન થાય છે. આ સંસારમાં આ ક્રમ ચાલું જ છે. આવી રીતે મન માયામાં ફસાઈ જાય છે. અને બુદ્ધિ હણાઈ જાય છે. ત્યારે આ મનને સદ્‌ગુરુ જ જ્ઞાનગંગામાં સ્નાન કરાવી પવિત્ર બનાવે છે.

ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય આ ત્રિપુટીથી જ સંસાર સાગરને તરી શકાય છે. ત્રણેય માંથી એકની ખામી હોય તે પાંગળતાં જણાય છે. માટે ઈશ્વરની ભક્તિ ઈશ્વર સંબંધીનું જ્ઞાન અને સર્વ પર વૈરાગ્ય એ મનુષ્ય ધર્મના મૂળ પાયામાં રહેલું તત્ત્વજ્ઞાન છે.





# ચેતવણી

ભારત ભૂમિમાં આજે આપણને આ મનુષ્ય અવતાર મળ્યો છે. સર્વ યોનીમાં મનુષ્ય અવતાર ઉત્તમ છે. આ યોનીમાં જ આપણે કંઈક કરી શકીએ તેમ છીએ કેમ કે મનુષ્યયોનીમાં બુદ્ધિનો વિકાસ થઈ શકે તેમ છે. ત્યારે આપણે વિચારવું જોઈએ કે આ લખચોરાશીમાંથી છુટવા આપણે શું કરવું. આપણે જનમતાં પહેલાં માતાના ઉદરમાં પરમાત્માને કોલ દઈને આવ્યા છીએ કે હે પરમાત્મા તમે મને આ ગંદકીમાંથી બહાર કાઢો. બહાર જઈને હું તમારા નામનું રટણ કરીશ. પણ જ્યારે બહાર આવે છે ત્યારે બહારની દુનિયા જોઈને આપણે પરમાત્માને ભૂલી જઈએ છીએ અને બાળપણ, જુવાની, ઘડપણ, મરણ એમ ચોરાશી નો રેટ ચાલુ થઈ જાય છે. કાળ જ્યારે ઝડપી લે છે. ત્યારે તારુ મારું બધું જ અહીં રહી જાય છે. અને એકલાને જવાનું થાય છે. ત્યારે પછતાવવું પડે છે. કે મારે તો હજુ ઘણું કાર્ય કરવાનું રહી ગયું. છોકરા પરણાવવાનાં રહી ગયા. જમીન માલ મિલ્કત ભેગા કરવાના રહી ગયા. જો એ બધુ થઈ ગયું હોત તો મારો જીવ શાંન્તીથી જાત આવી માયા મમતાથી જીવ લખચોરાશીમાં પડે છે. આ લખચોરાશીમાંથી ઉગરવાનું ટાણુ ઓળખ્યું નહિ અને જતું રહ્યું. જો તે બ્રહ્માનંદને જાણ્યા હોત તો તારે આ નરકમાં પડવાનો વારો આવત નહિં. સંતો ભક્તોની જેમ ઉત્તમ કરણી કરી હોય તો તારી આ કાળના મોમાં ના જવું પડત તે આત્મા જાણ્યો હોત શુદ્ધ તો આજે તું પણ હોત બુદ્ધ.

માટે જ તમને વારંવાર કહેવામાં ચેતવવામાં આવે છે. કે કોઈ સદ્‌ગુરુ પાસે જઈને આત્માને ઓળખો અને ધર્મ પરાયણ કર્મ

કરો. સત્ય કર્મ કરો. મનુષ્યયોની ઉત્તમ છે. તેમાં નારાયણને ઓળખી લખચોરાશીમાંથી મુક્તિ મેળવો. મનુષ્ય અવતાર લખચોરાશીમાંથી નિકળવાનું એક દ્વાર છે. આ અવસર આવું ટાણુ ફરી ફરી આવવાનું નથી માટે સમયને સમજીને મનુષ્ય અવતાર ધન્ય બનાવો તમારામાં જમડાનું જોર જીરવાય તેમ નથી. જો આત્મરામ ના જાણીએ તો તમારામાં ને પશુમાં શું અંતર, પંખીડાં જેમ ભય પામે છે. તેવાજ તમારા હાલ છે. ઊંઘી ઊંઘીને જનમ્ ગુમાવ્યો પશુ પંખીની જેમ તો તમારામાં અને એમાં શાનો ફેર તોય મિથ્યા કરે અભિમાનને મોટાઈ તારે સવાશેર ખાવા જોઈએ ને તોય ભરિ રાખે છે. કોઠાળ તારા કરતાં પંખીડાં સારા જે ના સમજે ભરવો ભંડાર આવુ પાપ વ્હોર્યા વિના ભગવાનને સમજીને નિશદિન ભજન સત્સંગ કરો તો તમો લખચોરાશીમાંથી ઉગરશો ઓળખશો તો અળગા રહેશો તારશે આતમરામ.

"ઘર આંગણીએ ગંગા પધાર્યા
ન્હાવાની યુગ્તી ના સુઝી"

આ જ્ઞાન ગામડે ગામડે ગલીએ ગલીએ થઈ રહ્યું છે. તેમાં જે ન્હાય તે પવિત્ર બની જાય છે. તેનું જીવન બદલાઈ જાય છે. કેટલાકને એવું પણ થાય કે આ સંપ્રદાય બરાબર નથી. પેલો સંપ્રદાય બરાબર નથી. એમ ન કરતાં સંપ્રદાયની મથામણમાં ના પડશો પણ જે સદ્‌ગુરુ તમને તમે કોણ છો. ક્યાંથી આવ્યા છો. ક્યાં જવાના છો. આત્મા કોણ છે. પરમાત્મા કોણ છે. ક્યાં રહે છે. કોણ બોલે છે. ક્યાંથી બોલે છે. જીવ, ઈશ્વર, માયા શું છે. એનો ભેદ જે સમજાવે તેવા સદ્‌ગુરુના શરણે જઇ તન, મન, ધન, શીશ અર્પણ કરી આ જ્ઞાનને જાણજો.



"ગુરૂ બિન જ્ઞાન ના ઉપજે ગુરૂ બિન મિટે ના ભેદ,
ગુરૂ બિન શંસય ના ટળે ભલે વાંચો ચારે વેદ."

"યહ તન વિષકી બેલડી ગુરૂ અમૃતની ખાલ,
શીશ દિયે ગુરૂ મીલે તો ભી સસ્તા જાન."

મનુષ્ય માત્ર વિષય રૂપી ભમર છે. તે મનુષ્યને અમૃતરૂપી ખાલ ચઢાવી સદ્‌ગુરુ અમર બનાવે છે. તેના જનમ મરણ છોડાવી દે તેને જ ગુરૂત્વ સ્વીકારવા ચાર મુખી ગુરૂ હોય છે. (૧)માયામુખી, (૨)જીવમુખી, (૩)ગુરૂમુખી, અને (૪)બ્રહ્મમુખી. તેમાંથી બ્રહ્મમુખીગુરુ મુક્તિ આપે છે. આ જ્ઞાન જાણી તમે તમારા જીવનને સુધારશો મારા સેવકની વિનંતી સાંભળી યોગ્ય સદ્‌ગુરુ પાસે જઈને ભક્તિ જ્ઞાન વિશે જાણી ધર્મ પરાયણ કર્મ કરી તમારૂ જીવન ધન્ય બનાવશો એ જ મારી અપેક્ષા.

# ગુરૂદીક્ષા અને દક્ષિણા

આપવાવાળો વધારે સમર્થ્યવાન છે કે લેવા વાળો. એના જવાબમાં લેવાવાળાની પાત્રતાને ઓછુ મહત્ત્વ અપાય તેમ નથી. ભલે ને વાદળો ગમે તેટલા વરસે પરંતુ ટેકરા ઉપર એક ટીપુય પાણી નહિ રહે અને ખડક પર એક પાંદડુય નહિ ફુટે. પાણી તો એટલું જ રોકાશે જેટલો ખાડો હશે સમુદ્રમાં ક્ષમતા હોવાથી દરેક નદિઓ એમાં ભળી જાય છે. પરંતુ પહાડો તરફ અને રણ તરફ જવાનું એમનું જરાય મન નથી હોતુ આંખો જ ના હોય તો બપોરના તાપમાં પણ કંઇ જ નહિ દેખાય કાન ન હોય તો મધુર સંગિત અને વિજ્ઞાનનો લાભ ક્યાંથી મળે મસ્તકમાં મૂઢતા છવાઈ હોય તો સતસંગ પરામર્શની કોઈ જ ઉપયોગિતા રહેતી નથી. શિષ્યની વિકસિત પાત્રતા હોય તો માટીના દ્રોણાચાર્ય પથ્થરના ગિરધર ગોપાલ પણ ચમત્કાર બતાવી શકે છે. સમર્થ ગુરુ રામદાસ શિવાજીનું, ચાણક્ય ચંદ્રગુપ્તનું, રામકૃષ્ણ પરમહંસ વિવેકાનંદનું, વિરજાનનંદ દયાનંદનું જ ભલુ કરી શક્યા. આમ તો એમની પાસે નામધારી શિષ્ય મંડળીઓ ઘૂમતી જ રહી છે. તેમના નશીબમાં સમર્થતાનું સાનિધ્ય હોવા છતાંય યોગ્ય પાત્રતા શિવાય કંઇ મળ્યું નહીં.

ગુરૂ મહિમા જેટલી જરૂરી છે. એના કરતાં શિષ્યની શ્રદ્ધા, સદ્ભાવનાનું મહત્ત્વ જરાય ઓછુ નથી. પરંતુ વધારે છે. એના અભાવમાં માત્ર અનુદાન વરદાન મેળવવા માટે જેનાં તેના ખિસ્સા કાપવાનો મનોરથ લઈને શિષ્ય બનવાનો ઢોંગ કરનારના હિસ્સામાં કંઇ જ આવતુ નથી. છળ કપટથી કોણ પ્રભાવિત થાય છે. દેવતા, ઋષિ અને સિદ્ધ પુરુષો પર વ્યક્તિ પોતે શ્રદ્ધા મુકે છે. અને ગુરુત્ત્વ એ ડાળીને સમર્થ બનાવવા માટે ભાવ ભર્યું યોગદાન પ્રસ્તુત કરે



છે. કલમી આંબા પર વધારે અને મીઠાં ફળ આવે છે. ડાળી જોડવી એ ગુરૂદીક્ષા છે. અને રસ આપવો તે ગુરૂ દક્ષિણા બંન્નેનો પરસ્પર અર્થાત્ અન્યોન્યાશ્રિત સંબંધ છે. એક પક્ષ જો નબળો પડશે તો બીજાની મહેનત નકામી જશે.

ગુરૂને પોતાનું તપ, પુણ્ય અને પ્રાણ શિષ્યને હસ્તાન્તરિત કરવો પડે છે.

શિષ્યને પોતાની શ્રદ્ધા, વિશ્વાસ, સમયદાન, વંશદાન વગેરે સત્ય પ્રયોજનો માટે પ્રદાન કરવા પડે છે.

## આશીરવચન

ઈશ્વર ઓળખવા હોય તો આવજો નો ટંકાર આધ્યાત્મિક સાહિત્યનો ગહન અભ્યાસ, ચિંતન મનન અને સાહિત્ય સંશોધન, તત્ત્વશોધક વૃત્તિ, જ્ઞાન, પ્રગલ્લભતા યોગાનુ ભૂતિ અને ઉપાસના અને શાસ્ત્ર સંશોધનનું બળ ગહનતમ વિષયમાં ચંચુપાત કરી અલ્પજ્ઞ માટે અશકય જેવું કામ શકય બને એથી માનવજાતિના કલ્યાણ અર્થે રચના કરનાર ગુરૂ ભક્તિના તત્ત્વચિંતક સદ્શિષ્ય ભક્ત બળવંતરામ મીયાંપુર વાસી તરફથી કૃષ્ણમ્ વંદે જગદ્ગુરુ નામનું ગ્રંથ પરમ પુજ્ય નિરાંત બાપુના આધ્યાત્મિક સાહિત્યમાં સ્થાન પામતુ હોય ત્યારે મને વિશેષ આનંદ થાય છે. જે અકલ્પનિય છે.

**બાલુબા માતાજીની આજ્ઞાથી**
**બુધારામ મહારાજ**
**સણાલી**



## સદ્ગુરુ સ્તુતિ

સદ્ગુરુ ને સમરતા અંતર અતી ઉભરાય,
વૈરાગ્ય લાગે મનમાં ને સર્વે ચેતન જણાય
શૂન્ય શિખરમાં રાધા રમે ને શ્યામ સાથમાં જણાય
સૂરતા શબ્દ એક થતાં નિજ સ્વરૂપ ઓળખાય.

## આરતી

(રાગઃ- આનંદ મંગલ ઉતારૂ આરતી)

સદ્ગુરુ દેવની ઉતારૂ આરતી,
ભાવ થકી રે કરૂ પુજા...

ગુરૂજીના ચરણોમાં અડસઠ વંદન
બ્રહ્મા વિષ્ણું મહેશા...સદ્ગુરુ

શરદ પૂનમની શશીવત સંપન
દેદારે દર્શન દેવા...સદ્ગુરુ

અબિલ ગુલાલ પ્રભુ મોતીને ચંદન
પ્રેમે પુજુરે ગુરૂ દેવા...સદ્ગુરુ

સરિતાને લાગી જોને સાગરથી રંગત
નામ અનામી મારે લેવા...સદ્ગુરુ

જેણે જાણી સદ્ગુરુની સંગત
દૂધ સાકરની જેવા...સદ્ગુરુ

સદ્ગુરુ દેવે સુધાર્યા અંતર
બળવંતના તમે બેલા...સદ્ગુરુ

# સત્સંગ

સત્સંગ તે બે શબ્દો સત + સંગનો બનેલો છે. સત એટલે ઈશ્વર અને તેનો સંગ એટલે સત્સંગ. સત્સંગની એક એવી વિશેષતા છે કે સત્સંગ હંમેશાં જીવનમાં પરિવર્તન લાવી શકે છે. જીવમાં શિવને મળવા માટેની વૃત્તિ તો પડેલી જ હોય છે. પણ આ વૃત્તિ કર્મે કરીને દફન થઈ ગયેલી હોય છે. આવી વૃત્તિને બહાર લાવવાનું કામ સત્સંગ કરે છે. સત્સંગ માણસને ઉર્ધ્વયાત્રા કરાવી શકે છે. માટે સત્સંગનો મહિમા જુદા જુદા સંપ્રદાયોમાં વર્ણવેલો છે.

મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા કે અન્ય ધાર્મિક સ્થાન એક મહાન્ શક્તિશાળી ધર્માત્માનું પુજાનું કે બંદગીનું સ્થાન છે. જેને આપણે પવિત્ર ધર્મક્ષેત્ર કહીએ છીએ. સંકુચિત વિચારધારાના માનવીઓ ધર્મોના વાડા ઉભા કરી માનવ જાતનું વિભાજન કર્યું છે. વેર ઝેર આંતરિક ઝઘડા પક્ષા પક્ષી અને ધર્મયુદ્ધો ઉભાં કર્યા છે. માનવીની આ મહાન મૂર્ખતા છે. કારણ કે આતંકવાદ અને કોમવાદનો જન્મ ધર્મ યુદ્ધમાંથી થાય છે. આતંક માનવીના મનમાંથી ભભૂકેલો એક જ્વાળામુખી છે. જેને શાંત પાડવા કે તેને સફળ બનાવવા માનવીનો ભોગ કે ધાર્મિક સ્થળોનો ભોગ લેવાય છે. મતભેદ અને મનભેદ વચ્ચે માનવી મુંઝાય છે.

મતભેદથી વિવાદો ઉભા થાય છે. મનભેદથી આતંકનો જન્મ થાય છે. મનને સમજવું કે સમજાવી લેવું જરૂરી છે. પેટ દુઃખે છે. ત્યારે માથાની દવા કરીએ છીએ પરિણામે ત્રીજા રોગનો જન્મ થાય છે. જગતના તમામ જીવોની દોરી જેના હાથમાં છે. તે વ્યક્તિ, ઈશ્વર, અલ્લાહ, ઈસુ હોઈ શકે આ વાત. સ્વીકારવી પડશે. નામ



જુદા હશે પરંતુ તેમનું કાર્ય તો સરખું જ હશે. તેમની ભક્તિ કરો તો તેનું ફળ ધાર્મિકતા, મોક્ષપ્રાપ્તિ, સુખશાંતિ, આધ્યાત્મિક શાંતિ સરખી જ મળશે. આટલુ જાણ્યા પછી ધર્મક્ષેત્રને કુરુક્ષેત્ર ન ગણવું જોઈએ. પરમાત્માએ ધર્મ પાલન અને ફરજ માટે જ માનવીનું સર્જન કર્યું છે. ફરજ એટલે ધર્મ તે એક બીજાના પૂરક છે. જુદાં જુદાં ધર્મ એ એક માધ્યમ છે. જેનો મૂળ હેતુ માનવતા ભાઈચારો, એકતા, નૈતિક મૂલ્યોનું જતન કરવાનો છે. ધર્મ એ માનવીની છબી દર્શાવે છે. સંસ્કારો, લક્ષણો, વિચારો વગેરેનું ઉદ્ગમ સ્થાન એ ધર્મ છે. ધર્મ જ્ઞાન સાથે સંબંધીત છે. ધર્મના જૂના સ્વરૂપો સંગ્રહસ્થાનમાં આવેલા એક કાળની વિરાટકાય પ્રાણીઓના હાડપીંજર જેવા છે. યોગ્ય ભાવભરી દ્રષ્ટિથી એમને જોવાં જોઈએ. જેમ એક સૂકો આંબો રસાળ કેરી ખાવાની માણસની લાલસાને સંતોષી ન શકે તેમ સંન્યાસી કોઈ એક અમુક ધર્મનો ન હોઈ શકે કારણ કે તેનું જીવન સ્વતંત્ર વિચારનું છે. તેનું લક્ષ્ય સર્વધર્મમાંથી સિદ્ધાંતો માન્યતાઓ કે કેવળ ધર્મમતો માટેનું નહિ પરંતુ સાક્ષાત્કાર માટેનું છે.

ભારત એ જ પ્રાચીન ભૂમિ છે. કે જ્યાં આધ્યાત્મિક જ્ઞાન છે. બીજા કોઈ પણ દેશમાં પ્રયાણ કરતાં પહેલા સ્થિર નિવાસ કરીને રહ્યું હતું. આજ આર્યવર્ત છે. કે જેની આધ્યાત્મિકતાનું પ્રતિનિધિત્વ જાણે કે સાગર ભણી ધમધસતી સરિતાઓ ભૌતિક ભૂમિકાઓ પાર કરી રહી છે. આ એ જ ભારત છે. જ્યાં પુરાતન નગાધિરાજ હિમાલય હિમના થર ઉપર થર ચડાવીને ઊંચો થતો જતો પોતાના તૃષારમંડિત શિખરો વડે ખુદ આકાશનું રહસ્ય ભેદવાનો જાણે કે પ્રયત્ન કરી રહ્યો છે. આ એજ ભારત ભૂમિ છે. જેની ધરતીને જગતમાં થઈ ગયેલા મહાનમાં મહાન ઋષિઓના પાવનકારી ચરણોનો સ્પર્શ થયેલો છે.

ભારતીય સંસ્કારમય સંસ્કૃતિનું અતિપ્રાચીન સાહિત્ય વેદ છે. વેદનો અર્થ જ્ઞાન થાય છે. વિદ્જ્ઞાને અર્થાત્ જાણવું ઉપરથી ઉતરી આવેલ છે. વેદમાં જાણવા લાયક પરમાત્મા સંબંધી વાતો હોવાથી તેનું શીર્ષક વેદ યથા યોગ્ય ગણાય આમ સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદો છો. એ બધાને વેદ અથવા વેદ સાહિત્ય તરીકે પ્રચલિત કરવામાં આવેલ છે. પ્રાચીન ઋષિજનોએ પરમાત્મા દ્વારા સ્વયં અંતરાત્માથી સાંભળેલ આ જ્ઞાન વેદ છે. તેથી વેદ શ્રુતિ તરીકે પણ પ્રચલિત છે. વેદ અપૌરષેય અને પરમાત્માનું નિઃધિસિત તરીકે પણ ઓળખાય છે. આમ ધર્મનું મૂળ વેદ ગણાય છે. તેથી મનુસ્મૃતિમાં પણ ઉલ્લેખ છે. કે "વેદો ખિલો ધર્મ મૂલમ્" વેદ સાહિત્યમાં મુખ્યત્વે પરમાત્માનું સ્વરૂપ, વર્ણન, ચિંતન અને સ્મૃતિઓ છે. પુરાણ સાહિત્યમાં ખાસ કરીને આચાર ધર્મને પ્રધાન સ્વરૂપ, સામાજિક વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, ધર્મકર્મ અને પુનઃજન્મ અંગેની માહિતી ઉપલબ્ધ થાય છે.

ધર્મના પ્રવચનોમાંથી પણ લોકો પોતાની પસંદગીની વાતો પકડી લે છે. જોઈતું હતું ને વૈદ્યે કહ્યું એક ધર્મમાં માનનાર બીજા ધર્મની નિંદા કરે એના અનુયાયીઓને નીચા ગણે પોતે જ કશુંક વિશેષ જાણે કે સમજે છે. એવી ગ્રંથી લઈને જીવે તો એ ધર્મ નથી આ જગતમાં સત્ય તરફ જતા અનેક રસ્તા છે. ધર્મ પણ અનેક રંગ અને રૂપમાં પ્રગટ થયો છે. જેને જે ગમે તે કરે જે રસ્તો પોતાને રૂચે ત્યાં જાય એમાં કોઈ પણ પ્રકારની નારાજગી કે અરૂચિને સ્થાન ન હોવું જોઈએ. એક જ પરિવારમાં પણ અલગ અલગ રસ ધરાવતા અને અલગ અલગ ધારામાં વહેતાં માણસો હોઈ શકે છે. ધર્મની છાતી અતિ વિશાળ છે. એના બાહુપાશમાં પરસ્પર વિરોધી. લાગતી ધારાઓ પણ સમાઈ શકે છે. હા જે ધર્મ એકબીજાના





ચિત્તમાં ઝેર ભરે જનૂન જગાવે સંઘર્ષ શીખવે તે ધર્મ નથી. ધર્મનું સાર સૂત્ર છે. પ્રેમ જે એક બીજાને નજીક લાવે પ્રત્યેક વ્યક્તિની અંદર વહેતી ચૈતન્યની ધારા તરફ ધ્યાન કેન્દ્રિત કરે. દિલોને જોડે મનમાં મંગળ ભાવના જગાડે ઉત્સવ અને આનંદનું વાતાવરણ પેદા કરે અને વસુધૈવ કુટુંમ્બકમની ભાવનાને અંતરના ઉંડાણ સુધી પહોંચાડે એ રીતે જીવવા પ્રેરે તે ધર્મ છે. ધર્મમાં ક્યાંય કોઈ વાડા બંધી, રાજનીતિ કે પક્ષાપક્ષી ન હોય જેમણે પણ સત્યને જાણ્યું છે. અને જે કાંઈ ધર્મમય બનીને જીવે છે તે તમામ પ્રત્યે નમસ્કારના ભાવ જગાવે તે ધર્મ છે. જગતમાં હવે આવા સાચા ધર્મની જરૂર છે. ધર્મ અને અધ્યાત્મનો આધાર ચિંતન નહિ પણ અનુભવ છે. ચિંતન ગમે તેટલું ઊંચું હોય તો પણ એ મન અંતે વિચાર દ્વારા જ થાય છે. અને જ્યાં મન અને વિચાર મોજૂદ છે ત્યાં ધર્મની ચરમ સીમા શક્ય નથી ધર્મ એ મનથી પારનું વિજ્ઞાન છે. એ જગતને જાણવું હોય તો વિચારથી પાર ચિંતન અને ઉહાપોહથી પાર જવું જોઈએ જ્યાં વિચારનો એક તરંગ પણ ઉઠતો નથી. એવી સ્થિતિને ધ્યાન અને અહંની પરિપૂર્ણ અનુપસ્થિતિને સમાધિ કહે છે. ધ્યાન એ ચિંતનનો નહિ અનુભૂતિનો વિષય છે. મનુષ્ય માત્રનો ધર્મ એક છે. તે ધર્મને સનાતન કહેવાય છે. સનાતન એટલે પરમાત્મા છે. પણ તે તન શરીર વગરનો છે. અને એવા પરમાત્માને પામવા જાણવા અનુભવવા એવો થાય છે.

સનાતન ધર્મના બે અંગો છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ અનેકવિધ સેવાના કામો કરીને જીવનને પ્રવૃત્ત બનાવો અને પછી થોડો ઘણો વિરામ આરામ ભોગવી ફરી પાછા પ્રવૃત્તિમાં આગળ વધો. આળસને પ્રવેશવા દેશો નહિ કારણ કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી આ રીતે જીવનમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંનેની જરૂરી

છે. ફળની આશા વગર કાર્ય કવું તે દરેક માનવીનું કર્તવ્ય કહી શકાય. કર્તવ્યની સાથે સાથે ઈન્દ્રિયોને ખાસ વશમાં રાખીને ઈન્દ્રિયોને નોકર સમજી તમે તેના માલિક છો જીભને બહુ લાડ લડાવશો નહીં. લૂલીને વશમાં રાખજો જીભ ભક્તિમાં ઘણી જ ઉપયોગી છે. સ્વાદના ચટકા ઓછા કરી અહર્નિશ પ્રભુનામ સ્મરણમાં જ તેને જોડી રાખજો આંખના પણ બે પ્રકાર બહારના ચર્મચક્ષુ અને અંદરના આંતરચક્ષુ જગદીશના દર્શન કરાવે.

રાષ્ટ્રનું બંધારણ કાયદા ધર્માનુકૂળ હોવું જોઈએ. અર્થ અને કામની વ્યવસ્થા ધર્મની મર્યાદાઓમાં જ થવી જોઈએ તો જ રાષ્ટ્ર બંધારણ અને સમાજ એક જ દિશામાં ગતિ કરી પ્રગતિ કરી શકે. ભ્રમર ફુલના પરાગરસને ચૂસે છે. પણ ફુલને નુકશાન ન થાય ફુલને ખબર જ ન પડે તેવી રીતે રસ મેળવે છે. અને પોતાનું અસ્તિત્ત્વ ટકાવે છે. પરંતુ જ્યાં ધર્મ અને રાષ્ટ્ર બંધારણ બંનેને મેળ જ ન હોય ત્યાં સહુ કોઈ દિગ્ભ્રાંત જ થાય દિશા શૂન્ય જ થવાય. તેવી સ્થિતિમાં આપણે છીએ દાખલા તરીકે એક ખેડૂત બહેનને પાંચ વિઘા જમીન હોય પતિ મરણ પામ્યો હોય તે પોતે જમીન ખેડી વાવેતર કરી ન શકે તેથી બીજા ખેડૂતને વાવવા આપે ભાગથી આપે તો સામેવાળો ગણોતિયો થઈ જાય છે. સરકાર કાયદા મુજબ ગણોતિયાને જમીન અપાવે છે. બહેનની જમીન છીનવાઈ જતાં તેની શું સ્થિતિ થાય તે સમજી શકાય આવા ન્યાયના ફારસો બંધારણ અને ધર્મ વચ્ચે ચાલે છે. ત્યાં સમાજ સુખી અને શાંત રહી જ ન શકે માલિક વગરના બધાં ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર થાય છે. ઝઘડા થાય છે. છેલ્લાં ૫૫ વર્ષમાં ભ્રષ્ટાચાર અને વેરઝેર વધ્યાં અને નૈતિક મુલ્યો ખલાસ થયા સેવા શબ્દથી જ ધક્કો બેસે છે. આ રીતે બધુ ખલાસ થયું મારૂ કશું નહિ અને હું રાષ્ટ્રનું સાધન મારૂ કોઈ નહીં



આવું ઘોર અંધાર, માણસોનો આત્માજ મરી ગયો. સ્વ જ મરી ગયો. સ્વ ન રહ્યો ત્યાં સર્જન કોણ કરે. પશુમાં સ્વની સ્વાતંત્રતા નથી. તે સર્જન પણ ન કરી શકે. માણસમાં જ સર્જન શક્તિ છે. રષ્ટ્રની ગુલામીમાં સર્જન કરવાની પ્રેરણા રહે જ ક્યાંથી. આવી દેશની સંસ્કૃતિનો ભોગ બનેલ માણસ મટીને વસ્તુ બન્યો અને બજારમાં પશુ અને વસ્તુની જેમ વેચાઈ રહ્યો છે. માણસની ગરિમા અને આત્મગૌરવ જણાતા નથી. સૃષ્ટિનો માલિક પ્રભુ મારી જોડે છે. અને હું પ્રભુનો જ દિકરો છું હું મફતનું લઈશ નહિ લાચાર બનીશ નહિ આવો આત્મ વિશ્વાસ માનવ માત્રમાં ઉભો થવો જોઈએ. રાષ્ટ્ર તેને જ કહેવાય કે સૃષ્ટિનું સર્જન કરનાર સૂર્ય ચંદ્રને ચલાવનાર જે શક્તિ છે. સૃષ્ટિ બનાવતાં પહેલા તેનું બંધારણ બનાવ્યું હતું. તે બંધારણ તે આપણા અપોરુષેય વેદો શાશ્વત નૈતિક મૂલ્યો તો તે મુજબના બંધારણથી રાષ્ટ્ર ચાલે તો જ માનવ માત્ર સુખી સમૃદ્ધ બની શકે આવી રીતનું પ્રભુતંત્ર રાષ્ટ્ર ભગવાનને ઘણું જ ગમશે.

વિશ્વમાં માનવી માનવી વચ્ચેની આર્થિક સામાજિક સમાનતા સિદ્ધ કરવા માટેના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોનાં પરિણામ સ્વરૂપ આજ સુધીમાં અસ્તિત્વમાં આવેલાં વાદો, વિચારો અને સિદ્ધાંતોનું ધ્યેય હાંસલ કરવામાં નિષ્ફળ ગયા છે. અનુભવીઓના અનુભવ પછી તે હકીકત સ્પષ્ટ બની ચૂકી છે. આ બધા વાદો અને વિચારો સમાનતા સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયા તેનું મૂળ કારણ એ છે કે તે બધામાં અતિ અનિવાર્ય એવું પાયાનું તત્ત્વ ભક્તિનું તત્ત્વ ખુટતુ હતુ. આજે પણ ખુટે છે. વૈયક્તિ જીવન અને સામાજિક જીવનમાં ભક્તિ દાખલ કરવાથી જ માનવી માનવી વચ્ચેની સાચી અને આંતરિક સમાનતા સિદ્ધ કરી શકાય છે.

ભક્તિ એટલે કે માળા, જપ, આરતી, પ્રસાદ, જટા, વધારવી, ટીલાં કરવાં, સંસાર છોડવો મૂંડન કરાવવું, ભગવાં પહેરવાં આવો બાહ્યચાર નહિં ભક્તિ એટલે પ્રત્યેક બાબતમાં અને જીવનની પ્રત્યેક સ્થિતિ પરિસ્થિતિમાં પ્રભુનો હાથ જોવો અને જીવનની ગમે તેવી પણ સાનુકૂળ પ્રતિકૂળ સ્થિતિમાં પ્રભુથી અળગા ન થવાની વૃત્તિ કેળવવી તે જે પ્રભુથી વિભક્ત ન બને તે ભક્ત છે. ભક્તિ એ કૃતિ નથી. પ્રભુમય જીવન જીવવાની એક વિશિષ્ટવૃત્તિ છે. સમજણ છે. જે પ્રભુ મારૂ લોહી બનાવે છે. તે જ પ્રભુ સામાવાળાનું પણ લોહી બનાવે છે. એવી સમજણ ઉભી થાય છે. અને માનવી માનવી વચ્ચે લોહીના સંબંધથી પણ વધુ ગાઢ એવો લોહી બનાવનારાનો સંબંધ નિર્માણ થાય છે. એખ વખત ભક્તિની બેઠક ઉપર આ પ્રકારની આંતરિક સમાનતા સિદ્ધ થયા પછી બાહ્ય સ્વરૂપની આર્થિક સામાજિક સમાનતાસિદ્ધ કરવાનું કામ બહુ સહેલું છે. ભક્તિની દ્રષ્ટિ પ્રાપ્ત કર્યા પછી શ્રીમંત વ્યક્તિ બરાબર સમજે છે. કે તેને જે કાંઈ સંપત્તિ પ્રાપ્ત થઈ છે તેમાં તેનો પોતાનો પુરુષાર્થ, સાહસ અને બુદ્ધિ ઉપરાંત પ્રભુની કૃપા પણ એટલી જ હિસ્સેદાર છે. પોતાની કમાણીમાં પ્રભુ પણ અદ્રષ્ટ ભાગીદાર છે. તેથી તેની આ કમાણીમાંથી ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો માનવીનો આ અનિવાર્ય ધર્મ છે. જે માનવી પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું ચૂકી જાય છે. તેની અને પશુની વચ્ચે કોઈ તફાવત રહેતો નથી. જેમ કે એક કિલો પેંડા ભગવાનને ચરણે ધર્યા પછી બાકીના પેંડા પ્રસાદ બની જાય છે. તેમ કમાણીમાંથી થોડોક ભાગ ભગવાનને ચરણે ધર્યા પછી બાકીની કમાણી પ્રસાદી બની જાય છે. અને એ કમાણીનો ઉપભોગ પ્રભુના પ્સાદ તરીકે કરવાથી જીવનમાં એક વિશિષ્ટ સુગંધ આવે છે. આજનો પ્રત્યેક માનવી શાંતિ માટે વલખા



મારે છે. સંપત્તિથી ભૌતિક સુખના સાધનો મેળવી શકાય છે. પરંતુ શાંતિ મેળવી શકતા નથી. જીવનની શાંતિ ભક્તિની દ્રષ્ટિથી જ પ્રાપ્ત થાય છે. અને ભક્તિની દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે સ્વ અધ્યાય જરૂરી છે. હુ કોણ છું ક્યાંથી આવ્યો છું. મારું અસ્તિત્વ શું છે. મારૂ સ્વરૂપ શું છે. ક્યાં જવાનો છું તેથી જ આપણા ઋષિઓ એ આદેશ આપ્યો છે કે “સ્વાધ્યાયન્યા પ્રમદઃ” સ્વ અધ્યાય કરવામાં કદી આળસ કરવી નહિ આમ કરવા માટે કોઈ કાયદા કાનુન કે સત્તાના કોઈ નિયંત્રણની આવશ્યકતા રહેતી નથી. કેવળ ભક્તિની બેઠક ઉપર જ આ શક્ય બને છે. આવા પ્રયોગો આગળ ધપાવવાથી સમગ્ર દેશમાં અને તેથીયે આગળ સમગ્ર વિશ્વમાં નૂતન સમાજનું નિર્માણ શક્ય બનાવી શકાય છે.

ભારતીય સંસ્કૃતિ એટલે આપણા વેદો, ઉપનિષદો, પુરાણો, ગ્રંથો...જેમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાજીનું એક વિશિષ્ટ અને અદ્વિતીય સ્થાન છે. કે જે અન્યત્ર છે. એ સઘળુ ગીતાજીમાં છે. અને જે ગીતાજીમાં નથી તે ક્યાંય નથી. જ્યારે જ્યારે ગીતાનું અધ્યયન થયું છે. ત્યારે ત્યારે તેમાંથી વધુને વધુ જાણવા મળ્યું છે. પુજ્ય ગાંધીજીએ પણ ગીતાની હિમાયત કરી હતી. અને વિશ્વના અનેક મહાપુરુષોએ પણ ગીતાનું મહત્ત્વ સ્વીકાર્યું છે. ગીતાના પ્રથમ અધ્યાયના પ્રથમ શ્લોકની શરૂઆત જ બહુ સૂચિતાર્થ છે. જેના તરફ ભાગ્યે જ કોઈ વિદ્વાનનું ધ્યાન નહિ ગયું હોય પ્રથમ શબ્દ છે. ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રને ધર્મક્ષેત્ર કહેવા પાછળ ધૃતરાષ્ટ્રનો આશય શું હોઈ શકે? ગમે તે હોય...પણ રચયિતાની દૂરદર્શી અહીં જણાઈ આવે છે. પ્રથમ શબ્દ ધર્મક્ષેત્ર મૂકિને રચયિતા અંત તરફનો સાહજિક નિર્દેશ કરી દે છે. કે અંતમાં વિજયતો ધર્મનો સત્યનો જ થશે. કારણ કે કુરુક્ષેત્રની આ રણભૂમિ ધર્મનું જ ક્ષેત્ર છે. અને ધર્મક્ષેત્ર

ઉપર ક્યારેય અધર્મનો વિજય થઈ જ ન શકે. રામાયણ ગ્રંથમાં રામને ધર્મમૂર્તિ કહ્યા છે. કારણ કે રામ કહે છે કે સીતા તારો અથવા લક્ષ્મણનો વિયોગ હું સહન કરીશ પણ ધર્મના પરિપાલનની કરેલી પ્રતિજ્ઞા હું કદી પણ તોડીશ નહીં. ભયથી ભાગી ગયેલો અને એકાંત વાસમાં રહેલો મારીચ રામનું વર્ણન કરતી વખતે કહે છે. પૃથ્વીપર અવતાર ગ્રહણ કરેલ ધર્મ એટલે રામ અધર્મ અત્યાચાર તથા પાપની સામે રામે ધનુષ્ય ઉચક્યું હતું. દંડકારણ્યમાં જ્યારે વિશ્વામિત્રે રાક્ષસોએ કચડજી નાખેલી આર્ય સંસ્કૃતિ બતાવી ત્યારે રામે ત્યાં જ સમજી વિચારીને પ્રતિજ્ઞા કરી હતી કે રાક્ષસ સંસ્કૃતિનો વિનાશ કરી આર્ય સંસ્કૃતિની સ્થાપના કરવી તેથી રાક્ષસ સંસ્કૃતિ સામે રામે શસ્ત્ર ઉપાડેલ છે. રામ ધર્મમુર્તિ અને સાધુ પુરુષ હતા તેથી તેમને કોઈ વ્યક્તિ સાથે વેર ન હતું. રાવણના મૃત્યુ પછી વિભીષણ રાવણનો અગ્નિ સંસ્કાર કરવાની ના પાડે છે. ત્યારે રામ કહે છે. રાવણ જીવતો હતો ત્યાં સુધી પશુતા તેનામા હતી પણ મૃત્યુ પછી વેર ન હોય તું વિધિ પૂર્વક અગ્નિ સંસ્કાર નહિ કરે તો હું કરીશ. કૈકયીને લીધે વનવાસ મળેલો છતાં ચિત્રકૂટ ઉપર ભરતને કહે છે કે કૈકયી જોડે પ્રેમાળ વર્તન રાખીશ એવા સોગન ખા અને પછી અયોધ્યામાં જા કિસકિંધા અને લંકારા રાજ્યો સ્વ પરાક્રમી મળ્યાં છે. પણ તે રાજ્યો સુગ્રીવ અને વિભીષણને આપી દે છે. ખંડિયા રાજા પણ નથી બનાવતા તેઓને સ્વતંત્ર રાખીને ઉત્કૃષ્ટ રીતે રાજ્ય કેમ ચલાવવું તેનો ઉપદેશ આપે છે. શોષણનો પ્રશ્ન તેમના જેવા ધર્મમૂર્તિના નિયંત્રમાં ઉદ્ભવે જ નહીં.

વેદોના ઉપદેશનો સારાંશ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા જેઓ ગીતા સમજ્યા છે. તેઓ વેદોના સારંશને સમજ્યા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાએ સનાતન એવો શ્રેષ્ઠ ગ્રંથ છે. ગીતાનો




ઉપદેશ અર્જુનની પીછે હઠથી શરૂ થાય છે. અને વિજયમાં સમાપ્ત થાય છે. ગીતા જીવનનું પુસ્તક છે. જીવનના નાચતા કુદતા ઉછળતા તરવરિયાં જુવાનિયાઓ માટે છે. ગૃહસ્થીઓ માટે છે સંસારીઓ માટે છે. ગીતાનું અમૃત પીવા પામશે તો એમના રંગોમાં એક અદમ્ય શક્તિ ઉછલવા લાગશે. તેમની જીંદગીનું પરિવર્તન થઈ જશે જે ભગવદ્ ગીતાના શરણે જાય છે. અને સદ્ગુરુનું શરણું સ્વીકારે છે. તેનું માર્ગ દર્શન સ્વયં પરમાત્મા જ કરે છે. ગીતામાં પ્રત્યેક અધ્યાયમાં એક યા અન્ય રીતે જીવનના સનાતન મૂલ્યોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. અને તેમને આત્મસાત કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તેમાં સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, મૈત્રી, મુદિતા, નમ્રતા, સરળતા, દિવ્યતા, નિર્મળતા વગેરે અનેક ગુણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતની સંસ્કૃતિમાં સંતોની પવિત્રતા ગણાય છે. ગંગાની માફક તેમનું જીવન પુનિત અને ધન્ય છે. પ્રાચીન યુગમાં ઋષિ મુનિઓના આશ્રમમાં ભગવાન રામ અને કૃષ્ણે આવા સંતોની પાસે વિદ્યા અને શાસ્ત્રના ઉપદેશ મેળવ્યાં હતા. આમ સંત સદાય હિતકારી રહ્યા છે. શાસ્ત્રમાં ગુરુ અને માતા પિતાને દેવ માન્યા છે. આમ સંત શિવાલય છે. તો માતા પિતા દેવાલય છે. જે શિવ છે. અને જે દેવ જેવા છે. તેમની સેવા કરવી તે માનવ ધર્મ શ્રેષ્ઠ ગણાય છે. માતા પિતા અને ગુરૂના આપેલા આશીર્વાદ અથવા શ્રાપ નિષ્ફળ જતા નથી. ભાગ્યના પ્રતાપે દુર્લભ એવું આ કમોસમી ફુલ મને ને તમને પ્રાપ્ત થયું છે. દેવતાઓને પણ આવુ માનવ તન દુર્લભ છે. એમ સદ્ગ્રંથો ગાય છે. સંતો ગાય છે. સતસંગમાં આવુ વારંવાર કહેવાય છે. આ માનવ દેહની વિશેષતા શું? માનવ શરીરમાં તમામ સાધન થઈ શકે છે. જપ, તપ, યમ, નિયમ, યજ્ઞ, સ્વાધ્યાય વેદોએ જ્યાં સુધી સાધનોનું લીસ્ટ આપ્યું

એ બધાં સાધનો માનવશરીરમાં થઈ શકે છે. ચોર્યાસીલાખ યોનીમાં ભટક્યા પછી જીવ માનવશરીર પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે. અને આ માનવ શરીરની પ્રાપ્તિ કર્યા પછીય બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ કરવામાં સફળતા મેળવે છે. આ શરીરનું મહત્વ ફક્ત આત્માને લીધે જ છે. એ આત્મા આ શરીરની અંદર પગના નખથી માંડીને માથા સુધી વ્યાપક છે. તેવી જ રીતે આખુ બ્રહ્માંડ પણ ઈશ્વરની સત્તાથી વ્યાપક કાર્યશીલ છે. આ પરમાત્માનો આકાર ન હોવાથી તે નિરાકાર છે. નાશ ના થતો હોવાથી તે અવિનાશી છે. આંખોથી જોઈ ન શકાય તેથી નિરંજન છે. અને સાંસારિક ક્રિયાઓમાં લુપ્ત ન થવાથી તે નિષેધ જેવા નામોથી યાદ કરવામાં આવે છે. મનુષ્ય પોતાના અસલી સ્વરૂપથી અભિજ્ઞ તથા અજાણ રહેવાને કારણે શરીર સંબંધી અનેક પ્રકારની બનાવટ રૂપ, રંગ, ભાષ, લિંગ જાતિ વગેરે વિભન્ન પ્રકારના ભાવમાં પડી ઈર્ષા તેમજ ધૃણારૂપ અગ્નિમાં નિરંતર બળીને સદાને માટે દુઃખો સહન કરવાને માટે વિવશ થઈ જાય છે. અને ચોર્યાશી લાખ યોનિઓનો ઉપભોક્તા બને છે. મનુષ્ય પોત પોતાની વાસનાઓ કામનાઓ અને રુચિ અનુસાર જ જુદી જુદી યોનિઓમાં ભટકવાને લાચાર થઈ જાય છે. પરંતુ મનુષ્ય ભૌતિક માયાવી બંધનોને તોડી પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા જીવનપર્યની બ્રહ્મ ભાવનામાંજ લીન રહે તો તે અવશ્ય શરીરોત્સર્ગ પછી હંમેશાં માટે બ્રહ્મરૂપ થઈ જશે અને ત્યારબાદ ચોર્યાસી લાખ યોનિઓના દુઃખથી હંમેશા માટે મુક્ત થઈ જશે. માટે આ અવતારમાં પોતાના પરમપિતા પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. કારણ કે આ મનુષ્ય યોનિમાંજ પોતાનું નિજરૂપ, સચ્ચિદાનંદ, પરમાત્માને જાણવામાં સમર્થ છે. જ્યારે પશુ પક્ષી કિટ ભમર જેવી અનેક યોનિયો પરમાત્માને જાણવામાં અ સમર્થ છે.



માનવ શરીર આટલું મોટુ ધામ સંતોએ એને બંગલો કહ્યો છે. ભાગવતજીમાં પુર નગર પુંજન નગરી કહે છે. નવદ્વારના દેહવાળી નગરી છે. તુલસીદાસજી કહે છે. આ ધામમાં તમામ સાધનો નિવાસ કરે છે. પણ જો દરવાજો ના હોય તો બંધન બને. મનુષ્ય શરીર સાધનોનું ધામ છે. સાધનાની આ નગરીનું ધામ સાધન ધામ રાખ્યું છે. એનો એક મોટો દરવાજો છે. મોક્ષદ્વાર આમાંથી મુક્તિ મેળવી શકાય એવો આ માનવદેહ જે સાધન ધામ છે. કેટલાક લોકો જપ, તપ, નિયમ, વ્રત, યજ્ઞ, તિર્થસ્નાન વગેરે કર્મકાંડ દ્વારા આત્મશુદ્ધિ કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે એમની ભુલ છે. પ્રભુની પ્રાપ્તિ કેવી રીતે થાય? પ્રભુને જાણવા હોય તો કેવી રીતે જાણવા અને આપણે બ્રહ્મરૂપ થઈ એ તો કેવી રીતે થઈએ તો કોઈ બ્રહ્મજ્ઞાની સંત તેમજ કોઈ મહાન આત્માની જેણે સ્વયં પરમાત્માની પ્રાપ્તિ કરી લીધી હોય તેનું શરણું લેવું પડશે.

સારાય ભારતમાં શ્રી ગંગાસતીનાં દિવ્ય અને જ્ઞાન બોધક ભજનોનો ખ્યાલ છે. અર્થાત્ માત્રથી જેના ભજનો સાંભળવાથી શરીરના રોમ ઉભા થઈ જાય છે. તેવી બ્રહ્મવાદિની ગંગાસતીના બ્રહ્મજ્ઞાનમાં આધગુરુ શંકરાચાર્ય જેટલી વિશિષ્ટતા છે. શાસ્ત્રમાં કાળની વ્યાખ્યા કરતાં કહ્યું છે. કે ક્ષણ માત્રની પણ રાહ જોતો નથી તેને કાળ કહેવાય છે. આવી એક જ પળમાં ભગવાનને જોઈ લેવાની વાત કરે છે. વીજળીનો ચમકારો જેમ ક્ષણ માત્ર જ જોઈ શકાય છે. આવી ક્ષણની અવસ્થામાં મોતીને પરોવવાની વાત પાનબાઈને માધ્યમમાં રાખીને માનવજાતને જાગૃત કરવાની ગૂઢતા છે. જ્ઞાન પણ જો એક ક્ષણ માટે હૃદયસ્થ થઈને ભગવાનની સાથે અનુસંધાન થાય તો પુનઃજન્મ મરણના ફેરા મટી જાય છે. કારણ કે જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી દે છે. શરીરમાં જે સ્થૂલ

આત્મા છે. તે વિશ્વાત્મા સાથે જોડાઇ જાય તો માણસને ફરી પંચ મહાભૂતના શરીરમાં આવવું પડતું નથી. મનુષ્ય જન્મ ઘણા જન્મના અંતે અને પુણ્યના ફળ સ્વરૂપ ઉત્તમ કોટિમાં મળે છે. તેમાં ઋતંભરા પ્રજ્ઞા જાગૃત થાય તેવા પ્રયત્નો જીવનના સારાસારનો બોધ સદ્ગુરુ કરાવે છે. સદ્ગુરુનું મિલન એ પણ વીજળીના ચમકારરૂપ છે. ગુરુજીનો સંપર્ક અને શરણ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. પરંતુ તન, મન, ધન અને ચોથુ શિશ સાચા ભાવથી સમર્પણ કરવું પડે તેમાં થોડો પણ અહંકાર ચાલે નહિ જેમ બલિરાજાએ વામન ભગવાનને સાડાત્રણ ડગલાં ભરવાનો સંકલ્પ કર્યો. તેમ સાચા ભાવથી સમર્પણ હોવું જોઈએ. સંસારચક્રના આવા ગમનમાં મુક્તિ મેળવવા માટે સંત મહાત્માઓ ઋષિમુનિઓ કથાકારો કિર્તનકારો કોઈ પણ જાતના ફળની આશા રાખ્યા વગર કાર્ય કવાની શીખામણ બોધ આપે છે. ગીતાજીમાં કૃષ્ણ કહે છે. હે અર્જુન તુ જે કરે છે. જે ખાય છે. જે હોમે છે. તે દાન કરે છે. તે તપ કરે છે. તે મને અર્પણ કર મારા નિમિત્તે કર પતંજલિ મહર્ષિ કહે છે. સર્વ પ્રવૃત્તિઓનાં ફળ ઈશ્વરને સમર્પણ કરવાથી યોગ સાધના સાધી શકાય છે. યોગ એટલે ઈશ્વરનું મિલન સ્વામી રામદાસ કહે છે. ચારો લઈને દોડી જતા હરણને સુખ લાગે છે. પરંતુ પાછળ છોડેલા પારધીના બાણથી તે વિંધાઈને મરી જાય છે. વિષય સુખોની મીઠાશ પણ એવી છે. પ્રથમ સુખનો આભાસ જણાય પરિણામ નઠારુ, આવે છે. અહંકાર આત્મ સમર્પણમાં અવરોધક છે. અહંકારમાં કામના સ્વાર્થ રાગદ્વેષ દેહાભિમાન વગેરે રહેલા છે. માટે સર્વે પ્રકારે અહંકારનો ત્યાગ કરી દેવો જોઈએ. વાણી વિવેક વર્તનથી તેમજ હૃદયના શુદ્ધ ભાવથી ભગવાનની આરાધના પ્રાર્થના ઉપાસના કિર્તન જપ તપ કરવાથી પ્રેમભક્તિ પ્રાપ્ત થાય છે. મીરાંબાઈ કહે છે. પાયોજી મેને રામ



રતન ધન પાયો. મારૂ મન હૃદય આત્મા મારું સર્વસ્વ ગિરધર ગોપાલને અર્પણ કર્યાં છે. આનુ નામ તે પુર્ણ સમર્પણ સુરદાસજી રસ્તા પર પસાર થતા હતા ત્યાં એક ઉંડો ખાડો હતો તે સમયે સુરદાસજીના મનમાં ભગવાનની ભક્તિજાગી તે ગાવા લાગ્યા નૈના હિતકો રાહ દીખા પ્રભુ પગ પગ ઠોકર, ખાઉં મેં ત્યારે શ્રી બાલકૃષ્ણે તેમનો હાથ પકડી લીધો અને સુરદાસને ઉંડા ખાડામાંથી પડતા બચાવ્યા આનુ નામ તે પૂર્ણ સમર્પણ ગીતાજીમાં કૃષ્ણ કહે છે કે જે મારો ભક્ત સ્પૃહા વિનાનો પવિત્ર દક્ષા યથાપાન રહિત વ્યથાથી મુક્ત. સર્વ આરંભને ત્યજનારો તે મને પ્રિય છે. પોતામાં પોતાપણું અહંભાવ ન રહે એ જ નિઃસંગનું લક્ષણ છે. ધર્મામૃતને આચરનારા ભક્તો ભગવાનને વધારે પ્રિય છે. રામ કૃષ્ણ પરમહંસ કહે છે. ગીતાનો ઉપદેશ એ છે કે હે જીવ સર્વસ્વનો ત્યાગ કરીને ભગવાનની પ્રાપ્તિ કરવાનો યત્ન કરતું ગૃહસ્થી હોય કે સંસારી હોય પણ મનથી તમામ પ્રકારની આશક્તિનો ત્યાગ કર.

વિશ્વપિતા પરમાત્માએ મનુષ્ય શરીરની રચના કરી જેમ સમગ્ર વિશ્વના રહસ્યોનો સમાવેશ કરી દીધો છે. માનવ શરીરનું સહસ્ય એટલુ અગાધ છે. એટલુ વિલક્ષણ છે. કે જેને પામવા માટે યુગોથી પ્રયાસો થતા આવ્યા છે. અને થઈ રહ્યા છે. કેટલાયે નવનીતમ આવિષ્કારો પ્રાપ્ત કરનારા વિચક્ષણ પુરુષોની મતિ પણ જ્યાં મુંઝાઈ જાય છે. મન વાણી પણ જ્યાં જઈને અટકે છે. એવા પરત્પર રહસ્યના રહસ્યને પામવા માટેનું એક માત્ર સાધન માનવ શરીર છે. એટલુ નહિ માનવશરીર પરમાત્માનું સર્વોત્કૃષ્ટ સર્જન છે. જેમાં બાહ્ય વિશ્વની તમામ બાબતોના રહસ્ય પૂર્ણ અંશો સમાયેલા છે. અધ્યાત્મ પરિભાષામાં અનેક પ્રકારના રત્નો સમા જ્ઞાનનો ખજાનો કોઈ માનવશરીરને વસુધાન કોષ પણ

કહેવામાં આવે છે. મનુષ્યના જન્મ સમયમાં જ દેહની સાથે જ વિશ્વના સર્જકે તેમાં પ્રવેશ કરીને એક એવો આશ્ચર્યજનક કૌશલપૂર્ણ ઉપાય અને સાધન કહો તો સાધન તેની એવી રચના કરી છે. કે જેને જાણી લેવાથી સાંસારિક વૈષયિક કે પરમાર્થિક કોઈ પણ કામમાં અસફળતા અને દુઃખ પ્રાપ્ત થતાં નથી. આપણે આ અપૂર્વ કૌશલ ને જાણતા ન હોવાથી કાર્યમાં અસફળતા, આશાભંગ, મનસ્તાપ અને રોગનો ભોગ બનીએ છીએ. શ્રીમદ્ ભગવદ્ ગીતા નિશ્ચયપૂર્વક ઘોષણા કરે છે. કે જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે. જન્મ લીધો એટલે મૃત્યુ અવશ્ય થવાનું છે. એ જ વાત ભગવાન શંકરાચાર્ય જણાવે છે. કે આ મર્ત્ય જગતમાં કોઈ અમરત્વ લાભ પ્રાપ્ત કરી શક્યું નથી. ફક્ત શાસ્ત્રોમાં પ્રમાણ જાણવા માટે છે. અશ્વત્થામા, બલિરાજા, હનુમાનજી, વિભીષણ, કૃપાચાર્ય, પરશુરામ અને વેદ વ્યાસ આ સાત વ્યક્તિ ચિરંજીવ છે. આ ઉપરાંત યોગ વસિષ્ઠ મહારામાયણકાંડમાં કાકભૂશુંડીજી તથા નવ નાથ યોગીઓ ચિરંજીવ હોવાનું કહેવાય છે. પરંતુ હાલમાં તેઓ જગત લોકને માટે પ્રત્યક્ષ નથી.

જન્મ ધારણ કર્યો એટલે બીજુ ગમે તેમ હોય પરંતુ આજે નહિ તો કાલે અને કાલે નહિ તો દશ પંદર પચાસ કે સો ગમે તેટલા વર્ષ બાદ એક દિવસ અવશ્ય મૃત્યુ ભેટ્યા વિના રહેવાનું નથી. મૃત્યુ અવશ્ય થશે અને યમરાજના સદનમાં નિવાસ કરવાનો છે. એ નક્કી હકીકત છે. મૃત્યુ એક નિત્ય પ્રત્યક્ષ સત્ય છે. પોતાની પ્રાણપ્યારી પત્ની, પ્રાણાધાર પુત્ર, પુત્રી, ધન, વૈભવ, પૂર્ણસંસાર અને વિસ્તૃત કુટુંબ પરિવાર અને સગાં સંબંધીઓને છોડી એક દિવસ જરૂર જવાનું છે. પરંતુ સંસારના ચક્કરમાં પડેલો માયાની જાળમાં ફસાયેલો ને વિવિધ પ્રકારની વિલાસ વાસનામાં લિપ્ત બનેલો માનવ




આ મર્ત્ય જગતમાં પોતાને અમર સમજીને સ્વાર્થ સાધવામાં પ્રવૃત રહે છે. તેણે સમજી લેવું જોઈએ કે મોત રૂપી અજગર પોતાનું ભયંકર મુખ ફેલાવીને સદાને માટે તૈયાર જ છે. ક્યારે તે કાળનો કોળિયો બની જશે તે કહી શકાય નહીં. પત્ની અને પુત્ર પુત્રીને ધન વૈભવ વ્યસન વિલાસ સર્વે છોડીને એક દિવસ ખાલી હથે નિરાધાર અવસ્થામાં એકલા જરૂર જવાનું છે. સંત કવિ ધિરા ભગતના શબ્દો યાદ રાખવા જોઈએ.

''કઠણ ચોટ છે, કાળની રે મરણ મોટેરો માર
કંઇ રાજાને કંઇ રાજીયા
હે છોડી હાલ્યા ઘરબાર હેતે હરિનો રસ પીજીયે''

મહા મહેનતે સ્થાપેલા મૂલ્યો ક્યારેક ક્ષીણ થઈ જાય છે. ધર્મ બુદ્ધિવાળા માણસો પણ કોઈવાર હિંમત હારી બેસે છે. સારી નિષ્ઠા ધરાવનાર આસ્તિક માણસો ભારે મુસીબતમાં આવી પડે છે. આસ્તિક માણસ ક્યારેક નાસ્તિક બની જાય છે. જાડો ને તગડો માણસ એકદમ્ સૂકાઈ જાય છે. અને સૂક લકડી માણસ વિના કારણે એકદમ પુષ્ટ બનતો જાય છે. ત્યારે જોનારા લોકો મુંઝાઈને એક બીજાને પૂછે છે. આનું કારણ શું હશે? આવું બન્યું કેમ? એના જવાબમાં ધૃતરાષ્ટ્ર કહે છે. કે દંડ ઉગામીને કાળ કોઈનું માથું ભાંગતો નથી. એના પ્રભાવથી બુદ્ધિ ફરી જાય છે. એવું કાળનું બળ છે. વિનાશ કાળે અનર્થો અર્થરૂપ અને અર્થો અનર્થરૂપ લાગે છે. એને દેવ પણ કહેવાય છે. દેવ એટલે ભાગ્ય ફળ આપવા તૈયાર થાય છે. અર્થાત્ દેવ જ્યારે કાળ સાથે યુક્ત થઈને ફળ દેવા તૈયાર થાય છે. અર્થાત્ દેવ જ્યારે કાળ સાથે યુક્ત થઈને ફળ દેવા તૈયાર થાય છે. ત્યારે વિદ્યાનુ ફળ અને પુરુષાર્થના હાથ હેઠા પડે છે. કાળ એનુ કામ કરી જાય છે. આ

કાળ અજેય છે. કોઇ પણ વૈજ્ઞાનિક સંહારકારી સાધનોથી તે પરાસ્ત થઇ શકતો નથી. આ કાળ અતિ બળવાન, અજેય, અત્યંત પરાક્રમી તથા ઘોર કઠોર છે. તે કોઇનું સાંભળતો નથી. એની પાચનશક્તિ એટલી બધી જોરદાર છે. અનંત છે. કે અનંત કાળથી તે અનંત વિશ્વને ખાઇ રહ્યો છે. પચાવી રહ્યો છે. તેને ક્યારે અજીર્ણ અપચો થયો નથી. અનંત કાળથી અવિરત ઘૂમી રહ્યો છે. છતાં તેને જરાપણ થાક લાગ્યો નથી. એની સ્વયંભૂગતિ ક્યારેય રોકી શકાતી નથી. જો સમયને આ રીતે અનરવત પરિવર્તન શીલ બનાવ્યો ન હોત તો આ વિશ્વ જ્યાંનું ત્યાં જેમનું તેમ સ્થિર થઇ ગયુ હોત. પાષાણની પ્રતિમાની માફક ન હસવાનું ન બોલવાનું ન રડવાનું ન ચાલવાનું ન આવવાનું. બધું જ બંધ ઘડિયાળનો કાંટો પણ કામ કરતો ન હોત જો આ પ્રમાણે વિશ્વની સ્થિતિ થઇ જાય તો જન્મવું, મરવું, વધવું, ક્ષીણ થવું વગેરે તમામ ક્રિયાઓ બંધ થઇ જાત પરંતુ આમ ન બને તે માટે અખિલ વિશ્વનાયક પરમાત્માએ પોતાની કાર્ય કુશળતા અને બુદ્ધિ ચાતુરીથી કાળનું સર્જન કર્યું છે. કાળની ગતિ એ ઇશ્વરની આશ્ચર્યમય લીલા છે.

માનવ શરીર પંચભૂતાત્મક પરમાણુઓનું બનેલું છે. અને તે પરમાણુઓ સતત ગતિમાં હોય છે. જ્યાં જ્યાં પરમાણુ ત્યાં ત્યાં પરિણામ એટલે માપ અને જ્યાં જ્યાં માપ ત્યાં ત્યાં કાળ પરમાણુની ગતિ અને કાળની ગતિ સાથો સાથ હોય છે. પરમાણુઓની સુક્ષ્મગતિને મન પણ કહે છે. જેનુ મન સ્થિર થાય તેનો કાળ પણ સ્થિર થાય છે. ભૂત વર્તમાન અને ભાવિ પ્રત્યક્ષ બને છે. ભાવિ એ કાળનો ખેલ છે. કાળ એ મનનો ખેલ છે. મન એ આત્માનો ખેલ છે. બહાર અને અંદર આ કાળ આપણને પંચતત્ત્વના રૂપમાં એકથી


બીજામાં ઘૂમાવી રહ્યો છે. આપણા નિત્ય નૈમિતીક બધા કાર્યો લાભ હાનિ જય પરાજય, શુભ અશુભ અને જન્મ મરણ તમામ કાર્યોમાં કાળ નિશ્ચિત કારણ બની રહ્યો છે.

માણસ જન્મે છે. તેજ પળથી અથવા કહોતો માતાના ઉદરમાં બીજ રૂપે સ્થિત થાય તે જ પળથી જીવન અને મૃત્યુ બંને વચ્ચે તેનો કબ્જો લેવા દ્વંદ્વ યુદ્ધ શરૂ થાય છે. આ યુદ્ધમાં શારીરિક દૃષ્ટિએ વિચારતાં અંતે મૃત્યુનો જ વિજય થાય છે. જીવનમાં જે કંઇ થાય છે. તે સંસારમાં પ્રત્યક્ષ છે. તેની આલોચના પ્રત્યાલોચના અને સમાલોચના બધી રીતે કરવી શક્ય છે. દૃશ્ય જગતનું જ્ઞાન પ્રાપ્ત કરવું સુલભ છે. પરંતુ મૃત્યુ પછી શું થાય છે. એ બધુ જ રહસ્યમય બાબત છે.

ગીતાજીમાં ભગવાન શ્રી કૃષ્ણે પુનઃજન્મ ઉપર ઘણુ વિસ્તારથી કહ્યું છે. ભગવાનના કથનથી પુનઃજન્મ થવો નિર્વિવાદ સિદ્ધ હકીકત છે. આ બાબતને પુરાણાદિ ધર્મ શાસ્ત્રોના પ્રમાણોનું પણ સમર્થન મળે છે. કિંતુ એવી કેટલીક અવસ્થાઓ અવશ્ય હોય છે કે જે અવસ્થા પ્રાપ્ત થતાં મનુષ્યનો પુનઃજન્મ થતો નથી કે સંભવતો નથી. પુરાણોમાં ચોર્યાશીલાખ યોનિઓનું વર્ણન વિવિધ સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તેમાં સ્વેદજ, અંડજ, જરાયુજ, ઉદ્ભીજ જેવી યોનિઓનો સમાવેશ થાય છે. તેમાં સોળ લાખ સત્વગુણી બત્રીસલાખ રજોગુણી, છત્રીસલાખ તમોગુણી એ પ્રમાણે વિભાજન કર્યું છે. ગીતાજીમાં શરીર નવદ્વારવાળુ છે. એમ કહ્યું છે. બે આંખના બે કાનના બે નાસિકાના મુખ, ગુદા અને લિંગદ્વાર આ નવ દ્વાર છે.

"જાન બુઝ જડ હો રહે બળ તજ નિર્બળ હોય,
કહંહિ કબીર તા દાસકા પલ્લાન પકડે કોય
જે માનવ આવુ અમૂલ્ય રતન પ્રાપ્ત કરી સાંસારીક"

પ્રલોભનોમાં પડી પોતાના જીવનને બદબાદ કરે છે. વેડફી નાંખે છે. તે સર્વદા લક્ષચોર્યાશીયોનિમાં ગોથા માર્યા કરે છે. આ બધુ જાણ્યા છતાં જડની માફક વર્તે છે. બળ અને શક્તિ હોવા છતાં બળનો ત્યાગ કરી નિર્બળ બને છે. તેવા પોતાની મેળે ગુલામ બનેલા માનવને બચાવનાર કોઇ નથી માટે વિવેકી નર નારીએ સદ્ગુરુનું શરણ સ્વીકારી શાશ્વત શાંતિ તથા પરમધ્યેય પ્રાપ્ત કરવા માટે ધર્મમય સત્યકર્મ કરવા જોઇએ ત્રણ પ્રકારના કર્મ છે. (૧)સંચિત કર્મ, (૨)ક્રિયામણ કર્મ, (૩)પ્રારબ્ધ કર્મ, જીવે અનેક જન્મોમાં કરેલા કરોડો કર્મો એકઠા થાય છે. તે અજ્ઞાન યુક્ત સુક્ષ્મશરીરમાં રહે છે. તે સંચિત કર્મ છે. ચાલુ દેહે કરી જે કર્મો થાય છે. તે ક્રિયામણ કર્મ છે. પૂર્વેના સંચિત કર્મોમાંથી ફળ આપવા પ્રવૃત્ત થયેલાં જે કર્મો ને લીધે આ દેહ ઉત્પન્ન થયો છે. તે પ્રારબ્ધ કર્મ છે.

આમ ચાલુ દેહ જેવું કર્મ કરે તેવી વાસના અને જ્યારે જીવ દેહને છોડીને જાય છે. ત્યારે કર્મને આધારે વાસના બીજો દેહ ઉભો કરે છે. અને તેની વાસના તૃપ્ત કરે છે. પ્રારબ્ધ કર્મ ભોગવવાથી જ છુટે છે. પ્રારબ્ધ છુટતાં દેહ પણ છુટી જાય છે. પણ સચિત અને ક્રિયામણ કર્મ જ્ઞાનાગ્નિથી બળી જાય છે.

ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે કે હે મનુષ્ય સ્વભાવથી થયેલા પોતાના પ્રારબ્ધ કર્મથી બંધાયેલો તુ જે કરવાને ઇચ્છતો નથી તે પણ મોહને લીધે પરવશ થઈને કરીશ જ આ સંસાર દુસ્તર





એટલે તરવો મહા કઠણ છે. અને તે મોટા સમુદ્ર જેવો છે. તેમાં સ્ત્રી પુત્રાદિક મોહ રૂપી ભમરીઓ છે. ક્ષુધા, તૃર્ષા, હર્ષ, શોકાદિકરૂપી તરંગ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર રૂપી મગર મચ્છ છે. અધ્યાત્મ, અધિભૂત, અધિદેવ ત્રણ તાપ રૂપી વડવાનલ અગ્નિ છે. દુર્વાસના રૂપી શેવાળ છે. અને અનેક વિષયોરૂપી જળ છે. એવા દુસ્તર સંસાર સાગરને ગુરૂરૂપી નૌકા વિના તરી શકાતો નથી આ સંસારને દુઃખદાયી વનની પણ ઉપમા અપાય છે.

"તત્ત્વંમઠં ઘટાકાશવત અસિપદ્ મહદાકાશ,
બે ઉપાધિ ભાગત્યાગ કરી પોતે સ્વયં પ્રકાશ"

જેમ આકાશ એક જ છે. પણ ઘટની ઉપાધીથી ઘટાકાશ કહેવાય છે. પણ ઘટ તથા મઠની ઉપાધિ દૂર થતાં આકાશ રહે છે. તેમ બ્રહ્મને વિષે માયા શક્તિરૂપ ઈશ્વરની ઉપાધિ તથા અવિધા કલ્પિત પંચકોશરૂપ જીવની ઉપાધિને ભાગ ત્યાગ લક્ષણાથી ત્યાગ કરી તુ પોતે સ્વયંપ્રકાશ પ્રત્યક આત્મા છે. એમ જાણ ભાગ ત્યાગ લક્ષણા ત્રણ પ્રકારની છે. જહતી, અજહતી અને જહદ જહતી જ્યાં વાક્યના સ્વાર્થનો પોતાના સમગ્ર અર્થનો ત્યાગ થાય તે જહતી લક્ષણા છે. આપણે એકલા કાગડાથી દહી સાચવીએતો તે દહીને કૂતરાં બીલાડાં ખાઇ જાય માટે કાગડા સીવાય બીજા પ્રાણીઓથી પણ દહી સાચવવું એ અજહતી લક્ષણા છે. એક ભાગનો ત્યાગ અને એક ભાગનું ગ્રહણ થાય તે જહદ જહતી છે. એ જ રીતે ઈશ્વરની મોટી ઉપાધિ એટલે રાજ્ય પદવી અને જીવની નાની ઉપાધિ અને કંગાલપણું એ બંન્ને મિથ્યા છે. એ બંન્નેને વિષે ચૈતન્ય બ્રહ્મ છે. તે ભાગ ત્યાગ લક્ષણોથી એકતાનો બોધ થાય છે. એવી જ રીતે ઈશ્વર આત્મા અને જીવાત્માના અભેદ જ્ઞાનનો બોધ થાય છે.

જીવાત્મા અલ્પજ્ઞ છે. જ્યારે ઈશ્વર આત્મા સર્વજ્ઞ છે. તેથી ભેદ ભાસે છે. પરંતુ જીવાત્મામાંથી જીવ અને ઈશ્વર આત્મામાંથી ઈશ્વર પદ કાઢી નાખવામાં આવે તો માત્ર આત્મા એ એક જ રૂપ રહે છે. એ પ્રમાણે જીવ ઈશ્વરમાંથી ભાગ ત્યાગ લક્ષણોથી ઉપાધી રૂપ વાચ્યાર્થનો ત્યાગ કરી નિરૂપાદિક લક્ષ્યાર્થ ગ્રહણ કરવો એમ કરવાથી અભેદ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તત્પદ જે ઈશ્વર તેની ઉપાધિ માયા અને તત્ત્વપદ જે જીવ તેની ઉપાધિ અવિધા છે. માયા તથા અવિધા એ બંન્ને ઉપાધિ દ્રશ્ય છે. તેનો ત્યાગ કરી પોતે શુદ્ધ ભગવાન છે. એટલે ઉપાધિ રહિત શુદ્ધ સચ્ચિદાનંદ છુ એમ જાણ.

| | | | | |
|---|---|---|---|---|
| ઋગ્વેદ | = | પ્રજ્ઞાન બ્રહ્મ | = | બ્રહ્માંડ જ્ઞાન સ્વરૂપ છે. |
| યર્જુવેદ | = | અહં બ્રહ્માસ્મિ | = | હું બ્રહ્મ છું. |
| સામવેદ | = | તત્ત્વમસિ | = | તે તું છે. |
| અર્થવવેદ | = | અયમાત્મા | = | હું આત્મા છું. |

વેદો એ એક એક મહા વાક્યથી સંપૂર્ણજ્ઞાનનો ઉપદેશ કર્યો છે. જીવાતમા પોતે સદા સર્વદા એટલે ત્રણ કાળમાં અને ત્રણ અવસ્થામાં સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપે છે. અને તે પણ જેમનો તેમ અભંગ છે. સ્વયંપ્રકાશ એટલે મન વાણીથી અગોચર સ્વતઃસિદ્ધ જ્ઞાન સ્વરૂપ પરિપૂર્ણ સર્વવ્યાપક તેમ જ અખંડરૂપ છે. નામ રૂપ ગુણ એ કાંઇ નથી કેમ કે જે રૂપ દીઠુ અને જે નામ ધરાવ્યું તે મિથ્યા છે. તેમ નામ રૂપ વિના ગુણ શાનો પણ જે સદા સર્વદા છે. જે તેનું નામ રૂપ ગુણ હોય નહિ તેનું વિવેચન કરી નિશ્ચય કરવો કે હું સચ્ચિદાનંદ સ્વયં પ્રકાશરૂપ છું. સત ચિત્ત અને આનંદ એ ત્રણે પદ મળીને સચ્ચિદાનંદ કહેવાય છે. જાગ્રત સ્વપ્ર અને સૃષુપ્તી એ ત્રણે અવસ્થામાં તથા ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કળમાં





આત્મા છે. માટે તે સત્ છે. અન ત્રણે અવસ્થા તથા ત્રણે કાળને આત્મા જાણે છે. માટે તે ચિત્તરૂપ છે. અને સદા સર્વદા આત્મા પોતે પોતાને પ્રિય છે. માટે આત્મા આનંદરૂપ છે. અસ્તિ એટલે છે. ભાતિ એટલે ભાસે છે. અને પ્રિય એટલે વહાલુ એ રીતે સત્ ચિત્ અને આનંદ તથા અસ્તિ ભાતી અને પ્રિય એક જ છે. માટે સચ્ચિદાનંદ કહેવાય છે. અને એજ સત્ય સનાતન છે. અને આપણે સૌએ એ જાણવું એ દરેકનો ધર્મ છે. સંસાર સાગરને તરી જવાની નૌકા સમાન બ્રહ્મજ્ઞાન સારરૂપ એક પરબ્રહ્મ પરમાત્મા છે. પરમાત્માના બે સ્વરૂપ છે. એક શબ્દ બ્રહ્મ અને બીજુ પરબ્રહ્મ છે. શબ્દ બ્રહ્મને જાણનારો પરબ્રહ્મ પરમાત્માને જાણી શકે છે. કારણ કે ઈશ્વર નામ એક શબ્દ છે. પણ નામ કોઇ દિવસ લખવામાં આવતુ નથી. અને પરમાત્માનું કોઇ નામ ન હોવાથી તે અનામી છે. અને જે લખવામાં નથી આવતુ તે અલખ છે. આ વાત ગુરૂ ચરણ વિના સમજાય તેમ નથી માટે ગુરૂ ચરણે જઇ સત્ય વાતને જાણી તેને અંતરમાં ધારણ કરી વિચારમાં લઇશું તો ચોક્કસ યથાર્થ જ્ઞાનને સમજી શકીશું.

સત્સંગ ગંગાની જેમ પાપને નાશ કરે છે. તથા માણસોના મનને ચંદ્રિકાની જેમ પ્રસન્ન કરે છે. સૂર્યના કિરણોની જેમ જગતના અંધારાને મટાડે છે. છાયાની જેમ સંતાપ ને ટાળે છે. કામ દૂધાની જેમ કામના પૂરી પાડે છે. કલ્પ વૃક્ષ તો જે કલ્પના કરીએ એજ આપે છે. ચિંતામણી તો જે ચિંતવન કરીએ એ જ આપે છે. પણ સત્સંગ અને સત્ પુરુષોનો સંગ તો એ સઘળુ આપે છે. માટે સજ્ઞ પુરુષો તથા સત્સંગનો નિરંતર સંગ કરવો જોઇએ નિંદાળુ દુરિજન કે જે બીજાના બોજા સિવાય કશુ જાણતા નથી તેમ સમજી તે દુર્ગુણી મનુષ્યોનો સંગ લેશ માત્ર પણ કરવો જોઇએ નહીં.

# સૃષ્ટિક્રમ

પરમાત્મા જ્યારે નિર્ગુણ અને નિષ્ક્રિય હોય ત્યારે તે બ્રહ્મ કહેવાય છે. અને જ્યારે તે સગુણ સ્વરૂપે પ્રગટ થાય છે. ત્યારે ઈશ્વર કે પુરુષ કહેવાય છે. તેવી જ રીતે ઈચ્છા યા વાસના શક્તિ જ પ્રકૃત્તિ સર્વત્રગામી એટલે સર્વ વસ્તુઓમાં અવસ્થિત થયેલ છે. આ સંસારમાં આ બંન્નેથી વિહીન એવી કોઈ પણ વસ્તુ વિદ્યમાન રહેતી નથી. પ્રકૃતિથી સત્વ રજ અને તમોગુણનો વિકાસ થવાથી તેનાથી ચૈતન્ય પ્રતિબિંબિત થિ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર બની જાય છે. એ સર્વ ત્રિગુણ સમન્વિત થઈને સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયનાં કાર્યનું સંપાદન કરે છે. કાળ ચૈતન્ય અને સદ સદાત્મિકા શક્તિ એના મળવાથી પ્રધાન અને મહતત્ત્વાસ્થા ઉત્પન્ન થાય છે. તે અવસ્થામાં સત્વ, રજ અને તમો ગુણનો વિકાસ થતાં ઈશ્વર આકૃષ્ટ થવાથી અહંકાર પ્રગટે છે. તે અહંકારમાંથી આકાશાદિ અપંચીકૃત પંચમહાભૂત થયાં આ પંચ મહાભૂતના આકાશમાં શબ્દ વાયુમાં શબ્દ, સ્પર્શ તેજમાં, શબ્દ, સ્પર્શ, રૂપ જળમાં શબ્દ સ્પર્શ, રૂપ, રસ પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ ગુણો સૂક્ષ્મરૂપે રહેલા છે. આવા ગુણોવાળા અપંચીકૃત મહાભૂતને સૂક્ષ્મ ભૂતો પણ કહે છે. આ સૂક્ષ્મ ભૂતોથી પંચીકૃત મહાભૂત થયા પંચ મહાભૂતમાંથી જ આખુ જગત ઉત્પન્ન થયું છે. એટલે સત્વ, રજ અને તમો આ ગુણ રૂપ અજ્ઞાન છે. તેના કાર્યરૂપ પંચભૂત પણ ત્રિગુણાત્મક છે. એ વિશે પ્રત્યેક ભૂતના સ્વાત્વિક ભાગમાંથી અનુક્રમે શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના, નાસિકા એ પ્રમાણે જ્ઞાનેદ્રિય અને તેના અનુક્રમે દિશા, વાયુ, સૂર્ય, વરૂણ, અશ્વિનીકુમાર આદિ દેવતાઓ થયા સમસ્ત પંચ મહાભૂતના સાત્વિકાંશમાંથી મન, ચિત, અહંકાર, બુદ્ધિ અને અંતઃકરણ તેમજ તેના અનુક્રમે ચંદ્રમા, નારાયણ, રૂદ્ર, બ્રહ્મા વિષ્ણુ





આદિ દેવતા પ્રગટ થયા પ્રત્યેક ભૂતના રાજસાંશથી વાચા, પાણી, પાદ, શિશ્ન, ગુદા, કર્મેન્દ્રિયોને તેના અનુક્રમે અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, પ્રજાપતિ, યમ આદિ દેવતા ઉત્પન્ન થયા સમસ્ત રાજસાંશથી પ્રાણથી વૃત્તિરૂપ પંચ પ્રાણ અપાન, સમાન, ઉદાન, પ્રાણ, વ્યાન પેદા થયા આ સુક્ષ્મ ભૂતના તામસાંશમાંથી પંચીકૃત પંચભૂત, ચૌદલોક, જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ, આદિચાર યોનિના શરીરો થયા તથા જાગ્રત, સ્વપ્ર, સુષુપ્તિ, મુર્છા અને મરણ એ પાંચ અવસ્થાઓ પેદા થયા વળી અજ્ઞાન આવરણ, ભ્રાન્તિ, પરોક્ષજ્ઞાન, અપરોક્ષજ્ઞાન, શોક, નાશ, અતિહર્ષ એ સાત અજ્ઞાનની અવસ્થા તેમજ શુભેચ્છા, સુવિચારણા, તનુમાનસ, સત્વાપતિ, અસંસક્તિ, પદાર્થ ભાવિની અને તુરીયા આ સાત જ્ઞાનની ભૂમિકાઓ થઈ આ સમગ્રનો બ્રહ્મમાં અધ્યાસ કે કલ્પિત તાદાત્મ સંબંધ છે. ઉક્ત જે ક્રમથી સુષ્ટિની રચના થઈ તેના જ ઉલ્ટા ક્રમે તેનું વિસર્જન થાય છે. જે તત્વ જેમાંથી સર્જાયુ તેનો તેમાં લય થાય છે. બ્રહ્માંડ પુનઃસુક્ષ્મ રૂપથી બન્યુ છે.

# જગત સંસાર

જગતને મિથ્યા માનવા મનાવવાની પ્રથા ચાલતી આવી છે. જગતનું અસ્તિત્વ જ નથી જગત થયું નથી. થતુ નથી ને થવાનું નથી. જગતને જુવો છો તે જ અજ્ઞાન છે. દૃષ્ટિ દોષને લીધે થયું નથી તે જગત દેખાય છે. ચિત્તને નિર્મળ કરી દૃષ્ટિને પરમાત્મમય કરીએ એટલે જગત નહિ દેખાય. પરંતુ જગત અથવા સંસારના કોઈ પદાર્થને કોઇ એક ચિત્તની કલ્પના જ માની લઈએ તો તેને જોવાનું તે ચિત્ત જ્યારે મુકી દે ત્યારે તેનું અલિપ્ત પણ આપો આપ મટી જવું જોઈએ. પરંતુ વ્યવહારમાં તેવું નથી દેખાતું. જ્ઞાની પુરુષો પોતાની દૃષ્ટિને બદલીને જગતને પરમાત્મમય જુએ તો પણ બીજા અનેકને માટે તો જગત એટલું જ સાચુ રહે છે. માટે જગત એક જ ચિત્તની કલ્પના રૂપ છે. એ માનવું ખોટુ છે. જગતના પદાર્થો છે ને ચિત્તથી એમનું અસ્તિત્ત્વ એકદમ અલગ છે. ઉપરથી અલગ જેવા લાગતા આ સમસ્ત સંસારની અંદર એકતા છે. ઉપર ઉપરથી જોતાં તો આ સંસારમાં અનેક વિરોધાભાસ પદાર્થો જોવા મળે છે. પરંતુ અંદર ડોકિયું કરતાં અંદરખાને એકતાનો અમર પ્રવાહ અનુક્રમે સળંગ બ્રહ્મ જ જણાય છે. અભેદ ભાવનો અનુભવ થાય છે. સંસારના સઘળા મનુષ્યો વચ્ચે ભ્રાતૃ ભાવના જ્ઞાની પુરુષો જીવમાત્રમાં અભેદ ભાવનું દર્શન કરે છે. જડ અને ચેતનમાં બધે જ તે એક પરમાત્માની ઝાંખી કરે છે. એવું દર્શનને એ દર્શનનો આનંદ જ્ઞાનમયી ચક્ષુથી મળે છે. મનની નિર્મળતા વિના એ અશક્ય છે. સંસાર દેખાય છે. અનુભવાય છે. તે વાસનાના પ્રભાવથી ચિત્ત જ સંસારના પદાર્થોના રૂપમાં પ્રતીત થાય છે. જગત હોત જ નહિ તો? પદાર્થ એક જ હોય છે. ને એનો અનુભવ કરનાર ચિત્ત અનેક



પદાર્થ તથા અનુભવ કરનાર ચિત્ત બન્ને છે. અને અલગ અલગ છે. સંસારના પદાર્થો તથા બહારના સ્વરૂપને ઉડાવી દેવાની જરૂર નથી તે છે. તે માટે જ જોવાય છે. અનુભવાય છે. આ શરીર જ ના હોત તો અંતર આત્માને કઈ રીતે ઓળખી શકાય એ તો નિરાકાર છે. પરમાત્મા તો અમન છે. જ્યારે કલ્પના ના ફળ રૂપ જીવાત્મા છે. આ જીવાતમાને શીવાત્મા કરવા માટે સદ્‌ગુરુ ચરણે જઈ ચિત્તમાં ઉઠતા ચિંતન ને રોકી એક ચિત્ત કરી સદ્‌ગુરુના શબ્દો સમજવા તો જ સત્ય સમજાય છે. અને સત્ય કર્મ કરી સંસાર, વ્યવહાર અને ભક્તી કરવાની છે. ને દાસાનું દાસ થઈને રહેવાનું છે.



બુધારામ મહારાજ





## આરતી

જય જય જય ગુરૂ દેવ કી આરતી
શિશ નમાવી સેવા કરૂ દિલ ભાવથી...જય જય

કેસર, કપૂર, ચંદન, પુષ્પ હારથી,
આરતી ઉતારુ ગુરુદેવ કિરતારકી...જય જય

પર ઉપકારી ગુરુ જીવ હિતારથી,
ગુરુ સમ દાતા નહી પરમારથી...જય જય

અધમ ઉદ્ધારણ ગુરુ દયાવંતી,
સદ્ગુરુ ચરણ તારો ને ત્રણતાપથી...જય જય

પુરુષોત્તમ ગુરુ નામ નિરધારથી,
નામ અનામી બોલાયો બાવન બારથી...જય જય

વક્તારામે વસ્તુ ઓળખાવી પરા પારથી,
રામજીએ વારણાં લીધ્યાં વારંવારથી...જય જય

## રામદાસ અનુભવ પ્રકાશ

### ભજન – ૧

ગુરુ ગમ જ્ઞાન પાયો રે અખંડ જોગી

ગુરુજી મારા ઘેર આયા, સુતેલો જગાડ્યો મુજને
જગાડી જીવન બતાવ્યા રે, અખંડ જોગી...ગુરુ

આ કાયામાં કોણ બોલે, બોલે તેને પરખી લ્યોને,
બોલે તે બાવન બાર રે, અખંડ જોગી...ગુરુ

ગુરુજી વિના ગોથા ખાવે, અભિમાન માં આડાજાવે,
વિચારોમાં વખ ભર્યો રે, અખંડ જોગી...ગુરુ

ગુરુજી વક્તારામ ચરણે, નીજ નામ નક્કી કર્યું,
રામદાસ વધાવી લીધ્યું રે, અખંડ જોગી...ગુરુ

ભજન – ૨

ગુરુ માર ઘેર આયા રે સુણોને સંતો,
આવીને સુતા જગાયા રે સુણોને સંતો.

જગાડી જ્ઞાન દીયા, નીજ નામની વાત કીયા,
એક પલમાં પલટાઇ દીયા રે, સુણોને સંતો

નીજ નામ નીશ્ચેકીયા, રસ્તા મેને સીધાલીયા,
અમ્મર લોકમાં આવી રહ્યા રે, સુણોને સંતો.

અમ્મર લોકમાં જે ગયાં, સતનામ કહેતા ગયા,
કેવલ નામે અમ્મર થયા રે, સુણોને સંતો.

જીવ ઈશ્વરને માયા, ત્રિખુટી કા મેલ બનાયા,
નીજ નામમેં પોતે રહ્યા રે, સુણોને સંતો.

વક્તારામે કરી દયા, દાસ રામો અમ્મર થયા,
જન્મ મરણકા ભે ગયા રે, સુણોને સંતો.



ગુરુ શિષ્ય સંવાદ (રામદાસ અનુભવ પ્રકાશ)

૧. સત્ય પુરુષ કોને કહેવા?

સત્યને જાણી સત્યને આચરણમાં મૂકે તે.

૨. સત્ય પુરુષનાં લક્ષણો કેવાં હોય છે?

કહ્યા પ્રમાણે કરી જાણે તેવાં.

૩. મનુષ્ય કોને સમજવો?

સદ્ગુરુ ચરણે જઇ મનુષ્યપદ સમજીને પ્રાપ્ત કર્યું હોય તેને.

૪. મનુષ્ય ગતિનો મહિમાં કેવો હોય છે?

પરમેશ્વરના પદે પૂજાય તેવો.

૫. સફળ જીવન કોનું સમજવું?

જેને સદ્ગુરુ મળ્યા છે તેનું.

૬. માયા એટલે શું?

મા એટલે નહિ યા એટલે દેખાય છે જે નથી છતાં દેખાય છે તે.

૭. ધનવાન કોને કહેવો?

જેણે આત્મજ્ઞાન રૂપી ધન મેળવ્યું તેને.

૮. સમજુમાં સમજુ કોણ?

વહેલો સદ્ગુરુનાં શરણે પહોંચી જાય તે.

૯. કોણ સમજાવે છે?

સદ્ગુરુ સંત.

૧૦. સમજ્યા પછી શું કરવું?

સદ્ગુરુ કહે તેમ રહેવું.

૧૧. બ્રહ્મ એટલે શું?

જ્યાં જીવ ઈશ્વરની એકતા થાય છે.

૧૨. હરિ કોણ છે?

શ્રી સદ્ગુરુ મહારાજ.

૧૩. ભક્તિ કોણ કરી શકે?

ભક્ત બને તે.

૧૪. સંત પુરુષને મળવા જવું ત્યારે શું લઈ જવું?

વિવેક અને વિચાર.

૧૫. નુંગરો કોને કહેવાય?

વચન ના પાળે તેને.

૧૬. પોતાની ભુલ કોણ જોઈ શકતો નથી?

અભિમાની જીવ.

૧૭. શું કરવાથી સ્વર્ગમાં જવાય?

સત્ય વચનનું પાલન કરવાથી.



૧૮. શું કરવાથી નર્કમાં જવું પડે?

ગુરુનું વચન ચુકવાથી.

૧૯. આનંદ શાના વડે લેવાય?

સદ્ગુરુની કૃપા વડે.

૨૦. આશિર્વાદ કેવી રીતે મેળવવો?

સેવા કરીને.

૨૧. આશીર્વાદની ગતિ કેવી હોય?

તૃણનો ડુંગર બનાવી દે તેવી (રાઈનો મેરુ)

૨૨. અમૃતપાન કોને સમજવું?

ગુરુએ આપેલા અભય વચનને.

૨૩. સેવા કેવા ભાવથી કરવી?

પતિવૃતા ભાવથી કરવી.

૨૪. સેવામાં સાધન શું?

સમજ.

૨૫. ગ્રહણ શું કરવું?

વચન.

૨૬. શું લેવું?

સાર.

૨૭. શું રાખવું?

વિવેક.

૨૮. ઈશ્વરમાં કેવા ગુણ હોય છે?

ન્યાય અને અન્યાય સમજી તેનો નિવેડો કરે તેવા.

૨૯. અગ્નિથી વધારે કોણ બાળે છે?

ક્રોધ.

૩૦. ભુમિથી વધારે ભારે કોણ?

પાપી જીવ.

૩૧. કાજળથી કાળુ શું?

કલંક.

૩૨. જન્મમરણ શા કારણથી થયાં?

સદ્ગુરુની સહાય થઈ નહીં માટે.



ભજન – ૩

સુરતા ચાલી સદ્ગુરુજીના દેશમાં,
વરવા વિશ્વંભર નાથ...સદ્ગુરુજીના

વિવેક વિરાજીને વાયક મોકલ્યાં,
તમે આવો અમારે સાથ...સદ્ગુરુજીના

ઓહમ સોહમ ના પુલ બાંધિયા,
જ્ઞાન ગંગાજી ને ઘાટ...સદ્ગુરુજીના

ત્રિવેણી ઘાટે જંગ ખેલીયા,
નામ આવ્યું અમારે હાથ...સદ્ગુરુજીના

નિજ નામના ઝંડા રોપીયા,
સુરતા બેઠી વનમાળીની સાથ...સદ્ગુરુજીના

સદ્ગુરુ રામદાસ ચરણ સેવતાં,
બુધારામ માલે અમ્મર વરની સાથ...સદ્ગુરુજીના

## ભજન – ૪

ગુરુજીના નામની હો લાગી છે લગની,
લાગી છે લગની જાગી છે ઉર્મી ગુરુજીના નામની હો

સુતો હતો મને ગુરુએ જગાડ્યો,
જગાડી જીવનની જ્યોત લાગી છે લગની...

તન મન ધન મેં તો ગુરુજીને સોંપ્યા,
ઓળખાયો કિરતાર લાગી છે લગની...

અણુ અણુમાં ગુરુજી બીરાજે,
નીજ નામે ઓળખાય લાગી છે લગની...

નામ નો પિયાલો ગુરુજીએ પાયો,
રોમે રોમે રણકાર લાગી છે લગની...

ગુરુ રામદાસ પુરણ મળીયા,
બુધારામ ગુરુના ગુણ ગાય લાગી છે લગની...





**મંગળરામ મહારાજ**

## ભજન – ૧

ચિત્તમાં ચેતી લેજો રે હિરલો રાંકમાં રોળાય છે.
અંતકાળે રે પાછળથી પસ્તાય.

સાખી :-

માના ઉદરમા વચન દઈ આવ્યો
બહાર આવી ભૂલો પડ્યો

તુ તો કરમનો બંધન થાય બંધન નહી છુટે રે,
હિરલો રાંકમાં રોળાય છે.

સાખી :-

અનેક કર્મો કરી ધન ભેગુ કર્યું અને લખપતી કહેવાયો,
તુ તો ખાલી હાથે જઈશ સાથે નહીં આવે કોઈ
હિરલો રાંકમાં રોળાય છે.

સાખી :-

હે કુટુંબ કબીલા ઉભા કરી બંધનમાં બંધાઈ ગયો,
તુ અંતે એકલો જઈશ તારું કોઈ નથી રે,
હિરલો રાંકમાં રોળાય છે.

સાખી :-

હેજી મારુ મારુ, કરી ભગવાન ભૂલી ગયો,
જમ આવી લઈ જશે ચોરાશીમાં ફેકી દેશે,
હિરલો રાંકમાં રોળાય છે.

સાખી :-

હે રામજી બાપુએ દાસ મંગળપર મહેર કરી,
શાન કરી સમજાવ્યા મરણ નહીં આવે રે,
હિરલો રાંકમાં રોળાય છે.



## ભજન – ૨

હરે સંતો સોહાગણ બનીને બેઠી સુરતી,
એતો અમર વરને વરવાને કાજે સાહેલી સામે ઓરડે

હરે સંતો કાયા નગરમાં જોઈ વળી,
એને ના મળ્યો અમર વરનો સાથ...સાહેલી

હરે સંતો ઘટપઠ બ્રહ્માંડ જોઈ વળી,
તાંયના પામી એતો અમરવરનો સાથ...સાહેલી

હરે સંતો ઈગલા પીંગલા સુક્ષ્મણાના સંગમાં,
એ તો જઈ બેઠી ત્રીવેણીનાસંગ...સાહેલી

હરે સંતો ત્રીવેણીના ઘાટઉપર વાજા વાગે,
એતો પામી એના અમરવરનો સાથ...સાહેલી

હરે સંતો ગળપણ સાકર ભેગાં મળ્યાં,
એતો તરત જ એકરૂપ થાય...સાહેલી

કહે દાસ મંગળ કરજોડીને,
ગુરૂ શાંન વિના ના સમજાય...સાહેલી

## ભજન – 3

પાખંડ પાર નહીં પડતાં મારા સંતોભાઈ
પાખંડ પાર નહીં પડતાં...

ટીલાં ટપકાં મોટાં મોટાં કરતો માળા મોટી પહેરતો
અંગે ભભુતી ઘણી લગાવતો (૨)
ભગવા વેશ ધરી ફરતો મારા સંતોભાઈ...

ભજન કરતો સત્સંગ કરતો પેટમાં પાપ ભરી ફરતો
કાગ જેવી વૃત્તી રે હોય પણ (૨)
કોયલની બોલીએ બોલે મારા સંતોભાઇ...

ધૂની ધીખાવતો હોમ કરતો આસનવાળી બેસતો
હોમ બોમ કરી જગત્ ભરમાવતો (૨)
નર નારી છેતરતો મારા સંતોભાઇ...

દાસ મંગળની વિનંતી સુની પાખંડ છોડી દેજો
પાખંડ તમે નહીં છોડો તો (૨)
જમના માર તમે ખાસો મારા સંતોભાઇ...

## ભજન — ૪

હાંરે તમે ભાવથી ભજીલ્યો ભગવાન
ઘટમાં વાલો વસ્યા છે.

શા માટે ખોળો તમે બહાર
ઘટમાં વાલો વસ્યા છે.

ભેખ ધરીને તમે જગમાં રે ભટકો
ભેખમાં નહીં મલનાર...ઘટમાં વાલો

કાશીમાં જઇને ગંગાજીમાં ન્હાવો
તોય ના મળે ભગવાન...ઘટમાં વાલો

હોમ હવન તમે અખંડ કરાવો
હોમમાં નથી ભગવાન...ઘટમાં વાલો

દાસ મંગળને ગુરુ રામજી મલિયા
ખોલ્યા મારા ઘટના કમાડ...ઘટમાં વાલો





બળવંતરામ મહારાજ

# જીવન વૃતાંત

જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિથી જેમની ચિત્તવૃત્તિનો નિરોધ થઇ સાગરરૂપ પરબ્રહ્મમાં જેમનું ચિત્ત લીન થયું છે. એવા મહાત્મા ઓ જે કુળમાં જન્મ્યા હોય તે કુળ પવિત્ર છે જે માતાની કુખે જનમ્યા હોય તે માતા કૃતાર્થ છે. જે ભૂમિ પર તેઓ જનમ્યા હોય તે ભૂમિ પણ ભાગ્યશાળી છે. આવા મહાન પુરુષો એ સમર્યાદ સમ્યક્ જ્ઞાનની પ્રભા દૂ દેશમાં ફેલાવી છે. જ્યારે જ્યારે અધર્મની વૃદ્ધિ થઇ ધર્મની ક્ષતિ થઇ છે. ત્યારે ત્યારે શ્રીમદ્ આધશંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, સંત કબીર સાહેબ, નિરાંત મહારાજ, નરસિંહ મહેતા, મીરાંબાઇ, ભક્ત પ્રહલાદ, જેસલ તોરલ, રૂપાંદે માલદે, હરજી ભાઠી, લાખા લોયણ, સતી મદાલસા, રાજા ગોપીચંદ જેવા અનેક સંત મહાત્માઓ, ઋષીઓ મુનીઓ રામચંદ્ર, કૃષ્ણ, રામદેવજી જેવા ધર્મ ધુરંધર પુરુષો જન્મ લઇ ભારતીય સંસ્કૃતિના આધાર રૂપ ધર્મનું અવિચ્છિન્ન રક્ષણ કર્યું છે. આવા મહાન પુરુષોના જીવન ચરિત્રો આધ્યાત્મિક ઉન્નતિને પંથે પ્રયાણ કરનાર મનુષ્યોને એક ભોમિયાની, માર્ગદરેશનકની ગરજ સારે છે. માટે જ આવા પુરુષોના જીવન ચરિત્રો તેમની હયાતીમાં અથવા હયાતિ બાદ જન સમૂહના હિત માટે છાપવા છપાવવાની પ્રણાલી ચાલી રહી છે.

શ્રી બળવંતદાસનો જન્મ ઇ.સ. ૩-૬-૬૯માં આણંદ તાલુકાના આંકલાવ ગામમાં ડાભી જ્ઞાતીમાં થયો હતો તેમના પિતાનું નામ ભીખાભાઇ ડાહ્યાભાઇ ડાભી તથા માતાનું નામ બયરજબા છે. તેમને એક ભાઇ વિજયભાઇ અને બે બહેન જશોદાબેન તથા લલિતાબેન છે. શ્રી બળવંતદાસનું મુળ વતન મહુધા તાલુકામાં અલીણા તાબે. મીયાંપુર ગામ છે. તેમના પિતાજી પોલીસ કોસ્ટેબલ હોવાને કારણે સહકુટુંબ આંકલાવ રહેતા હતા ત્યાં કબીર સાહેબના





શ્રી સ્વ.રામદાસ ઉર્ફે રણછોડદાસ તથા શંકરલાલ મથુરભાઇ તથા બબુભાઇ ફતાભાઇ તથા ભયજીભાઇ મરઘેસિંગ જેવા અનેક સંતોનો સહકાર મળ્યો હતો. હાલમાં ત્યાં રામદાસની ગાદી પર અર્જુનરામ રામદાસ છે. પિતાજીની સર્વિસ પૂરી થતાં રહેવા માટે પોતાના મૂળ વતન મીયાંપુરમાં વસવાટ કર્યો શ્રી બળવંતદાસે ૧૧ માં ધોરણ સુધીનો અભ્યાસ કરેલો છે. તેમનું લગ્ન ખાંડીવાવ તાલે બાપુનગરના રહેવાસી સ્વ.ચૌહાણ શંકરાજી જીજાજીની પુત્રી નામે લીલાબેન સાથે થયું છે. એમને બે સંતાનો મીનાબેન તથા રજનીશ કુમાર છે.

શ્રી બળવંતદાસને ગામ મીયાંપુરના શ્રી મંગળરામ રામદાસ મહારાજે તા. ૮-૫-૯૭ ગુરુવાર વૈશાખ સુદ બીજ ના રોજ આત્મ ઉપદેશ કરેલ છે.

ત્યારબાદ સણાલી રામદાસ આશ્રમમાં ચૈત્રસુદ પુનમ હનુમાન જયંતી તા. ૧૬-૪-૨૦૦૩ બુધવાર ના રોજ પરમ પુજ્ય રામદાસ બાપુની પુણ્યતીથી નિમીત્તે ઉજવાતા પ્રસંગમાં પરમ પુજ્ય બુધારામ બાપુએ અધિકાર આપેલ છે. ત્યાર બાદ ગુરુ પૂર્ણિમાં નિમિત્તે ઉજવાતા પ્રસંગમાં શ્રી મંગળરામ રામદાસ મહારાજે પોતાના ચરણ કમળ ચાદરમાં છાપી શ્રી બળવંત દાસને અર્પણ કરેલ છે.

શ્રી બળવંત દાસ આજુબાજુના ગામમાં તથા મીયાંપુર ગામના હરિભક્તો સાથે સારો સહકાર ધરાવે છે. તથા દરેક હરિભક્તો ધાર્મિક પ્રવૃત્તિમાં ઘણો સાથ સહકાર આપે છે. પરમ તત્ત્વ પરમાત્મા તેમના દરેક કાર્યમાં સહાય કરે એવા અમારા આશીર્વાદ છે. કારણ કે પારસ અડે લોખંડને તો લોખંડ કદી રહેતું

નથી. કંચન બની જાય છે. જેમ જેસલ પણ બહારવટુ છોડી પલમાં પીર થઈ ગયા તેમ બળવંતદાસ પણ અનેક વ્યસનો છોડી સદ્‌ગુરુના સંગથી જાગ્યા ત્યાંથી સવાર એમ સમજી એમના વચને વર્યા છે. ત્યારે અમને અદિક આનંદ થાય છે. આ જીવન વૃતાંત્ત લખવા માટે શ્રશ્રી બળવંતરાય દાસે અમને પ્રેર્યાં તે માટે એમને ધન્યવાદ છે. અને અમે આભારી છીએ.

લિ.

મંગળરામ રામદાસ મહારાજ

મુ. મીયાંપુર

## ઘોળ વિભાગ

(રાગ : પડવા પૂનમની રાત રે...)

ગરવા ગણપતિ નાથ રે ભેળો હનુમંત ભારી,
દેવી સરસ્વતિ સાથ રે સદ્‌ગુરુની પ્યાલી,
માતા પારવતીના લાલ રે પિતા છે બ્રહ્મચારી,
અંજની માતના સૂતરે હાથે હથિયાર ધારી,
શુભને લાભના તાત રે રિદ્ધિ સિદ્ધી છે નારી,
ઓહંમ સોહંમ ના હંસરે નેજા પવન ધારી,
નિશાને ત્રણ છે. રંગ રે ગુણો તણા ભંડારી,
નાભી કમળમાં છે. નાચ રે બોલ્યા બાવન બહારી,
અંધારા દુર દુર જાય રે જ્યોત જલતીરે ભાળી,
વિનવે બળવંત દાસ રે લેજો ચરણે ઉગારી.



(રાગ : પરસાદ જમવા પ્રભુજી પધારો)

ધન્ય ધન્ય સખી આજની ઘડી
હૈયામાં આનંદ અપાર રે...સખી...

માતા પિતા ગુરુ પરભુની ગાદી
બ્રહ્મા, વિષ્ણુ મહેશ રે...સખી...

માનવી મટીને માનવ ની વીધી
પ્રતિજ્ઞા પાંચની થાય રે...સખી...

વણતોલે કીડી કુંજર સરખી,
નાનુ મોટુ ના જણાય રે...સખી...

બોલણ વારાની બોટની બતાવી
બાવન અક્ષરની બહાર રે...સખી...

તન, મન, ધન ચોથુ શીશ રે આપી
અલખ પુરુષના એંધાણ રે...સખી...

હું છું રે કોણ ને કેવા પરભુજી
ઝુજવા ના કોય જણાય રે...સખી...

સદ્‌ગુરુ દેવની અખંડ બલિહારી
બળવંત ગુણલા ગાય રે...સખી...

(રાગ : પરસાદ જમવા પ્રભુજી પધારો)

આજનો દાડો સંતો મારે રળિયારો,
ગુરુજીના પાવલા પખાય રે...સંતો...

ત્રણ ગુણનો સંતો પાઠ પુરાયો,
નુગરાના સુગરા થવાય રે...સંતો...

હંસ બનીને મોતી ચરવાનો વારો,
ગુરુ મુખે અમૃત ઠરાય રે...સંતો...

કુવારી કન્યાને સાસરીયે વળાવો,
પ્રતિજ્ઞાની પીઠીઓ ચોરાય રે...સંતો...

પાંચ પ્રશ્ન ના ફેરા ફેરવાવો,
અખંડ ચુંડલો જણાય રે...સંતો...

નથી આવ્યો નથી જવાનો વારો,
અગ્નિથી ના અડપાય રે...સંતો...

જીવ મટીને શીવ થવાનો વારો,
અલખ આંખે દેખાય રે...સંતો...

સદ્‌ગુરુ દેવે ખેલ ન્યારો બતાયો,
બળવંત ચરણે જાય રે...સંતો...

(રાગ : તમારા વિના કેમ ચાલશે રે...)

ગુરુજી પધારેલા ઘેર રે સંતો
રેણીના રસ્તા રચાવે મારા ગુરુજી...ગુરુજી

દીધા છે દર્શન દેદારે સંતો



નિરાકારનું કરોને જ્ઞાન મારા ગુરુજી...ગુરુજી

ગંગા જમના ના નીર રે સંતો
ચંદ્ર સૂરજ ત્યાં પ્રકાશે મારા ગુરુજી...ગુરુજી

બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ રે સંતો
વિણા વાસુરી ડમરૂ વાગે મારા ગુરુજી...ગુરુજી

એકવીસ હજાર છસો વાર રે સંતો
નજરે ભાળુ ઉભા પાસે મારા ગુરુજી...ગુરુજી

નવ દરવાજે પેરો ફરે સંતો
મહા શુન્યમાં અઘાટે મારા ગુરુજી...ગુરુજી

નાભી કમળમાં નીરખાય રે સંતો
ઘોડલે ચઢીને આવે મારા ગુરુજી...ગુરુજી

તુરીયાતીતની પતીત રે સંતો
વિશ્વંભર સરવે વ્યાપે મારા ગુરુજી...ગુરુજી

ગુરૂના ચરણોમાં સૂરતા સમ રે સંતો
બળવંતને ભાવથી ઉગારે મારા ગુરુજી...ગુરુજી

(રાગ : તમારા વિના કેમ ચાલશે રે...)

સામૈયુ કરવાને સંતો ચાલજો રે,
મનના મનોરથ ફળ્યા મારા સંતો...સામૈયું

થાળ ભર્યો મોગર પુષ્પનો રે,
કેસર ચંદન કંકુ છાંટ્યાં મારા સંતો...સામૈયું

સર્વે હરિજન ભેગા ચાલજો રે,
મન ગમતાં ગીતડાં ગાજ્યાં મારા સંતો...સામૈયું

વાજો વગાડ્યો વિવિધ ભાતનો રે,
અનહદ નાદ હેલ્યાં મારા સંતો...સામૈયું

મુમુત મનમાંથી કાઢજો રે,
જ્ઞાનથી દિપક પ્રકાશ્યા મારા સંતો...સામૈયું

અબિલ ગુલાલ ઉડે ઉરમો રે,
શૂન્ય શીખરે બિરાજ્યાં મારા સંતો...સામૈયું

ગુરુજી આવ્યાને આનંદ હેલીયો રે,
બળવંત વધાવી કર જોડ્યા મારા સંતો...સામૈયું

(રાગ : તમારા વિના કેમ ચાલશે રે...)

મનખો જનમ સુધારજો રે,
ફરી નહી આવે દાવ આવો મારા મનવા...મનખો

કાયાતો માટીનો મેવલો રે,
તૂટતાં નહિ લાગે વારો મારા મનવા...મનખો

સાથે લાવ્યા શું લઈ જાવો રે,
આવ્યા તેવા ખાલી જાવો મારા મનવા...મનખો

ભવ દરિયો ભર્યો અતિ ખારો રે,
નહિ આરો ને કિનારો મારા મનવા...મનખો

મગર મચ્છ કરે ઘમકારો રે,
પકડી પલકમાં ખવાશો મારા મનવા...મનખો

હરિ ગુરુ ચરણે બળવંત બોલ્યો રે,
ગુરુજી બતાવે ધ્રુવ તારો મારા મનવા...મનખો



(રાગ : ગુરુજી આવો પ્રેમે કરુ પુજા રે...)

ગુરુજી સીડી આપો સાચા ધામની
મારા રૂદિયે...રે મારા રૂદિયે રૂદન ઘણું જાગે રે...ગુરુજી

ગુરુજી માથે નગારી વાગે મોતની
મારા મનડા...રે મારા મનડા કંઈ દૂર દૂર ભાગે રે...ગુરુજી

ગુરુજી બાગ બની છે આ વેલની
એનાં ફુલડાં...રે એના ફુલડાં કરમાઈને જાશે રે...ગુરુજી

ગુરુજી આવો ઉગારો આ ચોરાશી
મારે ભવજળ...રે મારે ભવજળ તરવાં ભારે રે...ગુરુજી

ગુરુએ સીડી આપી સત નામની
એવા જમડા...રે એવા જમડા તો દૂર દૂર જાવે રે...ગુરુજી

ગુરુજી હૈયે કટારી વાગી હેમની
એવા બળવંત...રે એવા બળવંત બેઉ કર જોડે રે...ગુરુજી

(રાગ : મન તું ચેતન સવેરા રે...)

આપણા ગુરુજી પધાર્યા રે ઓ મારી સાહેલડી.
હૈયે હરખ ન માતાં રે ઓ મારી સાહેલડી.
એમના વારણા ઓવારતા રે ઓ મારી સાહેલડી.
કોટી દુઃખડાએ ટળતાં રે ઓ મારી સાહેલડી.
કાશી કેદાર મથુરા રે ઓ મારી સાહેલડી.
બ્રહ્મા, વિષ્ણુ, મહેશા રે ઓ મારી સાહેલડી.
ગુરુના ચરણોમાં મળતાં રે ઓ મારી સાહેલડી.
ખલક ખાલી ના જોતાં રે ઓ મારી સાહેલડી.
સઘળુ સત્ય જણાતાં રે ઓ મારી સાહેલડી.

સરીતા સાગરને મળતાં રે ઓ મારી સાહેલડી.
બળવંત અનામી પૂજતાં રે ઓ મારી સાહેલડી.
લખ ચોરાશી ટળતાં રે ઓ મારી સાહેલડી.

(રાગ : મન તું ચેતન સવેરા રે...)

અવસર અણમોલો વહી જાય રે ઓ મારા જીવલડા
ફરી ફરી ના આવે રે ઓ મારા જીવલડા
રેટ કુવામાં ફરે રે ઓ મારા જીવલડા
એમ ચોરાશી લપટાયે રે ઓ મારા જીવલડા
કીડી કુંજર પકડે રે ઓ મારા જીવલડા
આંખ છતા ના જાણે રે ઓ મારા જીવલડા
મધમાં માખી ફસાઈ રે ઓ મારા જીવલડા
ઘાડ પડી ધરમે રે ઓ મારા જીવલડા
સાચા સદ્ગુરુ સેવજે રે ઓ મારા જીવલડા
બળવંત વિનવી જાણે રે ઓ મારા જીવલડા
તારો સમય સુધારજે રે ઓ મારા જીવલડા

(રાગ : મન તું ચેતન સવેરા રે...)

સંગડો સતનો કરીએ રે ઓ મારા આતમરામ.
કાગનો સંગડો ના કરીએ રે ઓ મારા આતમરામ.
એ તો કડવું રે બોલશે રે ઓ મારા આતમરામ.
મુરખ મોટાઈ મારશે રે ઓ મારા આતમરામ
કપટી કાળમાં હોમાશે રે ઓ મારા આતમરામ.
હીરલાને ઝવેરી જાણશે રે ઓ મારા આતમરામ.
લુહાર સોનુ ના પારખે રે ઓ મારા આતમરામ.
સ્વાર્થી સાચુ ના સમજે રે ઓ મારા આતમરામ.



સત અસતને જાણીએ રે ઓ મારા આતમરામ.
બળવંત અનુભવ બતાવે રે ઓ મારા આતમરામ.

(રાગ : મન તું ચેતન સવેરા રે...)

તમે માનો ને મારી વાત તો ઓ મન અનાડી.
સદ્ગુરુ સાચુ સમજાવે રે લ્યાં જીંદગી સુધારી.
ગુરુજી વિના ના ચાલે રે જો પુરાંણ ઉઘાડી.
અંધ અંધારે મુઝાશે રે ફરશે ભિખારી.
અભિ માનમાં અટવાશે રે એ દેશે ડુબાડી.
કાગ કમજાત કહેવાય રે હંસલો ચરશે મણી.
સાચા સદ્ગુરુ સેવીયે રે એ નાડી નામની.
પ્રીતમ પલમાં પરખાવે રે એવી સૂરતા જગાડી.
બળવંત અનામી પદે રે ઉભો અગાડી.

(રાગ : સત બોલા સાહેલી)

સત બોલાં સાહેલી સત બોલાંને
કહે વાલમ કેરી વાત...સાહેલી

મહાસાગર મહાજળ ભરીયો રે,
તેમાં એક રહે છે. શેષનાગ...સાહેલી

શેષનાગની સેજ્યો બનાવીયો રે,
તેમાં એક રહે છે. શેષનાગ...સાહેલી

તેના મુખ પર શોભતી મોરલી રે,
હુ તો હરખાતી સાંભળીને નાદ...સાહેલી

ચિત્ત ચિંતવન કરવું ભૂલીયો રે,
મારા મનડાએ મુકેલી માજ...સાહેલી

મેતો પ્રેમની પીઠીઓ ચોરીયો રે,
મેતો જોયા સોહાગી બળવંત...સાહેલી

(રાગ : સત બોલા સાહેલી)

નહિ જડે પરમાતમ તને નહિ જડે
સદ્ગુરુ વિના ના સમજાય...પરમાતમ.

જપ તપ ત્યાગીને વૈરાગી બને,
સદ્ગુરુ વિના ના સમજાય...પરમાતમ.

તનથી રે કોઈ તો જોગી રે બને,
જોગી મનથી રે વિરલા કોક...પરમાતમ.

ઉપવાસ કરી કોઈ થાન થાયે,
યુદ્ધ આદરે મીણ મેરમ સાથ...પરમાતમ.

અણુ મેરૂમાં રામ એક વસે,
નહિ પાવે ભૂતળ ભેદ...પરમાતમ.

દંભ ઉભોને પ્રેમ ક્યાંથી રે જાગે,
જીવતા મડદા જેવો જણાય...પરમાતમ.

સદ્ગુરુ ચરણોમાં શાંન મળે,
બળવંત પોતે પટ પરખાય...પરમાતમ.

(રાગ : આટલો સંદેશો)

હંસ પર બિરાજી ગુરુદેવ આવો રે આંગણીયે
સંતોના સાદે વેલા આવે રે...હંસ પર

અંતરનો ભાવ ગુરુદેવ કેવી રીતે કહીએ
નેનોથી મિલાવો નેનો રે...હંસ પર



અબિલ ગુલાલ હુ તો વધાવુ મોતીડે,
મંગાવુ મોગરાના ફુલો રે...હંસ પર

ભાન ભુલેલો હું તો યુગે રે યુગે,
મુક્તિનો મારગ બતાવો રે...હંસ પર

જનમ મરણના ફેરા મને રે નડે,
ચોરાશી બંધન છોડાવો રે...હંસ પર

આંગણે આવો તો ગુરુદેવ આનંદ કરીએ,
અગમ નિગમની વાત કરો રે...હંસ પર

આગ્રહ કરીને તમને બળવંત બોલાવે,
ગુરુજીની જોવું હું તો વાટ્યો વાટ્યો રે...હંસ પર

(રાગ : આટલો સંદેશો)

આટલો સંદેશો મારા ગુરુજી રે લાવ્યા,
રૂદિયામાં રાસ રચાવ્યો રે...આટલો

પાંચ તત્ત્વો રે મારા સ્થૂળ કહેવાયા,
બોલે છે. બોલવા વાળો રે...આટલો

જાગ્રત સ્વપ્ન સુષુપતિ તુરીયા,
તુરીયાતીત નો વાસો રે...આટલો

રજો તમો ને સત્વ કારણ નહિ ત્યાં,
શુદ્ધ સત્વ ગુણ ત્યાંતો રે...આટલો

નાભી કમળે નાથ નકળંગ નાચતાં,
નિરંજન ચેતન જણાયો રે...આટલો

સ્વઈચ્છા શક્તિ તે જ પરાવાચા,
આનંદ વાસના ભોગો રે...આટલો

ગુરુજીના ચરણોમાં બળવંત પડીયા,
પોતાના રૂપ કરી થાપ્યો રે...આટલો

(રાગ : મને પૂરવેના પુણ્ય આવી મળ્યા રે)

મારી ભવની ભૂલવણી ભાગી ગઈ રે,
સદ્ગુરુ મળતાની સાથ, આનંદ થયો રે મારા ઉરમાં રે
સોહી નામને સૂરતા નિહાળતી રે,
તરવું ભવસાગર માંય...આનંદ
સીડી ચઢુ હું જ્ઞાન ગંભીર તણી રે,
સૂઝે સરજનહાર......આનંદ
મહા પદને સાધુ સુધ બુધ લાવી રે,
મહા શૂન્યમાં નિશાન...આનંદ
ધુન ઉપર ધુને બેઠા ધણી રે,
ઝળકે નિરંજન જ્યોત...આનંદ
ગુરુગમ પરાની પાર રહી રે,
મન પવનથી દૂર...આનંદ
યથારથ જાણ્યું મે આનંદ મહી રે,
હરિ ગુરુ ચરણે બળવંત...આનંદ

(રાગ : મને પૂરવેના પુણ્ય આવી મળ્યા રે)

મેતો, પુરુષ જાણ્યો એક અવિનાશી રે,
ગાજે થઈ ગુણવંત...નેળો લાગ્યો મને નાદનો રે,
હું તો સદ્ગુરુ સંતને સેવી બેઠી રે,
ભાવ્યા શબ્દ ને ગુણ...નેળો





સાર શબ્દનો જાણ્યો ગુરુ ગ્રહી રે,
નાદ ગગનમાં થાય...નેળો
પલકે બીજને જ્યોત ઝબકે મહી રે,
વરસે માંહી નુર...નેળો
શુન્ય ધુન્ય ઉનમુન કહે કોઈ રે,
અર્ધને ઉર્ધ બિચશ્વાસ...નેળો
સરભર તો નાદ સગળે જાણી રે,
સૂરતા શબ્દે અટવાય...નેળો
બળવંત કહે ગુરુ ગમ જાણી રે,
અંશ અલખ ભેળો થાય...નેળો

## ગરબી વિભાગ

(રાગ : ઘરના ધંધાને પરહરીએ...)

ઘેર બેસીના રહીએ, હરિના ભજનમાં જઈએ,
ભજનનો ભાવતો મનુષને થાયે,
ગધેડાને ના ફાવે...હરિના ભજનમાં જઈએ
ખાટલે બેસીને હોકો ગગડાવે,
પ્રભુ ભજન ના ભાવે...હરિના ભજનમાં જઈએ
ઓટલે બેસીને છીંકણી સટકાવે,
ચાડીની વાત બોવ ફાવે...હરિના ભજનમાં જઈએ
ભેરૂ કરવામાં ભવ તારો જાશે,
કૂતરાંની જેમ શું ભટકે...હરિના ભજનમાં જઈએ
ખાવુ પીવુ ને મરવાનું જાણે,
પશુની જેમ શું જીવે...હરિના ભજનમાં જઈએ

મારૂ તારૂ શીદ પેટ કૂટે છે,
ખાલી આવ્યો ને ખાલી જાશે...હરિના ભજનમાં જઈએ
અવતાર આપ્યો છે એને ભજીલે,
કોડ સૌ પુરા થાશે...હરિના ભજનમાં જઈએ
બળવંત કહે ચેત આવા ચોઘડીયે,
ભવસાગર તરી જાશે...હરિના ભજનમાં જઈએ

(રાગ : ગુરુદેવ લેજો સંભાળ...)

ગુરુદેવ લેજો સંભાળ હોડી મારી દરીયે ઝૂલે છે,
ઝેર અને વેરના વાદળ ઘેરાણા છે.
ઈર્ષાનો વરસે વરસાદ, હોડી મારી દરીયે ઝૂલે છે.
લોભ અને થોભના લોટ ઉડે છે,
દરિયે છે મહા તોફાન, હોડી મારી દરીયે ઝૂલે છે.
રામના નામ રૂપી માલ ભર્યો છે,
હોડી લઈ જાવું પેલી પાર, હોડી મારી દરીયે ઝૂલે છે.
આરે વંટોળમાં બળવંત ઘેરાયો છે,
ગુરુદેવે ઉતાર્યો ભવપાર, હોડી મારી દરીયે ઝૂલે છે.

(રાગ : ગુરુદેવ લેજો સંભાળ...)

આવોને હે ગુરુદેવ નાવડી નોંધારી તારવા,
જાગ્યા તોફાન મધ દરિયાની વાટડી
જડતા મારગમાં અંધારી રાતડી
સાંભળો તમે હૈયાનો સાદ નાવડી નોંધારી તારવા

વેરણ વિજળીનો વાયુ સુસવાટની,
અજવાળે તારલાને માયાની ઘાટડી,
ઘેરાણા છે ઘનઘોર આભ નાવડી નોંધારી તારવા



છોડીના છુટતી આ માયાની ગાંઠડી,
મેલી મેલાયના મમતાની ગાંસડી,
કામ અને ક્રોધ બે વિરાટ નાવડી નોંધારી તારવા

ઝૂલતી એકલડી વિયોગી નાવડી,
માયા સમદરિયે નાવડી બળવંતની,
ગુરુદેવે નાખી છે દોર નાવડી નોંધારી તારવા

(રાગ : ફરી ફરી નહી આવે રે...)

ભક્તી કરીલે ભલા ભાવથી રે...આ અવસરીયો
અવસર આવ્યા છે, અલ્યા આજ મજાના,
ફરી ફરી નહીં આવે રે...આ અવસરીયો.
ભોળો થઈને અલ્યા ભોળવાઈ જઈશ ના,
મુક્તીનો મારગ જાણજે રે...આ અવસરીયો.
માટીનાં પુતળાને કોણે બનાવ્યાં,
કોણે ઘડ્યો છે ઘડનારો રે...આ અવસરીયો.
આત્માને ઈશ્વર કેવા રચાયા,
કેવો રચાયો કિરતારો રે...આ અવસરીયો.
ક્યાંથી રે આવ્યાં ને ક્યાં રે જવાના,
બહાર છુ કે ભીતર રે...આ અવસરીયો.
બળવંત કહે છે ભવે ભૂલાના પડતા,
ઘડનારા ને જાણજે રે...આ અવસરીયો.

(રાગ : જીવ તું શાને ફરે છે...)

જીવ તુ શાને કરે છે અભિમાન રે,
હે તારે આખર જવાનું શમશાનમાં...હે તારે.

માંસને હાડકાનો પીંડ બંધાયો,
દુરગંધમાં તુ અતિ ગુચાયો,
હે જેમ મંદિર વાગે છે ડંડારૂ...હે તારે.

અલ્પ માટે તું અત્યાચાર કરતો,
ભ્રષ્ટાચારમાં ભાન ગુમાવતો,
હે નથી ફેર તારૂ કે રાક્ષસનું...હે તારે.

ભૂવા દેખીને તૂ ભરમાઇ જાતો,
ચમત્કારને નમસ્કાર કરતો,
હે ભક્તી ધામે નથી ધુતારૂ...હે તારે.

બળવંત કહે ભવે ભક્તી કરીલો,
અનામી નામ હેતે હૈયે ધરીલો,
હે ચરણે આવીને ચેતન લઇ જાવ રે...હે તારે.

(રાગ : રમતા જોગી આયા...)

જુઠી જાતને તપાવે આ મુરખો તો જુઠી જાતને તપાવે
બ્રહ્મ બીજકમે જગત જમાયા જાત જાણીને જપટાવે
જઇ જંગલમે અંગ જલાવે (૨) બ્રહ્મકો બુંદમે ડુબાવે....
ઉપવાસ રાખી અંગ લપટાયા યોગમે યુદ્ધા લગાવે,
યોગીની કી યાદ નહિ પાવે (૨) મીણકા મેરમ બનાવે....
રંગ લગાવી બને શિયાળવું ભૂતળ ભેદ નહિ પાવે,
ઘુવડ ગતિને પોતે ધરીને (૨) દીનકો રાતમે ઠેરાવે....
પ્રેમ ન જાગે વિરહ તો રાગે પિવ કહાસે પાવે,
જીવત મસાણી જીવ ના જાણે (૨) પ્રીતમ ક્હાં પરખાવે....
કીડીના પગમાં ઝાંઝર વાગે જ્ઞાની પ્રગટ પરખાવે,
બળવંત કહે ગુરૂ ચરણે (૨) નુગરા નરકમાં જાવે....



(રાગ : રમતા જોગી આયા...)

ભણીને થયો તુ ભિખારી ઓભાઇ તુતો
ભણીને થયો તુ ભિખારી

સમજાયો પણ સાર ના પાયો (૨) વાણી બહુ લજવાઇ...

રૂપ પોતાનું શક્યોના પારખી ઉલટ ઓચિંતી ખાધી,
કર્તા કોણને ભૂલી ગયો (૨) કર્યો વણજ વેપારી...

જીવ તું તો જાળમાં લટક્યો વડની વેલને પકડી,
ઉપરથી દોષ ધરતીને દેતો (૨) વડની વેલ ના છોડી...

બકવાસ કરી કાગનો ગુરુ થઇ સેવક સારના નાથી,
અંતવેળા તમે ક્યાં જઇ મળશો (૨) એ વખત ના વિચારી...

દાસના દાસનો દિન ના ઉગ્યો મોટપે લીધો છે મારી,
નામ બળવંતને નવ ઓળખ્યું (૨) જીતી બાજીને ગયો હારી...

## કિર્તન ચાંચારી

(રાગ : માયરામાં પહેલું મંગળ વરતાય રે...)

સાંભળો સંતો ગુરૂ મહિમાની હેલી રે,
પામરમાંથી માનવ મને રે કીધી રે...સાંભળો

તોલ્યો જોને સારો સંસાર વિના ડાંડી રે,
બોલે અને બોલાવે પરમ વાણી રે...સાંભળો

કાયા તણો ઘડનારો કીરતારી રે,
જીવ ઈશ્વર માયાના ભેદને જાણી રે...સાંભળો

સચરાચરમાં નામ અવિચળ જાણી રે,
ક્યાંથી આવી ક્યાં રે જવાની એ વીધી રે...સાંભળો

લખવામાં અલખ નહિ આવે કાંઇ રે,
જગત ઉભુ થયું પહેલાંનું હું નાણી રે...સાંભળો

ગુરૂશિષ્યનો ભેદ ટાળ્યો અંતરથી રે,
બળવંત કહે સદ્ગુરુ સાચા બેલી રે...સાંભળો

(રાગ : માયરામાં પહેલું મંગળ વરતાય રે...)

ગુરુજીએ સાચો શબ્દ સુણાવ્યો રે,
સૂરતાને ઠહેરાવાની આતો શાંનો રે...ગુરુજીએ

શૂન્ય શિખર મઢિમાં મોરચો બંધાયો રે,
અદ્ધર તખત તાલ તમાસો મિલાયો રે...ગુરુજીએ

આધ ભોવનમાં આસન દ્રઢ જમાયો રે,
નિજ ઘર આતમ અંશ ઠેરાયો રે...ગુરુજીએ

અલખની નિશાની ગેબી ગુફાયો રે,
મનરે મુકી આતમ પરમાતમ મળીયા રે...ગુરુજીએ

સંશયના સાગરમાં જાતો તણાતો રે,
ગુરૂજીએ બાંહ્ય ઝાલીને બ્હાર કાઢ્યો રે...ગુરુજીએ

બળવંત કહે આધ ઘરની વસ્તુ પાયો રે,
ઇંડ ઉપર આપને આપસો નાતો રે...ગુરુજીએ

(રાગ : માયરામાં પહેલું મંગળ વરતાય રે...)

ગુરુજીતો આવો મુકામ બતાવે રે,
એને જોઇ મન મારૂ મલકાયે રે...ગુરુજીતો



પુનમની આ રાત કેવી અંજવાળે રે,
નિશાની એ અનહદ વાજા વાગે રે...ગુરુજીતો

બ્રહ્મ રૂન્ધમાં થાય રણકારી આજે રે,
નાભી કમળમાં ડંકો વાગેને નિરખાયે રે...ગુરુજીતો

અનાદી આ નિરંતર અઘાટી નામે રે,
શબ્દ પ્રમાણ પુરુષ અનાદી પદે રે...ગુરુજીતો

ત્રણ ભોવનમાં તેના સમોવડ નાવે રે,
તૃરિયાતીતની પતીત મારે છે ભારે રે...ગુરુજીતો

સદ્ગુરુ વિના દેશ કોઇ નહિ જાણે રે,
બળવંત જાહેર પદ નિજ નામે રે...ગુરુજીતો

(રાગ : સાચારે ગુરુજી મારા અલખને...)

સાચારે ગુરુજીએ આનંદ એવા ઉપજાવીયા,
હરેક એવા ગુરુજી એ શબ્દ સમજાવીયા રે...હા...

રજની સંતાઇને સૂરજ પરકાશ્યા ને અંતરના તાળાને ખોલીયાં
હરેક એવા સોહી દેવને દરસાવીયા રે...હા...

મોરલીયો બોલેને મેઘોરે ગાજે ને વિના વાદળે વરસે મેવલાં
હરેક એવા વિના સમુંદર મોતી નેબજ્યા રે...હા...

ઓહમ સોહમ દોનો તાર તણાયાને તાણ્યા ગુરુના દરબારમાં
હરેક એવા હૃદય કમળમાં રાસ રચીયા રે...હા...

નાભી કમળમાં તો નેજા રે રોપીયાને અક્ષર ઘોડલે બેસતાં
હરેક એવા સચરાચરમાં પરગટ ભાળીયા રે...હા...

ગુરૂ પરતાપે બળવંત બોલેને નાદમાં નાદ મિલાવીયા
હરેક એવા નાદ ભઈને આતમ પામીયા રે...હા...

(રાગ : ગૌરીના પુત્ર નંદરે ગણેશ...)

ગિરિજાસુત ગણ નાયકને રિદ્ધી સિદ્ધીના સ્વામી હો નાથ
માતા પારવતિને પિતા મહાદેવા હો...લાલ...

પીળાં પીતાંબર લંબોદરાય ઉંદર પર અસવારી હો નાથ
માતા પારવતિને પિતા મહાદેવા હો...લાલ...

પરથમ પહેલાં પૂજન થાતુ રે ગુણો તણા ગિરધારી હો નાથ,
માતા પારવતિને પિતા મહાદેવા હો...લાલ...

કોટિ સૂરજ ઝાંખો પડે ને અષ્ટ સિદ્ધિ ના સ્વામી હો નાથ
માતા પારવતિને પિતા મહાદેવા હો...લાલ...

મોદિક મેવાને પુષ્પ સિંદુર ભક્તો ધરે ભાવ ધરી હો નાથ
માતા પારવતિને પિતા મહાદેવા હો...લાલ...

ગણેશ દેવના ગુણલા ગાવે માનવને મોટા મુની હો નાથ
માતા પારવતિને પિતા મહાદેવા હો...લાલ...

અનામી નામ બળવંત ભાયાને પુજે નિર્ગુણ નિષ્કામી હો નાથ
માતા પારવતિને પિતા મહાદેવા હો...લાલ...

(રાગ : રામબાળ વાગેલાં હોય તે નર જાણ...)

ગુરૂની પ્યાલી પીધેલી હોય તે નર જાણ,
હેજી પેલા નુંગરા નરકે શું જાણ
અમૃતની પ્યાલી પીધેલી હોય તે નર જાણ



મેવાડમાં બાઈ મીરાં એ પીધી,
હેજી પેલા રાણોજી રણમાં શું જાંણ...અમૃતની

જૂનાગઢમાં મહેતા નરસિંહે પીધી,
હેજી પેલા માંડલિક મનમાં શું જાણ...અમૃતની

હસ્તિનાપુરમાં અર્જુન જીએ પીધી,
હેજી પેલા દુર્યોધન દિલમાંશું જાણ...અમૃતની

નામ નાગરમાં બળવંતે પીધી,
હેજી એવા ગુરુજી મળ્યા બ્રહ્મજ્ઞાની...અમૃતની

## કિર્તન ઠુમરી

(રાગ : ભૂલ ભરમણા ભાગી...)

ચરણે આવ્યો છું ઉગારો સદ્ગુરુ દેવા ચરણે આવ્યો છું ઉગારો
હે...જી...મારે નથી કોઈ બીજો સહારો...સદ્ગુરુ

સચરાચરમાં નામ અવિચળ અનાદનો નહિ આરો,
અવિગતથી અલખ ઉપન્યો (૨)
રોમે રોમ રણકારો...સદ્ગુરુ

નાભી કમળથી બ્રહ્માજીએ નામનો નાદ ઉઠાયો,
વિષ્ણુ દેવા પાન કરાવે (૨)
શિવજીએ શૂનમાં સમાયો...સદ્ગુરુ

સંસાર સાગર મહાજળ ભરીયો ઘાટની બનાવી છે. સેજ્યો
અખંડ આનંદમાં પરભુજી પોઢે (૨)
ગુરૂ મુખે જ્ઞાન ગવાયો...સદ્ગુરુ

પરમેશ્વરનું પદસમજાતા મન મંદિરમાં સમાયો,
બળવંત ચરણ પરખતા (૨)
નિજ નામે ઠેકો લગાયો...સદ્ગુરુ

(રાગ : જમવા પધારો મહારાજ રે...)

પ્રેમથી પધારો મહારાજ રે...મને આશા તમારી
આશા તમારી ને આધાર તમારો
ગુણીજનો ગુણીલા ગાય રે...
મને આશા તમારી
ભવ દરિયો ભર્યો અખૂટ ખારો,
આરો ના મને દેખાય રે...મને આશા તમારી
મહાસાગરે મગર મચ્છનો ધમકારો,
પકડી પલકમાં ખાય રે...મને આશા તમારી
કોટિક દેવથી નથી બચનારો,
બુડતાની ઝાલો ને બ્હાય રે...મને આશા તમારી
વ્હાર ન લાગે પ્રભુ વ્હેલેરા આવજો,
ફુલડુ કરમાઈના જાય રે...મને આશા તમારી
પ્રભુજી પધાર્યા અખંડ આનંદ વરતાયો,
બળવંતને નામનો આધાર રે...મને આશા તમારી

(રાગ : જમવા પધારો મહારાજ રે...)

સદ્ગુરુ દાતાને દેવ...રે મારો જનમ સુધાર્યો
જનમ સુધાર્યો મને સુતો જગાડ્યો
ગુરુજીનો મહીમા અપાર...રે મારો જનમ સુધાર્યો
શાંન કરીને અલખ પુરુષ ઓળખાયો,
એક પલક ના વિસરાય...રે મારો જનમ સુધાર્યો





સચરાચર વાસી સદ્ગુરુ એ બતાયો,
કોટી તીરથ નુ એ ધામ...રે મારો જનમ સુધાર્યો
શરદ પૂનમની શશીવત કળાયો,
અમીરસ પીવા મન લોભાય...રે મારો જનમ સુધાર્યો
શેષ, મહેશ, ગણેશે ગુણ ગાયો,
સરસ્વતી સાથમાં જણાય...રે મારો જનમ સુધાર્યો
બળવંત ગુરુજીના ચરણોને પાયો,
જમના હાથેથી છુટી જાય...રે મારો જનમ સુધાર્યો

(રાગ : કરમમાં કુટાઇ જાશો રે...)

મારગડે ચેતીને ચાલો રે...આવી જીંદગીમાં
સંસારી સપનાને સેવે, મેડીયો મોટી બંધાવે,
અગની જનમે અંગારો રે...આવી જીંદગીમાં

માયાનો એવો રંગ લાગે, ભાથુ તુ ભક્તિનું ભુલે,
આપેલો તુ કોલ ચુકે રે...આવી જીંદગીમાં

પાંચ શત્રુ તારા આવે, ઘાંચી ઘેર ગમાર ઘાલે,
તેતર ઉપર બાજ ફરે રે...આવી જીંદગીમાં

માલ મિલ્કત અહી રેસે, એકલો અંધારે જાશે,
ત્યારે કોણ વારે આવશે રે...આવી જીંદગીમાં

સાચો મારગ ભૂલી જાવે, મગર મચ્છનો માર ખાવે,
ત્રણ તાપ તને નડે રે...આવી જીંદગીમાં

અહંકારે અવળો ચાલે, અભિમાને અટવાયે,
જીવન તારૂ એળે જાવે રે...આવી જીંદગીમાં

બળવંત ચેતવે રે, સદ્ગુરુ સેવજે રે,
ભવસાગર તરી જાશે રે...આવી જીંદગીમાં

(રાગ : જાગ્યા ભાગ્ય માર રે...)

વેપારી તો આયારે અગમ ઘરની વાત લાયા,
પામરને પતિત ના આવે (૨)
મરજીવા મોજ મારે રે...અગમ ઘરની...
પથ્થર દેવનો પાર ના આવે (૨)
પ્રગટ મુર્તિ પોતે રે...અગમ ઘરની...
અણુ અણુમાં પ્રગટ બોલે (૨)
નુંગરો નવ જાણે રે...અગમ ઘરની...
વચન વિશ્વમાં દિવા રૂપે (૨)
આપે હાથો હાથ રે...અગમ ઘરની...
જમરાજાને મોત આવે (૨)
સદ્ગુરુ શાંન કરે રે...અગમ ઘરની...
સન્મુખ વિના ભેદ ભાસે (૨)
બળવંત બેઠા બજારે રે...અગમ ઘરની...

(રાગ : જાગ્યા ભાગ્ય માર રે...)

ભૂલો પડ્યો પોતે રે બીજાના માથે શું પાડે,
આપેલો તું કોલ ભૂલે (૨)
ગુરુ દ્રોહ લાગે રે...બીજાના માથે...
સામર ફુલની પાછળ પડે (૨)
ગળી મીનકા પકડે રે...બીજાના માથે...
વાસનામાં અંધ બને (૨)
ગીગો ગોબર ખાણે રે...બીજાના માથે...



જેસલ કરતાં જબરો થાયે (૨)
નાવો તારી ડુબે રે...બીજાના માથે...
સંતોના શબ્દો ના સમજે (૨)
ગધેડો ગોથાં ખાય રે...બીજાના માથે...
નર સિંહ મહેતો બને (૨)
બળવંત જડે ત્યારે રે...બીજાના માથે...

(રાગ : કૃષ્ણ કોને કૃષ્ણ કોને...)

નામ ભજો નામ ભજો નામનો આધાર રે,
સચરાચરમાં કૃષ્ણ વસ્યાં નામની નિશાની રે,
અક્ષર ઘોડે બેસી બોલે અનામી સમજાય રે...

અક્ષર ધામમાં નામ નગરી અનામ બેઠો દેવ રે,
કાયા વિના કામ કરતો ઠાલુ નહિ ઠામ રે...

અડસઠ તિરથ અંધો ચાલ્યો દેવ નહિ દિઠો રે,
ગુરુ વિના ગોથાં ખાતો કાયા એની કાચી રે...

અનામ આદી ગુરુ બેઠા નામ નાદી ચેલો રે,
નીજ પ્રભુ રમી રહ્યાં બળવંત ચરણ સેવે રે...

(રાગ : મારા ગુરૂની સંગાથે સગપણ...)

ગુરૂજી આવ્યા આજે મારા આંગણીયે,
મારા દેહમાં આનંદ વરતાય...આજે મારા...

મારા પ્રેમના ફુલડાં ગુંથાવીયે,
ઘણા ભાવે પધાર્યા ભગવાન...આજે મારા...

સંતો અંતરના તાળાને ખોલીયે,
નામ નગરમાં કૃષ્ણ સમજાય...આજે મારા...

તન મન ધન શીશ સોંપીયે,
સાકાર સ્વરૂપ પ્રભુજી પરખાય...આજે મારા...

પંથા પંથીના ભેદને ઢાળીયે,
ગુરૂ ચરણે અનામી ઓળખાય...આજે મારા...

નીજ સ્વરૂપ બધુ બળવંત જાણીયે,
મનખા જનમ સફળ થઇ જાય...આજે મારા...

(રાગ : નિરાંતે રહેવું રે નિરાકારમાં રે...)

ગુરૂજીના દેશ અમે જઇએ રે
અખંડ આનંદ વરતાય રે સાહેલી...

ગંગા જમનાને સરસ્વતી રે,
ત્રીવેણી ઘાટ ઘડાય રે સાહેલી...

મુળ વચનનો મહિમા રે,
નાનુ મોટુ ના જણાય રે સાહેલી...

બાવન બ્હાર બાવો બોલીયો રે,
નામ અનામી જણાય રે સાહેલી...

નામ રૂપ ગુણથી ન્યારા રે,
લખ્યા અલખ ના કહેવાય રે સાહેલી...

ગુરૂજી મળ્યાં ને ફેરા ટળીયા રે,
ચરણે પડુને પરખાય રે સાહેલી...

તૃષા મટી રે પ્યાલો પીતાં રે,
ગરૂ ચરણે બળવંત પરખાય રે સાહેલી...



(રાગ : નાની નાની માંદગી રે...)

પાખંડી લોકોથી આ ભક્તી ના થાય રે,
હરે દેખા દેખી નહીં ચાલે રે...

મોરલાની કળા તો સાચી કહેવાય રે,
હરે કોકડીયાથી કળાના થાય રે...

કુવાની દેડકી તો કુવો વખાણ રે,
હરે વેશ્યા વહેવારમાં શું જાણ રે...

રાણીયોની દાસી રાણી જોડે ફરે રે,
હરે ગધેડાથી સિંહ ના બનાય રે...

બત્રીશ શણગાર નારી અંગમાં પેર રે,
હરે નાક વિના શા કામના રે...

ગુણ કાનો બેટો બાપ કોને કહેવા જાય રે,
હરે નાતરામાં નડતર નડશે રે...

ભક્તી નહીં પોપાબાઇના રાજ રે,
બળવંત વિના માર ખાશાં રે...

(રાગ : તન ઘોડો મન અસવાર...)

મોરલીયો બોલે ને મન મુંઝાય સંતો રે ભાઇ,
મોરલીયો બોલે ને મન મુંઝાય (૨)
એવું ચિતડુ નથી રે મારા હાથમાં હોજી
વિજળી કરે છે. ચમકાર સંતો રે ભાઇ (૨)
એવા મોતીડાના વરસેરે મેહુંલાં હોજી
છલકાયા સમુંદરો સાત સંતો રે ભાઇ (૨)
એવો હંસલો વિણે છે સાચા મોતીડા હોજી

નદીયોતો નીર લઈને જાય સંતોરે ભાઈ (૨)
એવા અમે રે ધોયેલાં મેલાં ધાગડાં હોજી
ધોળી ધોળી દોતલીયો ધોવાય સંતો રે ભાઈ (૨)
એવા લાલ રંગરે એને લાગીયા હોજી
બળવંત ગુરૂ ચરણે જાય સંતો રે ભાઈ (૨)
એવા અમર મળ્યા રે નામ નિજના હોજી

(રાગ : તન ઘોડો મન અસવાર...)

જંગલમાં જીવડો ગભરાય સંતો રે ભાઈ
જંગલમાં જીવડો ગભરાય,
એવી કોઈ તો આપો રે અમને ભાલડી હોજી...

વૃક્ષો આશરે ના રહેવાય સંતો રે ભાઈ
ઝાંઝવાના જળ ના પીવાય,
એવી પ્યાલી પાવો રે અમને પ્રેમની હોજી...

કાંટાને કાંકરે વિધાવ સંતો રે બાઈ
સર્પોના ડંસના સહેવાય,
એવી અમૃત ડાળી રે આપો રસની હોજી...

હિંસક પ્રાણીથી ડર થાય સંતો રે ભાઈ
અંધ બનીને અટવાય,
એવી કોઈ તો આપો રે અમને આંખડી હોજી...

લત્તાની શાખાએ લક્ષ જાય સંતો રે ભાઈ
પક્ષી રમાડવા મન જાય,
એવી સિંહણ આવીને કાળ સાધતી હોજી...



ગુરૂજીએ કરીરે શાંન સંતો રે ભાઈ
બળવંત શાંન માં સમજાય,
એવી શબ્દે મળી રે ભેદ ભાલડી હોજી...

(રાગ : બોલ એતો બીજો નહિ...)

ડુંગર ઉપર એક ડુંગરી રે માથે બોલે છે મોર,
ડુંગરીમાં એક છે ડેરડી એમાં વસે રે કોણ,
સદ્ગુરુ મળતાં સમજાવશે આપશે નિશ્ચય જ્ઞાન...

દાવાનળે ડુંગર ઘેરાયો રે લુચ્ચો લગાડે લ્હાય,
પાંચ મળીને ઘેરો ઘાલીયો જાણ આપણો શિકાર,
સદ્ગુરુ મળતાં સમજાવશે આપશે નિશ્ચય જ્ઞાન...

વાંસરે વિનારે વાગે વાંસડી રે રાધા રમતી ત્યાં રાસ,
એરે ડેરીમાં મારો શામળો મુલ અમુલખ હોય,
સદ્ગુરુ મળતાં સમજાવશે આપશે નિશ્ચય જ્ઞાન...

સમુંદર ભરેલો વિના પાળનો રે મોતી રૂપાળા થાય,
હંસલો હશે એતો ચુમશે વખિયલ કરંડિયે પુરાય,
સદ્ગુરુ મળતાં સમજાવશે આપશે નિશ્ચય જ્ઞાન...

વિના જીભનો આતો મોરલો રે બોલે અગમની વાત,
નામ બળવંતને નિહાળતાં જય જય દેવરે દેખાય,
સદ્ગુરુ મળતાં સમજાવશે આપશે નિશ્ચય જ્ઞાન...

(રાગ : ક્યાંથી આવ્યા રે રમતા સમા...)

વિશ્વમાં વર્તો રે વિવેક, પ્રાણી...હા
સત અસતનો કરવો વિચાર, ચેતીને તમે ચાલજો...

અગિયા ઉડે રે આકાશ માંહી...હા
એથી તિમીર દુર નવ થાય, ચેતીને તમે ચાલજો...

કાગજ હોડી રે સાગર માંહી...હા
એ તો પાર નહિ પહોચાવ, ચેતીને તમે ચાલજો...

વાદ ભરી વાણી રે વદે શું જાણી....હા
એતો ભણે ખરો પણ ના ગણે, ચેતીને તમે ચાલજો...

કોયલ ઈંડા રે કાગે સેવ્યાં....હા
શબ્દો પરખીને ઉડી જાવે, ચેતીને તમે ચાલજો...

બળવંત બોલે રે નિચ્ચે નાણી...હા
ઉપજ્યામાં આવેલું સરવે કાચુ, ચેતીને તમે ચાલજો...

(રાગ : સૂતી હતી રે હુંતો...સેજમાં રે...)

સંતો સૌ ચાલ્યા...ચરણે રે
હેલી મારી ગુરૂજી ચરણમાં આનંદ હોય
સંતો મારા ચાલોને ગુરુજીના દેશમાં રે...

જોયો પંખી રૂપી...હંસલો રે
હેલી મારી અગમ નિગમની એની પાંખ
સંતો મારા ચાલોને ગુરૂજીના દેશમાં રે...

જ્ઞાન એવું ગુરુના...ચરણે રે
હેલી મારી પ્રણવ સ્વરૂપ એની આંખ
સંતો મારા ચાલોને ગુરુજીના દેશમાં રે...





કામ કલાનો કંઠ...રૂપજો રે
હેલી મારી શિવ શક્તિ છે એના પાવ,
સંતો મારા ચાલોને ગુરુજીના દેશમાં રે...

હંસ પર ગુરુના...પાવ છે રે
હેલી મારી વ્યાપી રહ્યું સચરાચર
સંતો મારા ચાલોને ગુરૂજીના દેશમાં રે...

દર્શન બળવંત...કરતો રે
હેલી મારી સદ્ગુરુ એ કરેલી મ્હેર,
સંતો મારા ચાલોને ગુરૂજીના દેશમાં રે...

(રાગ : મન મુખડાની માયા લાગી રે...)

વાંસલડી વૃંદાવન વાગી રે...ગીરધારી લાલા
ઊંઘમાંથી હુતો જાગી, વનના મારગડે ચાલી
કાયા મને લાગે કાચી રે...ગીરધારી લાલા.

વેદ ચાર ભરે પાણી, ગીતાજી ત્યાં રહ્યાં તાકી,
પંચમ વેદ ને પરમાણી રે...ગીરધારી લાલા.

વિના વાદળ મેઘો આવી, વાડમાં એ રહ્યો વરસી,
ખલક રહ્યું નથી ખાલી રે...ગીરધારી લાલા.

નામ નાથ અલખ ધણી, નહી પુરુષ નહિ નારી,
બળવંત સોહાગી સ્વામી રે...ગીરધારી લાલા.

(રાગ : મન મુખડાની માયા લાગી રે...)

સદ્ગુરુ શાંન કરે રે, ઝંજાળી જીવડા...
શાંને કારણ મનુષ્ય બન્યો, કુટુંબ કુળનો ભાર ખેંચ્યો
ગધેડાનું જીવન જીવ્યો રે...ઝંજાળી જીવડા...

ન્યાય નીતી ખોટી શીખ્યો, ચાડી ચુગલીનો વેપાર માંડ્યો
સ્વભાવમાંતુ સિંહ બન્યો રે...ઝંઝાળી જીવડા...

ઉદરમાં તું શું રે બોલ્યો, આપેલા કોલોને ભૂલ્યો,
ઘાંચીનો બળદિયો બન્યો રે...ઝંઝાળી જીવડા...

ગુરુ ચરણે જે નર પડ્યો, એનો નામો અમર રહ્યો,
ગુરુ ગમે બળવંત જડ્યો રે...ઝંઝાળી જીવડા...



# રાગ : વિભાગ : કાફી

(૧)

ગુરુનું નામ જાલી લેજે જાલી લેજે
નઈતો ખાઈશ જમના માર...ગુરુનું...

સાખી :-

દહી વલોવી માખણ તાવ્યું અને ઘી રે પડ્યું નામ
એનામ અમે નક્કી કર્યું...અને એવા અમારા રામ.

સાખી :-

રોમે રોમમાં નામ વસે પણ નથી નામને ચામ,
ચામ વિના ચરાચરમાં વસે...એતો કાયા વિના કરે કામ.

સાખી :-

રાત્રે રાજા રાવણ થયો અને સવારમાં રાવળ હોય,
આવી જગતની જોને ભવાઇ...આતો સંસાર સપનું જાણ.

સાખી :-

સૂરતા સામે શ્યામ બેઠા પણ નુંગરાને નાજડે ધામ,
જમરા આવી ઝાલી જાશે ત્યારે...એતો ક્યાં ઠેરાવશે ઠામ.

સાખી :-

સદ્‌ગુરુ ના શરણે જઈને ઓઢતુ ધરમની ઢાલ,
બળવંત કહે ગુરુ ચરણે...બાંધે પાણી પહેલાં પાળ.

(૨)

સમજ મન ભૂલ પડી ભૂલ પડી,
નાવ નામ વિના નહિ તરે...સમજ

સાખી :-

વાલોર જાણી વાવી દિધુ ને ફળ કુવેચનું થાય.
મોતી જાણીને ભેરૂ કર્યું...એતો ખખડાટ કાચનો થાય...

સાખી :-

કાશીમાં જઇ કરવત મુકાવે ને તપીયા તિરથમાં જાય,
ઠરવાનો કાંઈ ઠામ ના મળે...એના નવ દ્વાર ખુલ્લા જણાય...

સાખી :-

ઝાકળ કેરુ પાણી પીને તરસ કોઈની ના છીપાય,
અમૃત જેવી વાવળી મળે તો...એવા તરસ્યા પાછાના જાય...

સાખી :-

ગેબી ગુફામાં એક દીપ બળે ને અમર પદ ઓળખાય,
શીશ સોપ્યા વિના સમજાય નહિ...એવા સૂરા સન્મૂખ થાય...

સાખી :-

દૂધે ધોયલા કોયલાની જેમ ધોળા એટલા હંસ ના હોય.
મોતી ખોળી ને જે પરખાવે...એવા હંસા બળવંત હોય...



(૩)

આ સંતપણુ સ્હેલ નથી સ્હેલ નથી,
એના મુલ ચુકવવા પડે...આ સંતપણું...

સાખી :-

પર્વત ગુફામાં નિવાસ કરી તવંગરો તવંગીરીને તરછોડે
પ્રકૃત્તિ પાસે ભિક્ષા પાત્ર ધરે...કોઇ હિમાળે હાળ ગાળે...

સાખી :-

તપોપૂત ઋષિ તપમાં બેઠા અને મૌન વ્રતધારી મુખ બાંધે,
મહા કવિઓ કાવ્ય વણે...કોઇ વૈરાગી વનમાં ફરે...

સાખી :-

કર્મયોગ ભક્તિ તણો પણ કર્મે કસાઇ ના બને,
ભાવના અને કલ્પાની કૃતિને...પ્રાણ પુરીને પ્રેરણા કરે...

સાખી :-

વિશ્વ વિનાયકનું ધ્યાન કરી કર્તવ્યમાં પ્રેરણા કરે,
માનવ કુળને જ્ઞાન પખાળે...એવો અનુભવ નિચોડ ધરે...

સાખી :-

કર્મ કરી ને નિષ્કામ રહે એને અહંકાર નહી અડે,
બળવંત કહે એવા નરને...એવા પોતે ઈશ્વર જડે...

(૪)

શબદમાં શું સમજે શું સમજે
જેની સૂરતા શાંને ચઢે...શબદમાં...

સાખી :-

શૂન્યમાંથી સર્જન થયું ને અલખ ધૂન આદે,
ઝનનન ઝનનન ઝાલરી વાગે...એતો ત્રણ ભૂવનમાં ગાજે...

સાખી :-

રોમ રોમમાં રણકી રહ્યો ને ઓહમ સોહમ ના નાદે,
તનનન તનનન તુંબડી વાગે...એવી નુરત સુરત કોઇ નાથે...

સાખી :-

નિરગુણ શિરગુણ શબ્દ બન્યાને ચારે દિશામાં ભાળે,
શનનન શનનન સૂરા ખેલે...એવા નામ નાદને પાવે...

સાખી :-

રૂપ નથી રંગ નથી ને ફુલવાડીએ ફળ લાગે,
કનનન કનનન કણબી ખેડે...એતો ગગન ઘાટને માપે...

સાખી :-

નામ વિના નુંગરોશુ તરે આવા અનાદના આરે,
બળવંત કહે સુગરા નરને...એતો વિદેહી પદમે પામે...



(૫)

મુરત મને એવી જડી એવી જડી,
એને જોતા મોરલી જડી...મુરત મને...

સાખી :-

શૂન્ય શિખર પર તપીયા જોગીને અધ્ધર તખતમાં તાળી પડી,
ભમ્મર ગુફામાં મઢી બાંધી...મને સંતની ટોળકી મળી...

સાખી :-

ઓહમ સોહમ ના રસ્તા જડી ને અજબની ગાડી રંગીલી,
નિશાને ત્રણ રંગ જોઇ...બાવન બહારની બંગલી જડી...

સાખી :-

દસમી બારી ઉઘાડી ત્યાં ઘાટે ઘાટમાં મણી પડી,
સદ્ગુરુ મળ્યા ને સૂરતા ડોલી...મને મણી મોટી જડી...

સાખી :-

વૈખરી જંતર મંતર ખેલે ને મુરતી નાચે ખરી,
અખંડ ધર્મી ગુરુ ચરણે...પાવ લાગે બળવંત લરી...

(૬)

આ તત્ત્વને વિચારજે વિચારજે,
પછી તારુ ઠેકાણું ઠેરાવજે...આ તત્ત્વને...

સાખી :-

ઈચ્છાએ સત્ત્વ રજને તમ થયા ને તેમાં આકૃષ્ટ થયો બ્રહ્મ,
પ્રતિબિંબિંતે અહંકાર થયો...એથી અપંચીકૃત આકાશ...

સાખી :-

સાત્ત્વિકાંશથી જ્ઞાનેદ્રિય અને અંતઃકરણ ઉપજયા ચાર,
અનુક્રમે એક દેવ બેઠા...એ તો કાર્યરત જણાય...

સાખી :-

રાજસાંશથી કર્મેન્દ્રિય અને પ્રાણ ઉપજયાં પાંચ,
તામસમાંથી પંચભૂત થયા...ચૌદ લોકને ચારે ખાણ...

સાખી :-

જાગ્રત સ્વપ્ન સુષુપ્તી અને વળી મુર્છાને મરણ,
પાંચ અવસ્થા દેહ તણી...એવો ઈશ્વર અળગો જાણ...

સાખી :-

ઈશ્વર આત્મા આદિ તણો ને અક્ષર કહેવાયો બ્રહ્મ,
યથારથને જુગતે જાણો...આતો કલ્પના બળવંત જાણ...



(૭)

શ્વાસાને જાણી જોજે જાણી જોજે,
એથી ગુરુ ચરણ મળી જાય...શ્વાસાને...

સાખી :-

ચરાચરમાં સર્વે પડ્યા અને આજ્ઞાએ બે જડ્યા,
રસ અને યુજતાવાળુ...એવા રવિને પ્રાણ પરખાયા...

સાખી :-

કંઠે સોળ હૃદયે બાર અને નાભિએ દસ કહેવાયા,
શિશ્ને છ મૂલાધાર ચાર...અડતાલીસને બે એ ગુણ્યા...

સાખી :-

છશુ ને ત્રણ માત્રાએ ગુણતાં બસો ઈઠ્યાસી થયા,
એટલા સુધી ઈશ્વર રહ્યા...પછી ક્ષેત્ર શરીરમાં છાયા...

સાખી :-

પચ્ચીસ સ્થુળે ગુણી જોતાં સાત હજાર બસો થયા,
અવિદ્યા ત્રણ ગુણે ગુણતાં...એકવીસ હજાર છસો થયા...

સાખી :-

બાહિર અંતર વહન થતાં હંસ શબ્દને પાયા,
સ્થંભિત કરો ગુરુ ગમે...બળવંત ગુરુના ગુણલા ગાયા...

(૮)

મન તુ જાગીને જો જગતમાં જૂઠ ઘણી,
સતનાતો સંગી હરી બનાવટ બીજી બધી

સાખી :-

પરમાર્થમાં કોઇ પ્રીત કરે તો દુરિજન ઘણો અકળાઇ,
કુટિલતા અતિ અંગમાં ને જૂઠ જડતામાં જકળાઇ,
આળ ચઢાવે જૂઠુ રે દુરિજનની એવી મતી.

સાખી :-

ધન મેળવ્યું ધાઇ ધુતીને જેમ મધની રે માંખી,
ફોગટ ફંદે બંધન થયો અંધ આખે અંતરની,
ધિક જીવ્યું સંસારમાં રે ગમ વિના લિધ્યો ઘેરી.

સાખી :-

રસના ખુવારી બહુ થઇ અધર્મ શબ્દ ઉચારી,
કાઢે વચન કલેશના ને વિરોધ કરતાં ન વારી,
ઉપજેલું કાચું ગણી બળવંત બોલ્યો વરી...

(૯)

કેમ તૂટી લ્યા દોરી કેમ તૂટી,
તારી વિજોગી નાવડી ડૂબી લ્યા...દોરી કેમ તૂટી...

સાખી :-

સદ્ગુરુ એ આવી સમજાવીયો પણ પથ્થર ન પલડ્યો પેટ,
હેજી હંસા જેવો દેખાવ કરે તોય બગલાનો વેશ,
હેજી...તારી સમજ થયેલી બુઠી લ્યા દોરી...



સાખી :-

નામની ખુટીએ નાવ બંધાવી પણ બિલાડી ન સાચવે દૂધ,
હેજી કોયલ જેવા બોલ બોલે તોય કૌંઆ નું કુળ,
હેજી...તારી મતી મસાણીયાના જેવી લ્યાં દોરી...

સાખી :-

સાગર વલોવી અમૃત પાયુ પણ દાનવ ન થયો દેવ,
હેજી બળવંત તને યાદ કરાવે સમજે ચતુર શુ જાણ,
નહિતો જીતી બાજીને જશો હારી લ્યાં દોરી...

(૧૦)

તે તો ચાંબડામાં શું જોયું ઓ મુરખા શું મોહ્યો શું મોહ્યો
તારૂ જીવન અવરથા ખોયુ ઓ મુરકા શું મોહ્યું શું મોહ્યો

સાખી :-

અતિ રૂપાળુ આ અંગ ઘડ્યું પણ ઘડનારો ના જોયો,
મોહ માયામાં ફસાઇ ગયો ને છતી આંખે તને અંધાપો,
તારી જમડા જોશે વાટ્યો ઓ મુરખા શું મોહ્યો...

સાખી :-

ચાર દિવસનું ચાંદરણું ને જેમ પાણીનો પરપોટો,
અગિયા ઉડે આકાશમાં ને ફુટી જશે ખોટો,
વેગે વણસી જતાં જોયો ઓ મુરખા શું મોહ્યો...

સાખી :-

વિષય વાસનામાં લુપ્ત થઈને કરતો કાગનો ચારો,
ઉપરથી તો શુદ્ધ દેખાયો ને વેશ બગલા વારો,
તને તારી ખબરના પડી ઓ મુરખા શું મોહ્યો...

સાખી :-

બળવંત કહે એવા નરને ગુરૂએ પણ ના જોયો,
એવા નર નરકમાં પડી માતાના દુધને વગોયો,
અંતે અંગમાં અકળાયો ઓ મુરખા શું મોહ્યો...

(૧૧)

કેવા હશે ગુરૂજી મારા કેવા હશે,
એની અકેણ કહાવે અંધાણી ગુરૂજી મારા કેવા હશે.

સાખી :-

હિન્દુ કરે એકાદશી ને દેવીને ઘરે બકરા,
મુસલમાન રોજા કરીને ગળુ કાપી કરે સરાદ,
દોનોને ખેલ રચ્યાં ગુરુજી મારા...

સાખી :-

એક રાખે ચોડી ને કાછડી લલાટે ચંદન લેપ,
દૂજા દાઢીને શેલી લગાઈ ખુલ્લા શીર ભભૂત,
દોનોને પાખંડ રચ્યા ગુરુજી મારા...

સાખી :-

એક હોલીકા ત્યૌહાર મનાવે દુજા મનાવે તાજીયા,
એક માથુ હલાવી ધુણવા માડે ને દુજા કાટતા જીભ,





દોનો પરપંચ રચ્યાં ગુરુજી મારા...

સાખી :-

એક કહે તજોમય અને એક કહે નુર,
એક કહે ઈશ્વર ને એક કહે અલ્લાહ,
દોનો સે ગુરુજી દૂર ગુરુજી મારા...

સાખી :-

હિન્દુ ને માથ યમ ખડા ને મુસલમાન માથે સેતાન,
હિન્દુ પડેગા નરકમાં ને મુસલમાન પડેગા દોજક,
બચાવે ત્યાં કયાં પ્રભુ ગુરુજી મારા...

સાખી :-

નાદ ભઈ તો આત્માઅંશ બુંદે કાયા થાય,
નાદ વિનાના ગુરૂ મળ્યા બુંદ વિના ચેલા હોય,
બળવંત સોહી પાયા ગુરુજી મારા...

(૧૨)

હેત લાવી પધાર્યા ગુરૂ આંગણે વળી,
હેજી આંગણે વળીને દયા દાસ પર કરી

સાખી :-

યુધિષ્ઠિર ભીમ અને છે વળી અર્જુન
સાથે છે સહદેવ ને છે વળી નિકુળ,
હે પાંચ પાંડવે આસન બિછાવિયા વળી,
બિછાવિયા વળીને દસે દિશા છવઈ..હેત

સાખી :-

વાયરો તો વાયુ લાવ્યો ને સૂર્યે કર્યો પ્રકાશ,
સ્વાદ તો વરૂણે લીધોને અત્તર અશ્વિની કુમાર,
હે ગંગા જમના સરસ્વતી ભેગી મળી,
એ તો લાવ્યા છે. નિરમળ નીરને વળી...હેત

સાખી :-

સરસ્વતી ગર્ભમાં વ્રજની તેમાં બેઠા ત્રણ દેવ,
ચિત્રિણી એ ચક્ર માંડ્યા કરોળીયાની જાળ,
હે સર્પ આકારે બ્રહ્મની તો શાભતી વળી,
ત્યાંતો શક્તિ નિહાળી નવખંડની ધણી...હેત

સાખી :-

ગુરૂના શબ્દે સાકાર થયાને ચરણે ઉગર્યા આજ,
ચોરાશીના ચક્કર થયાં ત્યાં અળગા આપો આપ,
હે સદ્‌ગુરુ પ્રતાપે બોલ્યા બળવંત વળી,
મારે આંગણે આનંદની હેલી વળી...હેત

(૧૩)

આખો અવતાર એળે ખોયો લ્યાં નુંગરા શું કહીયે શુ કહીયે
કહેતાં કહેતાં થાકી જઈએ લ્યાં નુંગરા શું કહીયે શું કહીયે.

સાખી :-

તારી માતાએ પથરો જન્મ્યો ને નદીના આરામાં નાખ્યો,
સુવાવડી બાઈએ એના ઉપર નીત નીત લુગડો ધોયો.
એવી ગંદકીમાં ગટકાયો લ્યાં નુંગરા શું કહીયે શું કહીયે.



સાખી :-

ભેરૂ કરવામાં ભવ ગયો અને લોભી એ ધુતારાને રાખ્યો,
કંચન જેવા મહેલ બનાવી રાવણ કરતાં બહુ રોયો,
ધન કીડીનું તેતરે ખાયો લ્યાં નુંગરા શું કહીયે શું કહીયે.

સાખી :-

કંચન જેવી કન્યા લાવ્યો ને એમાં જીવડો તારો ઝાંખ્યો,
મારી મારી મીથ્યાં કરે ને છોડી જવાનો વખત આયો,
જેમ પછતાયો પટાવાળો લ્યાં નુંગરા શું કહીયે શું કહીયે.

સાખી :-

મારુ મારુ શીદને કરે આ દેહ પણ કોઈને નથી રોક્યો,
નામ નાવડીમાં બેસી ગયો પછી જમડો અટવાય ખોટો,
આતો ખેલ રચેલો ખોટો લ્યાં નુંગરા શું કહીયે શું કહીયે.

સાખી :-

શીખ સાંભળી સંત જનની સાર શબ્દ જેણે લુટ્યો,
નામ નાવડીમાં બેસી ગયો પછી જમડો અટવાય ખોટો,
હરિ ચરણે બળવંત બોલ્યો લ્યાં નુંગરા શું કહીયે શું કહીયે.

(ક)(રાગ :ગુરુજીના આંગણે તુલસીનો ક્યારો)

કનૈયો વગાડે આ વાંસડી સાહેલડી વાંસડી સાહેલડી
કનૈયો વગાડે આ તુંબડી હો જી...

હુ તો નાચું છું છમ છમ સાહેલડી છમછમ સાહેલડી
ઢોલીડો વગાડે આ ઢોલકી હો જી...

ભાન શાન હુતો ભૂલી જાઉ સાહેલડી ભૂલી જાઉ સાહેલડી,
જોતી રહે છે જગની નારી હો જી...

સોહાગણના કંકુ સામે સાહેલડી સામે સાહેલડી
લાખો વૈભવો ઓછા પડશી હો જી...

સતિને મન પતિ પરમેશ્વર સાહેલડી પરમેશ્વર સાહેલડી
એવી જોડ તો જગમાં ના મળી હો જી...

બળવંત કહે સદ્ગુરુ પ્રતાપે ગુરૂ પ્રતાપે
સૂરતાં નિહાળે સાચો શ્યામજી હો જી...

(ખ)

ખલકમાં ખારો સાગર મારા ભાઈલા, સાગર મારા ભાઈલા
મીઠડી ખોદી રે એક વીરડી...

મીઠા પાણીના મોઘાં મૂલ મારા ભાઈલા મૂલ મારા ભાઈલા
પાણી ભરે છે. પનીહારીયો હો જી...

વીરડીને તીરે વાલો ઉભો મારા ભાઈલા ઉભો મારા ભાઈલા
વેણુ વગાડી મનડાં હરતો હો જી...

ભૂલાવે ભાનને શાંન મારા ભાઈલા શાંન મારા ભાઈલા
સંસારી સામો રે મળીયો હો જી...

સદ્ગુરુએ વીરડી બતાવી મારા ભાઈલા બતાવી મારા ભાઈલા
બળવંત પાણી પીવે મીઠડા હો જી...

(ગ)

ગરજે ઘોઘાટે વનરાય મારા ગુરુજી વનરાય મારા ગુરુજી,
કેમ કરી આવુ મારા રામજી હો જી...

માયા તો મમતા કરાવે મારા ગુરુજી કરાવે મારા ગુરુજી,
કેમ કરી આવુ મારા રામજી હો જી...





પગલું માંડુ ત્યાં પગ પકડે મારા ગુરુજી પકડે મારા ગુરુજી,
કેમ કરી આવુ મારા રામજી હો જી...

કામ ક્રોધ ને મોહ આડે મારા ગુરુજી આડે મારા ગુરુજી,
કેમ કરી આવુ મારા રામજી હો જી...

શોક ને લોભ મારી વાટે મારા ગુરુજી વાટે મારા ગુરુજી,
કેમ કરી આવુ મારા રામજી હો જી...

સદ્ગુરુ પલમાં છોડાવે મારા ગુરુજી છોડાવે મારા ગુરુજી
બળવંત બેઠો રે નામ નાવડે હો જી...

(ઘ)

ઘરચોળું પહેર્યું છે પ્રેમનું ગુરુજી પ્રેમનું ગુરુજી,
કંકુની ચોઢી મેં તો ટીલડી હો જી...

ઘુંઘટો ઓઢું ને ગભરાવું ગુરુજી ગભરાવું ગુરુજી,
હાથમાં શોભે છે ચુડી હેમની હો જી...

વાલાની જોઉ હું તો વાટ ગુરુજી વાટ ગુરુજી,
ઘોડલે ચઢીને ક્યારે આવશે હો જી...

ઘોડલાના ડાબલા વાગે ગુરુજી વાગે ગુરુજી,
અંતર તો ધક ધક ધડકે હો જી...

કંકણના રાખણ હાર આવ્યા ગુરુજી આવ્યા ગુરુજી,
બળવંતનો હાથ ઝાલે પ્રેમથી હો જી...

(ચ)

ચોરાશીના ફેરા ટાળ્યા સદ્ગુરુજી ટાળ્યા સદ્ગુરુજી,
કેમ કરી વીસરૂ હું આપને હો જી...

જનમ મરણ મારા ટાળ્યા સદ્ગુરુજી ટાળ્યા સદ્ગુરુજી,
કેમ કરી વીસરૂ હું આપને હો જી...

ઈયળથી ભમરી કિધ્યા સદ્ગુરુજી કિધ્યા સદ્ગુરુજી,
કેમ કરી વીસરૂ હું આપને હો જી...

નરકમાંથી સ્વર્ગમાં લાવ્યા સદ્ગુરુજી લાવ્યા સદ્ગુરુજી,
કેમ કરી વીસરૂ હું આપને હો જી...

જમના હાથેથી છોડાવ્યા સદ્ગુરુજી છોડાવ્યા સદ્ગુરુજી,
કેમ કરી વીસરૂ હું આપને હો જી...

સદ્ગુરુએ મ્હેર કરી મારા સંતો કરી મારા સંતો
બળવંતને મતી લાગી નામની હો જી...

(છ)

છલકે સરોવર સારૂ મારા ભાઈલા સારૂ મારા ભાઈલા,
ડુબ્યુ તે કેમ રે ડુબાય હો જી...

મનડાની મસ્તી મલકાય મારા ભાઈલા મલકાય મારા ભાઈલા,
છાંનુ રહેના રાખતા હો જી...

આથમતા આકાશ જોવું મારા ભાઈલા જોવું મારા ભાઈલા,
મહેંદી મુકેલી મારા હાથમાં હો જી...

અડી અડીને ડુંગરું ઉભુ મારા ભાઈલા ઉભુ મારા ભાઈલા,
માથે મોરલીયો ટહુકાય હો જી...

મોતી તો હંસનો ચરુ મારા ભાઈલા ચરુ મારા ભાઈલા,
બગલા બગાસા જોને ખાય હો જી...

સદ્ગુરુએ સરોવર તાર્યું મારા ભાઈલા તાર્યું મારા ભાઈલા,
બળવંત બોલે પ્રેમથી હો જી...



(જ)

જનમ લઈને જગમાં આવ્યા મારા મનવા આવ્યા મારા મનવા,
બોલો તમે તો શું શું કરીયું હો જી...

પુણ્યને પાપનુંકહોને મારા મનવા કહોને મારા મનવા,
કેટલું ભાથુ તો તમે ભરીયું હો જી...

અધર્મનો આંટો માર્યો મારા મનવા માર્યો મારા મનવા,
ધરમની વાતે તો દીલમાં ખુંચતુ હો જી...

સવાલ રાખો યાદ મારા મનવા યાદ મારા મનવા,
પરભુ એ તમને પુછાવીયું હો જી...

હિસાબ આપવો પડે મારા મનવા પડે મારા મનવા,
અંતે કાંટાની જેમ ખુંચતું હો જી...

બળવંત એવું બોલ્યા મારા મનવા બોલ્યા મારા મનવા,
સદ્ગુરુ સાથે તો બચાવશું હો જી...

(ઝ)

ઝાઝી ન લાગે વાર મારા ગુરુજી વાર મારા ગુરુજી,
અમને ઉતારો ભવ પારમાં હો જી...

આલમ ભરની નાડ મારા ગુરુજી નાડ મારા ગુરુજી,
સોપી તમારા હાથમાં હો જી...

ડાળીથી ફુલડુ ના છુટ મારા ગુરુજી છુટ મારા ગુરુજી,
આંધીમાં એ અટવાય ના હો જી...

અમને તમારો આધાર મારા ગુરુજી આધાર મારા ગુરુજી,
વાળ અમારો વાંકો થાય ના હો જી...

પતિવૃત્તાના પતિદેવ મારા ગુરુજી દેવ મારા ગુરુજી,
બીજી નથી રે કોઈ વાસના હો જી...

શ્રદ્ધાનો દિપક પ્રગટાવ્યો મારા ગુરુજી પ્રગટાવ્યો મારા ગુરુજી,
બળવંત વિનવે વાટમાં હો જી...

(ટ)

ટહુકો કરે છે કોયલ રાણી મારા ગુરુજી રાણી મારા ગુરુજી,
ટહુકે તો મન મારા હરિયાં હો જી...

ગંગા જમના નીર લઈ ચાલી મારા ગુરુજી ચાલી મારા ગુરુજી,
સાથે ચાલે છે માતા શારદા હો જી...

ઈંગલાને પીંગલા નાડી મારા ગુરુજી નાડી મારા ગુરુજી,
સૂષમણા ચાલે છે સાથમાં હો જી...

વાદળમાં વીજળી ઝબૂકી મારા ગુરુજી ઝબૂકી મારા ગુરુજી,
ટીપે ટીપે રે પડતા મેવલા હો જી...

શરદ પૂનમે ચાંદની ઉગી મારા ગુરુજી મોતી મારા ગુરુજી,
સાગરમાં મોતી જેમ નેબજ્યાં હો જી...

બળવંત વિણે સાચા મોતી મારા ગુરુજી મોતી મારા ગુરુજી,
સૂરતારે લાગી શબ્દમાં હો જી...

(ઠ)

ઠમકે ચાલુને ઝાંઝર વાગે મારા ગુરુજી વાગે મારા ગુરુજી,
કેમ કરી આવું હું તો વારણે હો જી...

રાત અંધારી ડર લાગે મારા ગુરુજી લાગે મારા ગુરુજી,
કેમ કરી આવું હુંતો વારણે હો જી...



જમના નદી આડી આવે મારા ગુરુજી આવે મારા ગુરુજી,
કેમ કરી આવું હું તો વારણે હો જી...

વગડે ચાલુને કાંટા વાગે મારા ગુરુજી વાગે મારા ગુરુજી,
કેમ કરી આવું હું તો વારણે હો જી...

સૂરજ ઉગે તો લોક જાગે મારા ગુરુજી જાગે મારા ગુરુજી,
કેમ કરી આવું હું તો વારણે હો જી...

સદ્‌ગુરુ સથવાર થાયે મારા ગુરુજી થાયે મારા ગુરુજી,
બળળવંતને પલમાં પહોંચાડશે હો જી...

(ડ)

ડગમગ થાય નાવ મારા ગુરુજી નાવ મારા ગુરુજી,
ગુરુજી આવોને અમને તારવા હો જી...

માયા સમદરિયે નાવ મારા ગુરુજી નાવ મારા ગુરુજી,
મગર જેવા કાળ મારતા હો જી...

ઉમંગમાં ઉછળે મોજાં મારા ગુરુજી મોજાં મારા ગુરુજી,
ગુરુજી આવોને એને રોકવા હો જી...

સાગર તૂફાનમાં હોય મારા ગુરુજી હોય મારા ગુરુજી,
નાવ અમારાં જોકો મારતાં હો જી...

વીજળી ભડાકાનો ભાર મારા ગુરુજી ભાર મારા ગુરુજી,
મેવલીયા માજાઓ મૂકતાં હો જી...

સદ્‌ગુરુ દોર નાખ મારા ગુરુજી નાખ મારા ગુરુજી,
બળવંત તરે છે નામ નાવડે હો જી...

(ઢ)

ઢમક ઢમક ઢોલકી વાગે મારા સંતોભાઈ વાગે મારા સંતોભાઈ
ગુરુજીના ગુણલા ગવાય છે હો જી...

ગુણલા ગાયને ધામમાં જાયે મારા સંતોભાઈ જાયે મારા સંતોભાઈ,
વાલ્મીક જપે માળા ઉલટી હો જી...

સદ્ગુરુ સાચુ સમજાવે મારા સંતોભાઈ સમજાવે મારા સંતોભાઈ,
કરમમાં જપીલે માળા નામની હો જી...

સોહંગ પુરુષ મળી જાયે મારા સંતોભાઈ જાયે મારા સંતોભાઈ,
કાનુડો વગાડી રૂડી વાંસડી હો જી...

રાધાજી રમતા રાસ મારા સંતોભાઈ રાસ મારા સંતોભાઈ,
સુરતાતો તાલ મિલાવતી હો જી...

સદ્ગુરુ શબ્દ સુણાવે મારા સંતોભાઈ સુણાવે મારા સંતોભાઈ,
બળવંત નીહાળે નિજ નામને હો જી...

(ણ)

ણણા આવ્યો ફેણીયો નાગ મારા સંતો નાગ મારા સંતો,
સદ્ગુરુ આવે તો સમજાવશે હો જી...

સેજ્યો બનાવી બેઠા રામ મારા સંતો રામ મારા સંતો,
સદ્ગુરુ આવે તો સમજાવશે હો જી...

મોરલડી વગાડે શ્યામ મારા સંતો શ્યામ મારા સંતો,
સદ્ગુરુ આવે તો સમજાવશે હો જી...

સાંભળીને હૈયા હરખાય મારા સંતો હરખાય મારા સંતો,
સદ્ગુરુ આવે તો સમજાવશે હો જી...

સદ્ગુરુ સમજાવે સાર મારા સંતો સાર મારા સંતો,
બળવંત સમજે છે શાનમાં હો જી...



(ત)

તારે માથે છે જમનો માર મારા ભાઈલા માર મારા ભાઈલા,
સદ્ગુરુ મળે તો છોડાવશે હો જી...

નીચી યોનીમાં તુજનાર મારા ભાઈલા જનાર મારા ભાઈલા
નીતી ભૂલીને ભટકાય છે હો જી...

કેવા ઉદરમાં તુબંધાય મારા ભાઈલા બંધાય મારા ભાઈલા,
લખ ચોરાશીમાં પડશે હો જી...

ભૂલ્યો છે આપેલા કોલ મારા ભાઈલા કોલ મારા ભાઈલા,
વચને વસ્તુ ને પમાય છે હો જી...

સદ્ગુરુ જમથી છોડાવે મારા ભાઈલા છોડાવે મારા ભાઈલા,
બળવંત ચોરાશીથી છુટતો હો જી...

(થ)

થનગન થનકે હૈયું સાહેલડી હૈયું સાહેલડી,
સાંભળી કાનુડાની વાંસળી હો જી...

દાવાનળ ડુંગરે થંભ્યું સાહેલડી થંભ્યું સાહેલડી,
સાગરની લ્હેર ઉભી શાન્તમાં હો જી...

ચક્ર ચોરાશીનું ઉભુ સાહેલડી ઉભુ સાહેલડી,
શબ્દે લાગી છે. જેની સૂરતા હો જી...

સૂરતાએ જોયો એક શ્યામ સાહેલડી શ્યામ સાહેલડી,
નથી ઉંઘતો કે નથી જાગતો હો જી...

બળવંત બોલે સાચુ સાહેલડી સાચુ સાહેલડી,
અમરાપુર ચોકે દીવા બળતા હો જી...

(દ)

દુઃખમાં તુ ધીરજ ધાર સાહેલડી ધાર સાહેલડી,
ભાગ્યના ન્યારા ખેલ છે હો જી...

ધાર્યું ધણીનું થાય સાહેલડી થાય સાહેલડી
સારા નરસા દિવસ આવશે હો જી...

લેખે હરિચંદ્ર વેચાયા સાહેલડી વેચાયા સાહેલડી,
સીતા રોવે રે વન વગડે હો જી...

જીવતરના રંગ બદલાય સાહેલડી બદલાય સાહેલડી,
લઈલે હરિના એક નામને હો જી...

સોનાની કસોટી થાય સાહેલડી થાય સાહેલડી,
મોતી વિધાય ખરે વખતે હો જી...

સદ્ગુરુ દુઃખડા ભાગ સાહેલડી ભાગ સાહેલડી,
બળવંત ઉગરે છે એક પલમાં હો જી...

(રાગ : સરવેની પાસે વસે કિરતારો)

(ધ)

ધણીના ધામમાં આપણે જઈએ નથી રહેવાં માયા ઘાટ,
ગંગા જમના ને સરસ્વતી સાથે તરવેણી મીલાવે તાર,
ઈંગલાને પીંગલા સૂષમણા સૂરતે સમરણ સત સોહમ,
છએ નાડી સંતો બ્રહ્મ રુન્ધમાં લાવે મધ્યમા રદયમાં લાવ,
શૂન્યસે વાયુ કોઈ સંત ભમાવે જ્યોત નજરોમાં ભાળ,
આવા રૂડા ધણીના ધામમાં પહોંચે બળવંત નામથી ન્યાલ.



(ન)

નાથ વાલપની વાડી તમારી ભૂલ હોય તો કરજો માફ,
પ્રેમ કરીને પ્યાલી રે પાયી પીધી છે ભરીને પેટ,
લાડકો ગણીને લીધ્યો ઉગારી જોજો તે વેગળો ના થાય.
ખેડૂત વાવે છે જેમ રે ખેતી રોગ ભગાડે પલમાંય,
કરમાય ના ખીલેલુ ફુલ ગુરુજી બળવંત વિનવે વાત.

(પ)

પાનેતર પહેરીને વાટ જોવું પ્રીતમજી વાલીડો મળે રે ભવભવ
તારણહાર થઈને આવો પ્રીતમજી આખ્યોમાં કંકુ સમાય,
પારકા મીંઢળથી લાજ જાય પ્રીતમજી મીંઢળ બાંધો ભવેભવ,
સદ્ગુરુ સથવાર થાય પ્રીતમજી હાથ ઝાલો ભવેભવ,
ચિતડાની ચોરીને બાજઠ બુદ્ધિજી મન નાતો મંડપ હોય,
મંગળ વરતાયાં પૂરાં પાંચ પ્રીતમજી, બળવંતને લીધ્યો બાવન બ્હાર.

(ફ)

ફેર ફુદરડીના જેવી ચોરાશી કુંભાર ઘેર ફરે ચાક,
ઘાંચીના ઘેર જેમ ફરે રે બળદી કરમ વાસના માં ના ફર,
જનમ મરણ મારા કેમ કરી ટળે એનો વિચાર જરા કર,
સદ્ગુરુ ચરણે શીશ નમાવી ખોળીલે ઠરવાના ઠામ,
સદ્ગુરુ રોકે ફેર ફુદરડી નગરમાં બળવંત નામ.

(બ)

બબ્બેની બંધાણી પ્રીત ગુરુજી એક મેનાને પોપટ એક
મેનાને મ્હેલ બગીચા ગુરુજી એકને બોલાવે ચાકર પાંચ.
મેનાને ગમી પોપટ વાણીગુરુજી પરણી બેઠી ઉમંગ માંય.

મેના હતી અભિમાની ગુરુજી સ્વભિમાને પોપટ હોય.
સ્વભાવને લીધે ખટપટ ચાલી ગુરુજી જીવનમાં લાગી છે આગ.
આધગુરુને આરાધુ ગુરુજી બળવંતને તાર્યો પલમાંય.

(ભ)

ભવસાગરમાં ભય ભારી છે. ગુરુજી આવીને અમને તાર,
ઉડા સમુંદરમાં બગલા ગણા છે. ગુરુજી આવીને એને માર,
ભવરે સાગરમાં નિંદા નરકી છે ગુરુજી આવીને એને ટાળ,
ઝેરને વેરના વાદળ ઘેરાય છે ગુરુજી આવીને એને ભગાડ,
લોભને થોભના લોટ ઉડે છે ગુરુજી આવીને એને કાઢ,
રામના નામ રૂપી જીવન અમારું છે, બળવંતને ભવમાં ઉગાર.

(મ)

મારે જાવું ગુરુજીના દેશ મારા સંતો કોઇ તો બતાવો મને વાટ,
પનહારી પાણી ભરે મારા સંતો વચનો વાળો રે ગુરુનો પંથ,
વિજળી કરે છે ચમકાર મારા સંતો મેઘ વરસે અખંડ ધાર,
મોરલીયો મીઠડુ બોલે મારા સંતો મનડા મલકીને માને હાર,
રાધાને કાન રમતાં રાસ મારા સંતો જ્યોત જલે છે. નવી નાંખ,
સદ્ગુરુ વાટડી બતાવે મારા સંતો બળવંત ચાલ્યો એવી વાટ.

(ય)

યાદ નથી રે તેને દયારે નથી યાદ કરાવવા વ્હેલા આવ,
પાણી કેરા બુંદની કાયા ઉપનાવી ફુટી જતાં નહિ લાગે વાર.
ઉધા મસ્તકે લટકયો રે ઉદરી વાગોળલટકે જેમ ડાળ,
કગરે છે હરિને નરકમાં રે નરકી દયા કરોને દાતાર,
ભક્તિ કરવાના વચન આપે બ્હાર આવી ભૂલ્યો ભગવાન.



ગુરુના પ્રતાપે જાણી જન્મારી બળવંત નહિ ઉત્પાન પાદ.

(ર)

રતન સાગરમાં રતન ગુરુજી વ્હોરતા વાણીડા થાય,
કોયલ કરે ટહુકારો ગુરુજી લજવાવે કાગડા નામ.
મૂલ અમૂલખ હોય ગુરુજી શીશ સાટે સમ જાય,
જાણ્યા વિના ના સમજાય ગુરુજી ભક્તિ નથી રે કાયર કામ,
વિરલા જાણે છે આ વાત ગુરુજી પૂરવેના પુણ્ય મળી જાય.
સદ્ગુરુ સમજાવે ધરમ ગુરુજી બળવંત રતન પામી જાય.

(લ)

લખ્યા લલાટના લેખ ગુરુજી કોઇ દી મીથ્યા નવ થાય,
પ્રારબ્ધ બનીને પરગટ થાય ગુરુજી દેહને સુખ દુઃખ થાય.
એવા કારણે વગડો વેઠ્યો ગુરુજી રામ લક્ષ્મણ સીતા સાથ,
નળ દમયંતી વગડે જુદા ગુરુજી કરમે કરેલા કાળા કામ.
એરે ધનુષ્યને બાણ ગુરુજી કાબે અર્જુનને માર્યો માર,
સદ્ગુરુ બતાવે સાચુ કરમ ગુરુજી પુણ્ય પામ્યો બળવંત આજ.

(વ)

વાંકી ચૂંકી વાટમાં ચાલુ ગુરુજી ચાલીયે અમે તો સૌ સાથ,
સરોવર જળે હંસ તરે ગુરુજી કોઇ તો રૂપાળા તારા રૂપ.
કળિયો ખીલેને કરમાય ગુરુજી ભમરાતો કરતા નાદ,
ઝરણા કલ કલ ઝરે ગુરુજી કોઇ તો રસના ઘેલા થાય.
વન પંખી ગીત રૂડા ગાય ગુરુજી કોઇ તો લટકાળો રમી જાય,
દિવાનો બળવંત સમરે ગુરુજી મતવાલી તમારી યાદ.

(શ)

શીશમને સાગની વેલ મારા સંતો નવલે સુધાએ ભરી વીજ,
ધોળોને ધમણો બે જોડ્યા મારા સંતો છોડી અમરાપુર જઇ.
અમરાપુરે દિવા બળે મારા સંતો ગુરુજી મળે જાણે અહીં,
નામ નગરથી આઘુ મારા સંતો વેલડી છોડી વચમાંઇ.
શબ્દો ના સૂરે સૂર ચઢ્યુ મારા સંતો સૂરતા શબ્દની માંઇ,
મન પવનના રણકારી મારા સંતો બળવંત નામ સાથે નઇ.

(ષ)

ષટદર્શન દેવના થયા મારા ગુરુજી આન્ય દેવ ક્યાંય નઇ,
અણુ મેરૂમાં તમે વસો મારા ગુરુજી બીજો ક્યાંથી આવે અઇ.
તલમાં વસે છે જેમ તેલ મારા ગુરુજી રહ્યા છે તમે સાર મઇ,
ચર્મ ચક્ષુથી તમે દૂર મારા ગુરુજી જ્ઞાન ચક્ષુએ ઉભા સઇ.
સદ્ગુરુ ચરણે જે જાય મારા ગુરુજી કુચીએ તાળાં ખોલ્યા અઇ,
સદ્ગુરુ જ્ઞાનચક્ષુ ખોલે ગુરુજી બળવંત નિહાળે શાંન માઇ.

(સ)

સુખની સેજે ફુલ હતા ગુરુજી કાંટા વાગ્યા પગની માંય,
નીત્ય જમાડે સતીપતીને ગુરુજી સંસાર અજવાળે પ્રેમ માંય.
સતીનું સુખ પતિ સેવા ગુરુજી પતિ પરમ ધામના રાય,
સોનાને પારણે ઝુલનારો ગુરુજી ઝુલે હાલરડે વન માંય,
કોઇ દિના વેઠ્યો તડકો ગુરુજી આગે કાયા બળી જાય.
સદ્ગુરુ ચરણે બળવંતને ગુરુજી સુખ આપ્યા ભવ માંય.



(હ)

હરિનો નેળો લાગ્યો મારા ગુરુજી બીજુ લાગે છે વખઝાર,
સચરાચર વ્યાપી રહ્યા મારા સંતો ખાલી નથી ખલકાર.
અણુ અણુમાં બીરાજે મારા સંતો બોલે છે બોલનહાર,
હું તુ ને તારું મીથ્યા મારા સંતો જીવન બને વણઝાર.
મારું મમતાને માયાવાડી મારા સંતો હું પણામાં રહેનાર,
સદ્ગુરુ ચરણોમાં બળવંત બોલ્યો કણેકણમાં વસે કિરતાર.

(ળ)

ળળા રહ્યા આપણા હરિ મારા સંતો જાણી શકાય તો જાણ,
બળતાં મડદા બોલે મારા સંતો જાણી શકાય તો જાણ.
મંદિરમાં મૂરતિ બોલે મારા સંતો જાણી શકાય તો જાણ,
દાનવ મટીને દેવ બને મારા સંતો જાણી શકાય તો જાણ.
જેસલ પલમાં પીર મારા સંતો જાણી શકાય તો જાણ,
બળવંત આવ્યો તમ ચરણે ગુરુજી જાણીયા જગના નાથ.

(ક્ષ)

ક્ષર માયામાં પડી રહ્યો ગુરુજી અક્ષર બ્રહ્મ કહેવાય,
ક્ષેત્ર શરીર કહેવાય ગુરુજી ક્ષેત્રજ્ઞ જાણનાર થાય.
જ્યોતિઓની જ્યોતિ જ્ઞાન ગુરુજી ત્રિગુણી કાર્ય જ્ઞેય હોય,
ક્ષેત્ર અનેક વિકાર વાળુ ગુરુજી ક્ષેત્ર જ્ઞે ગુરુની સેવા થાય.
સૂર્યને સર્વને કરે છે. પ્રકાશમય આત્માથી શરીરને પ્રકાશ,
દાસ બળવંત કહે ગુરુ પ્રતાપે ભેદ જાણીને થયો ન્યાલ.

(જ્ઞ)

જ્ઞાન એવું બતાવે ગુરુ મારા સંતો રદય પલટાવે પલમાંય,
ક્યાંથી આવ્યાં ક્યાં જનાર મારા સંતો ક્યાં છે તમારો મુકામ.
આતમને પરમાતમ મારા સંતો શીશ માટે સમજાય,
પરા પશ્યંતીને મધ્યમાં રે સંતો વૈખરીએ વૈખરાય.
સ્થૂળ સૂક્ષ્મને કારણ મારા સંતો તુર્યાતીતે નહિ જણાય,
સદ્ગુરુ સમજાવે સાર મારા સંતો બળવંત જલાવે જ્ઞાન દીપ.

# કિર્તન વિભાગ

(રાગ : નામનો ભેદ છે ન્યારો...)

(૧)

જીવન અવસ્થા તે ખોયુ અભાગી જીવ જીવન અવસ્થા તે ખોયુ,
કાગળ કેરુ ઝાજ બનાવ્યું ને ભવ દરિયામાં બહુ મોયુ,
જળ કેરુ માપ ના જાણ્યું (૨) મગર મચ્છમાં રોયુ...

ઝાકળ કેરુ જળ પીને વિખમાં મન તારુ મોયું
સૂરજ ઉગે સંતાઈ જાતુ (૨) દેવતા ઉપર દારૂ...

ઘેટાં ભેસો સિંહ ચાલ્યો ને ખાય ભરવાડની લાતુ,
સોહી સ્વરૂપ નજરે નાવ્યું (૨) છતી આંખે અંધારું...

સાચા સદ્ગુરુ પુરણ પામે તો કિરણ શબ્દને સંભારું,
બળવંત કહે ગુરુ ચરણે (૨) નામ હમારું ન્યારું...





(૨)

ભજન વિના ભટકાય રે મુરખનર ભજન વિના ભટકાય રે,
ઉગમણો તો સૂરજ ઉગેને આથમણે જોવા જાય રે,
જડ જીવ જડને પુજે (૨) ભેદોમાં ભરમાય રે...

મંકોડો મધ ખાવા જાયને પ્રાણ તજે પલમાંય રે,
વનના મૃગલાં મોહ્યા નાદે (૨) સિંહનો શિકાર થાય રે...

ખુણે ખોચર બિલ્લી તાકે ઉંદર બહુ મલકાય રે,
ફુલ ફુલીને કરમાઈ જાવે (૨) ભમરો મન પછતાય રે...

તેતર ઉપર બાઝ ફરે ને ચોટ ખાલી ના જાય રે,
કાળ વાવલીયા માથે ફરકે (૨) જમડા ઝાલી જાય રે...

ધર્મના નામની વાત ના જાણી ભૂતો ભેરો ભટકાય રે,
કાયા તારી કારમી બની (૨) ત્યારે કોણ વારે થાય રે...

બળવંત કહે ગુરુ ચરણે ભજન ભડાકા થાય રે,
જમરા જેવા જોતાં ડરે (૨) કર્તા કાળને ખાય રે...

(૩)

વિશ્વપતિને ભુલી ગયો માનવ તું વિશ્વપતિને ભુલી ગયો,
પંચભુતનો પંડ બનાવ્યો ને, જનમ મનુષનો ધર્યો,
અધર્મ પ્રાણી ઉપકાર ભુલ્યો (૨) કર્મે કસાઈ બન્યો...

મુખ આપ્યુ તને હરિગુણ ગાવા, ગાળ બોલીને નવ ગણ્યો,
અંતરમાં તુ બહુ દાઝ્યો (૨) નિંદા કરીને ભમ્યો...

ગુણ તજી અવગુણ ઉરમાં મહાપુરુષને નડ્યો,
અક્કડ થયો અભિમાને (૨) સંત ચરણે ના નમ્યો...

વાડી વાવીને ફુલ તજીયાં વિશ્વાસ ઘાત તે કર્યો,
આધ ગુરુનો દ્રોહિ થયો (૨) ગગનથી તારો ગર્યો...

અંત વેળાએ અવળુ થાયે ભાન ભુલીને ભંગ પડ્યો,
બળવંતના સ્વામી લેખુ માગશે (૨) ચરણે પડેલો ઉગાર્યો...

(૪)

ગાંઠ પડી છે બહુઘાટી નુંગરાને ગાંઠ પડી છે બહુ ઘાટી,
આતો છોડી કયાંથી છુટે નુગરાને
બહેરા આગળ ઢોલ વગાડે તોય, શબ્દ સુને નહિ કાને...

પામરને તો વિશ્વાસ નાવે, વિષયી ઝેર જેવું માને,
મોત જેવું મુમુક્ષને લાગે (૨) કર્મ ત્યાગી ફળ માગે...

અભાવમાં તો ભાવના પ્રગટે, બુદ્ધિ નહિ બદલાયે,
રોગીને ભોજન નવ ભાવે (૨) ધરાયો ખાવા ન માગે...

હરિભજનમાં ભાવના આવે, સંત ના આંગણે પધારે,
જીવતાં મસાણી જાણો જન તે (૨) જગમાં તે જન હારે...

બળવંત કહે મન માન મેરા સંત સાચુ કહે છે,
સદ્‌ગુરુ ગાંઠ છોડે (૨) સાચા મુકામે પહોંચાડે...

(૫)

કોની કરે તુ સેવા ઓ નુગરા કોની કરે તુ સેવા,
સદ્‌ગુરુ તારા શિરે નહિને ગાફલ ગોથાં ખાય,
વિના લાભનું લક્ષણ કરતાં (૨) બહુરૂપી નો ખેલ...

ભજન કરતો ભેદના જાણતો રાગ રાગણીમાં હોમાય,
તામસ તારા તનમાં ભરીયાં (૨) સમજણનો અભાગ...





કામ ક્રોધ તારા ઉરમાં ઉઠતાને વાણી કડવી જણાય,
આંખના કાજલ ગાલે ઘસીયાં (૨) હું પણાનો ભંડાર...

છાયા તિલક માળાઓ પહેરીને દેહે શણગાર થાય,
અભય કેરી ગત જાણીના (૨) અવિગત રહી અજાણ...

સદ્‌ગુરુને પ્રતાપે બળવંત સોહી સ્વરૂપ સમજાય,
આપ વ્યાપમાં વ્યાપ આપમાં (૨) સદ્‌ગુરુ શિરતાજ...

(૬)

એસો આનંદ ઉપજાવ્યો મેરે ગુરુજીએ એસો આનંદ ઉપજાવ્યો
બનમે ફિરતી છાણા વિણતી રોજી રોટીને રળતી,
ડોલત મનકુ અડોલ કિયા (૨) રામ રાજમે આઇ...

પાંચ પચ્ચીસ જબ મિલને આઇ તબ માયાકા ખેલ બતાઇ,
મહેંદી લગાઇ ચુડી ચઢાઇ (૨) ચાર મંગલ ગીત ગાઇ...

શબ્દ સુનકે ગગને ચઢી ગઇ ગુફામે સુમરણ પાઇ,
ત્રીગુણી કામહેલ હૈ બડા (૨) વહાં મંગની લગાઇ...

શીવ બ્રહ્માને વિષ્ણુ જેસા, ત્રિવેણી ઘાટ પરખાઇ,
ત્રીકુટીકા તાળા ખોલ્યા (૨) મુક્તિ મારગ પાઇ...

પુરણ પ્રકાશ જબ હુઆ તબ તંતમે તંત મિલાઇ,
નિજ નામે નિવેડા કિયા (૨) બળવંત પટ પરખાઇ...

(૭)

મેઘા ડમ્મર વાગે સંતોરે ભાઇ મેઘા ડમ્મર વાગે,
ધૂન લાગી મને ગુરુના જ્ઞાનની સૂરતે થયો એકતારી,
પવન પકડીને ગગનમે આયા (૨) જાવુ ગુરુના દરબારી...

અષ્ટ કમળ દળ જોને ભેદીયાં ત્રિકુટી મહલે ટંકારી,

વિના ચંદ્ર પ્રકાશ થયા (૨) વાજા વાગે નિરાધારી...

નાભીથી ઉઠીને ત્રીવેણી જાતાં હરિવર કરે છે હુંકારી,
ઝળહળ જ્યોતિ ઝળહળે ત્યાં (૨) મોતી વરસે ધારી...

વિશ્વપતિની શોભા છે એવી અરંગી રૂપ અચરારી,
અકથન કથનમે નાયા (૨) શબ્દાતીત મોરારી...

બળવંતે ગુરુ પ્રતાપે દિલમાં વાત વિચારી
પંચ ભૂતસે ખેલે ન્યારા (૨) ગતિ હે ગુલજારી...

(૮)

મને આઈ આનંદની હેલી મંદિયામાં મરદંગ વાગે મતવાલી,
સચરાચરમાં સતની કચેરી, બ્રહ્મ પુરુષની મેલી,
પંચભૂતે પાંડવ બિરાજ્યાં (૨) આતો કૃષ્ણ રહ્યો છે રેલી...

ગંગા જમના સાથે સરસ્વતી, પાણીડા લાવ્યા છે હેલી,
સિન્ધુ કાવેરી ચરણ પખાળે (૨) આતો ઝળહળ જ્યોતો જેલી...

સર્વે દેદારે અરસ પરસ તાર રહ્યો છે, એક વેલી,
ખેલ એવા અગમ પુરુષના (૨) આતો રાધા રહી છે ખેલી...

બળવંત કહે ગગન મધ્યે ગામ બન્યા છે. ઘેલી,
નરનારી કોને કહીએ (૨) આ તો સર્વે જગતનો બેલી...

(૯)

અજબ ખેલ રચાયા ગુરુજીએ અજબ ખેલ રચાયા,
શૂરવીર જ્યારે સન્મુખ થયા ત્યારે ગુરુએ શાનમાં સમજાયા
ત્રિવિધ તાપને દૂર કરાયા (૨) અગમ રૂપ દિખાયા...



શૂન્ય શિખર પર રાસ રચાયાને આત્મા અનભે બતાયા,
શબ્દ બાણસે છીદ્ર પાડ્યાં (૨) પુરણ બ્રહ્મ પ્રગટાયા...

આધ મહેલ સે ઓહંગ સોહંગ દો ખેલવે ખેલ રચાયા,
હદ બેહદની પાર બિરાજ્યા (૨) શૂનમાં મઢી ઠેરાયા...

અદ્ધર તખત પર તાલ મિલાયા, નિરંજન જ્યોત જલાયા,
નિજ સ્વરૂપ નિરભય કર્તાકા (૨) આપમે વ્યાપ પરખાયા...

દિલમાં પુરણ બ્રહ્મ પ્રગટાયાને ચોરાશી ફેરા મીટાયા,
બળવંતે સૂરતે પાયા (૨) અલખ પદ અપનાયા...

(૧૦)

મુરતિ સૂરતે પડી ગુરુજી મને મુરતિ સૂરતે પડી,
મને જડ્યાં અનામી સ્વામી ગુરુજી મને...

સ્થુળ સ્વરૂપને જોતાં જાણી, વાસના પાછળ પડી
સદ્ગુરુએ શાન બતાવી (૨) મહા શૂન્ય પર મ્હાલી...

મહાશૂન્યમાં તખત શૂન્યનું ત્યાં કેવલ કિરતારી,
ત્યાંથી પ્રણવની ધુન્ય આવી (૨) નામ શબ્દને સાખી...

ગેબી ગુફામાં અલખ બિરાજ્યાં ઉન પર જાઉં બલિહારી,
અગમ દેશ એ અધ્ધર તખત પર (૨) અરસ આરસી જડી...

શબ્દ સૂરતને શાન મળીને ગુરુ ગમે ગુલજારી,
બળવંત ભાવે ભેટ્યાં (૨) મોજ મગનમાં ચઢી...

(૧૧)

મૂળ મુકામ બતાયો ગુરુજીએ મૂળ મુકામ બતાયો,
ખુદ માલિકને પરખાયો ગુરુજીએ...

સદ્ગુરુના શરણે જાતાં સમરણ શબ્દ પરખાયો,
નામ વિના ના સફળ થાયે (૨)કોટિ કરોને ઉપાયો...

ત્રિગુણીનો તાર તોડીને અવિનાશી ઓળખાયો,
નામ અનામીનો ખ્યાલ કરાયો (૨) શૂન્યમાં ધૂન લગાયો...

શ્વાસ ઉશ્વાસની માળા ફેરવી, ધૂનમાં તાર લગાયો,
જ્યાંથી ઉપન્યો આત્મા અંશ (૨) અક્ષરાતીત ઘર પાયો...

સદ્ગુરણસ્વામીનું નામ જ લેતાં નટવા જોગે નચાયો,
ગુરુજીના ચરણે બળવંત (૨) સરવે અક્ષર પાયો...

(૧૨)

ઝળહળ જ્યોત જલાવી ગુરુજીએ ઝળહળ જ્યોત જલાવી
નગારાંએ ઘાવ થયાને શૂરા નર સંગે ચઢે,
દગો રાખે એ દૂર થાવે (૨) ગુરુનું ઘર ના જડે...

ગુરુ ચરણે જે નર જાવે દયા કરીને દરશાવે,
ત્રિકુટીના તાળા ખોલે (૨) મગન ભયા ઘર પાવે...

ખારા સમુંદરમાં મીઠી વીરડી વેરી ને ના જડે,
પીવે સો નર અમ્મર થાવે (૨) અદ્વેત પંથને ચઢે...

પ્રેમ કરીને જે નર પરખે અનામી અખંડિત પાવે,
ઝળહળ જ્યોત અમરીત નામા (૨) કોઈ પ્યાલા પુરા પીવે...

તિમીર હશે તે દૂર થાશે ને હીમમાં પ્રકાશ થશે,



ગુરુજીના ચરણે બળવંત (૨) અવિચળ વાચા પાવે...

(૧૩)

નામ વિના નગર વસાયા તખત પર નામ વિના નગર વસાયા,
કાગળ પર કશુ લખાયુ નહિને કલમથી લખ્યા ન જાવે,
શબ્દ તો સંતાઈને બેઠ્યા (૨) ઓહમ સોહમ નહિ થાવે...

ઘટના વિના શિર્ષક શોધે ક્યાં જઈ ઠામ ઠેરાવે,
નહિ રૂપને નહિ હે રેખા (૨) મન વાણી નહિ પહોંચે...

રજની દિન નહિ દરસે ને નહિ હે જુગ ચારે,
બાળાપણ નહિ નહિ જુવાની (૨) બુઠ્ઠાપણું નહિ પરખે...

આદિ અંત નહિ ઉત્પત પ્રલ્લે એ અખંડિત ખેલને,
નુરતા સુરતા નહિ સાંપડે (૨) અનહદનો અંત નહિ આવે...

અણુ પહેલાંનું એ છે પરમાણુ પરાપાર ના દેશમે,
મહા શૂન્યથી ધૂન ચાલી (૨) તુરીયામાં જઈ પહોંચે...

ગગન કી બીચમે ગામ બનાયાને ધૂન પ્રણવમાં આવે,
બળવંત ગુરુ પ્રતાપે (૨) ચરાચરમાં પાવે...

(૧૪)

બોલતા પુરુષ બતાયા ગુરુજીએ બોલતા પુરુષ બતાયા,
અણુ અણુમાં હરિ વસ્યા છે, બોબડા નહિ જણાયા,
મરજીવા મોજ્યો મારે (૨) અભિમાની અટવાયા...

વિના મઢીએ મરદંગ વાગે ભેરી ભૂગળ સંભળાયા,
વિના તુંબડે તંબુરા રણકે (૨) મંજીરા વાગતા જણાયા...

શૂન્ય પર ધૂન ચાલીને આવન જાવન ના જણાયા,
દોર વિના નટવો નાચે (૨) સૂરતા માંય સમાયા...

મહાશૂન્યમાં મુકામ ઠેરાયો ને ચેતન પુરુષ સમજાયા,
હરિ મળવાની એ છે નિશાની (૨) સદ્ગુરુ શાને જણાયા...

અજબ ખેલ એ અગમ પુરુષના રાધા જોગે રમાયા,
કૃષ્ણ કનૈયો પોતે બિરાજે (૨) બળવંતે ગુણલા ગાયા...

(૧૫)

નિરાંત દેશ ના વાસી ગુરુજી મારા નિરાંત દેશના વાસી,
ગુણ રહ્યા ગગનમાં ગાજી...ગુરુજી મારા,
નિરાંત નિરગુણ દેશ રહ્યાને ગુરુ અમારા અવિનાશી,
અનામી એ અલખ બિરાજે (૨) વણ વાચાની વાણી...

કાયા વિના કામાતુર કેમ કહીએ ચંદાના ઉગે ચકોરી,
સૂરજ તો સંતાઈને બેસે (૨) ધ્રુવ તારા નહિ તારી...

આદિ અંતને ઉત્પન્ન કરવાની કષ્ટ્રિ નહિ કરની,
અન્ન પાણીનો આહાર નહિ ને (૨) નહિ બસ્તી બેરાની...

જંતર મંતરનો યુગ નહિને રિદ્ધી સિદ્ધી નહિ નારી,
જાદુગરને જાદુ નહિ (૨) નહિ ભુવો ને ભવાની...

સદ્ગુરુની છાંયે બેસીને ભરતા બળવંત બંદગી,
સૂતા સદ્ગુરુ શૂન મહેલમાં (૨) અલખ ધણી નિરાકારી...

(૧૬)

મનતું કેમ ચુકયું રે તક આતો વેદ મારગનો મત,
વેદ મારગ છોડીને મુરખા વામ મારગમાં જાય,
મોહ મમતામાં જે ફસાયો (૨) એના ચોરાસીના હાલ...



કુળને કપટ જેમાં ભરીયાં તે પ્રેમ નહિ દંભ હોય,
રાગ દ્વેષ જેનાં ના ગયા તે (૨) પાખંડી ના તાલ...

કજીયા કરી રાજી થાતાને ભોળા લોક ભરમાય,
પ્રભુના નામના ઓઠે રહીને (૨) પાપો આચરે હાલ...

નાના નુતો કામ નથી ને હાંસી કરતા મોટાય,
જ્ઞાની જુદાઈ નાગણે ને (૨) અજ્ઞાની ના ખેલ...

પાખંડને પુરા મૂકીને તમે વાણી વિચારો વેદમાંય,
મિત્યા હુપદ છોડી દોતો (૨) મુક્તિ મળનારી હાલ...

પરમારથના માર્ગે વિમુખ અભાગિયા અથડાય,
મન વાર્યું એ તો મોજો મારે (૨) બોલે બળવંત બોલ...

(૧૭)

કેમ સમજાવુ સારી વાત મન તને કેમ સમજાવું સારી વાત,
કળિયુગ આવ્યો લોભી લલચાયો ધર્મનીતિ નહિ હાથ,
પાપ પ્રપંચમાં ડુબાડે એતો (૨) પરતાપ નહિ તલ ભાર...

અવગુણોને સદ્ગુણ માની મિત્રોનો લેતો ગ્રંથ,
મુખમે રામા બગલમે છુરી (૨) સેતાનનો સરદાર...

નિર્ધન તાકે મફતના માલ માટે ભેખ ધરિયા હાથ,
ભેખ લજવ્યો ગૃહસ્થ ખોયુ (૨) છેતરવા લોકાર...

ભેખ ધારીને કનક–કામિની ઈત્યાદિ પ્રલોભ હાથ,
ચતૃર્થા આશ્રમ વિકટ મારગ (૨) વિરલા પામે પાર...

પાપ પ્રપંચ રૂપી પૈડા જોને મુકે નિર્દોષની માથ,
બળવંત કહે છેટા રહેજો (૨) લાજ એની જનાર...

(૧૮)

સૌની ઉપર ધાઈ હો સંતોભાઈ સૌની ઉપર ધાઈ,
નાના મોટા સૌને મારે (૨) રાંક અને રણધીરી...

અંત વેળાએ આંખોમાં આવીને ભાવ અઢાર ભુલાવી,
મીનકા ને તો કછુ ના સુઝે (૨) મીઠા રસની મારી...

ચોરાસીમાં ચતુર બનીને ચઢાવે ચકડોળ ચતુરી,
બીજાના નામના જાપ જપાવે (૨) પોતાનું દેતી છોડાવી...

ચતુર પંખી જુવો ઠગાયો કોયલ કાગડે કરી,
અંધાની આંખે નવ સુઝે (૨) વાઘના ઘરની બારી...

માનવી જેવા માન ધરાવી મોઢળ બાંધ્યા મઢી,
પાકા કરવા પેર ના જાણી (૨) લુલા સાથે લઢી...

બળવંતની ગુરુ પ્રતાપે ભેદ ભરમણા ભાગી,
માયાનો તો મહેલ મોટો છે (૨) મરજીવાને છોડી દેતી...

(૧૯)

દુનિયાકા મારગ દેખો હો સંતોભાઈ દુનિયાકા મારગ દેખો,
સ્વાર્થ કે સાથે નેડલો લાગ્યો જુઠે કો કહેતા સચ્ચા,
અવાચક કુ આદર દેવે (૨) વાચકકુ કહેતા કચ્ચા...

જુઠા આકર જુઠ ચલાતા સચ્ચે કો જાકારો દેતા,
સચ જુઠકી સમજ ન સુઝે (૨) આંખ છતાં તે અંધા...

વેદ કિતાબા નિશદીન પઢતે સચ્ચા સોહિ નહિ પાયા,
દેખતા હુઆ તબ મારગ ભૂલે (૨) અંધાને કેવી રીતે જાવા...

અંધી દુનિયાકો ક્યારે કહીએ પાખંડી નર હે અંધા,
ખરે ખોટેકા પરખ ન પાવે (૨) પઢે ગને સે ધંધા...



એક સદંતર સબઘટ પૂરણ આન્ય દેવ રહે કહાં,
ગુરુ હમારા સોહી બીરાજે (૨) આન્ય દેવ નહિ સૂઝાં...

સચ્ચાથા પણ ઉલટા માના અબ કેસે દિલ મનાવા,
ગુરુજીના ચરણે બળવંત (૨) સોહી ખોજન કર પાયા...

(૨૦)

તારે માથે જમનો માર ભાઈ તુતો નરકમાં રહેનાર,
સદ્ગુરુની શાંન ના સમજ્યો (૨) ભૂડપમાં ભવ જાય...

સંતજનોના શબ્દ ના સમજે અહંકારે અથડાય,
પશુ સમાન વિષય ત્યાગ તો (૨) મારા પણુ જણાય...

બ્રહ્મ સ્વરૂપ તારી નજરે નાયુ સૂરતા રૂપે અટવાય,
બુદ્ધિમાં તુ જડ બનીયો (૨) વિવેક વખમાં જણાય...

રાગ રાગણીમાં લપટાઈ જાતો ને મોહ કલાકારનો થાય,
સ્વરોદયનો સ્વાદ ના જાણ્યો (૨) ઓમ ક્યાંથી ઉચ્ચારાય...

નિંદા કરીને નખોદ વાળતો ને ચોરાશીમાં જીવ જાય,
સૂરજ ઉગ્યો સર્વે પ્રકાશ્યો (૨) ઘુવડ આંખે ના જાણાય...

સદ્ગુરુની શાંન સમજીને બળવંત થયો છે ન્યાલ,
ચરણે રહીને ચીત ચોટાડ્યો (૨) દાસનો દાસ થનાર...

(૨૧)

ગુરુકી બાત ક્યા જાને રે સાકુટ ગુરુકી બાત ક્યાં જાને,
કુસકા ખાંડે કણ મળે નહિ ભાતુ ક્યાંથી રાંધે,
પાણી વલોવે ઘી ના મળે (૨) જ્યોત કહાસે ઝલાવે રે...

ગદેકુ બળદ ગાડી મેં જોડા બળદ કો ઊંટ ગાડે,
ગજા વિના એ તો ગોથા ખાવે (૨) ક્યાંથી મુકામ પહોંચાડે રે...

કાગ સેવે કોયલના ઈંડા મુરખ મતી મત વાલે,
હું પણામાં અટવાઈ જાવે (૨) બુજ જગતની બાતે રે...

સ્વાર્થ કો છોડકર નામ કુ છાનલે અપના સપના છોડ દે,
બળવંત સદ્ગુરુ પ્રતાપે (૨) કિયા નિવેડા નામકા રે...

(૨૨)

મમતાની ગાંસડી ને છોડો મુરખ નર મમતાની ગાંસડીને છોડો
કીડી એતો કુંજર માર્યો બિલ્લી મારે છે કૂતરો,
શિયાળે મોટો વાઘ માર્યો (૨) સસલે પકડ્યો શિકારી...

ભુવો કહે હું મેલડી ધુણાવુ મેલડીએ ભુવો ધુણાવ્યો,
સતીને તો દુરિજન પરણ્યો (૨) સજ્જન ને શંખની પરણી...

ફેણી ધરતો વગાડે મોરલી મદારી કંડિયે પુરાયો,
મણી એતો સૂરજ ઢાંક્યો (૨) બગને ખાવે માછલી...

સદ્ગુરુના ચરણે જાતા મમતાનો મરમ સમજાયો,
બળવંત ઉપર કૃપા કરી (૨) નોંધારી નાવડી તારી...

(૨૩)

મેલી દેને મમતા મુરખ આતો લખ ચોરાશીની ખાય,
વેશ ખરો પણ દેશ નહિને મૂઢ મતિ જણાય,
સંશય કેરુ વૃક્ષ ઉગેલુ (૨) બીજક જેવુ ફળ થાય...

પુરુષ ખરો પણ પામર જેવો પશુ જાતિમાં ગણાય,
પ્રપંચ કરીને ભરતો પેટા (૨) કાગડા જેવો થાય...



જનમ વગોવ્યો ડહાપણ ડોળતાં ભૂમાં આવી ભૂત થાય,
અમ્રીત આવ્યું તારા હાથમાં (૨) વિખ પિવાને જાય...

નિંદા કરે નર ઘુવડ જેવા કંટક કુબુદ્ધિ હોય,
પાખંડીને વ્હાલુ લાગે (૨) અવસર એળે જાય...

અધર્મીથી અળગા રહીએ તો સુકિ્ત ભેળા થાય,
બળવંત કહે ઉરે ધરો (૨) પર ભવમાં સુખી થાય...

(૨૪)

એ મારગ નથી જોવા ઓ હરિસંત નામ નગર મે જાવા,
મુખમે રામા બગલમે છુરી (૨) પાખંડ નથી મારે પાવા...ઓ

વાઘ રૂપનું ચર્મ પહેરીને ઘાસ નથી રે મારે ખાવા,
મેતો ભૂખા રામ ભજન કા (૨) રામ રોટી મે રાજા...

નિંદા કેરી નાથ ઘાલીને નથી નરક મારે ન્હાવા,
મેતો ન્હાયા નામ સાગરમે (૨) અમૃત જળમે જાયા...

જંતર મંતર ચમત્કાર કરીને નથી જાદુગર મારે થાવા,
મેતો સુખી રામ રૂદય મે (૨) નાભી મે જાદુ જમાયા...

યોગ કરી યોગીનીકો મનાયા, નરક મે જીવ જાયા,
મેરા સંયોગ ગુરુસે હુઆ (૨) જનમ મરણ મિટાયા...

તુકા ભિતર ભરમ પડા હૈ હિરલા હાથસે ગુમાયા,
બળવંત નામ કો લ્હાવે (૨) અક્ષરાતીત અપનાયા...

(૨૫)

જ્ઞાન આવા આપ્યા ગુરુજીએ જ્ઞાન આવા આપ્યા,
મેડકે મણીધર ને ગળિયો તોય અરૂણિ જનમ્યો,

માછલી એ મોતીને ગળિયો (૨) તોય ઝવેરીને જડ્યો...

યમદૂતે આદિતી મારી તોય દેવગણ જનમ્યો,
સમુંદરે હુલસીને ડુબાડી (૨) તોય તુલસી જનમ્યો...

વીજળીએ મોટો ભડાકો રોક્યો તોય મેઘ તો વરસ્યો,
ખાબોચીયે દાવાનળ રોક્યો (૨) તોય જલાવી જ્યો તો...

મદારીએ વેણ વગાડી મણીધરને કંડીયે પૂર્યો,
મોટા હાથી ડુબી ગયા (૨) ગોબર એની તરીયો...

પાપી પાખંડીએ અરિક્ષા કરી આરોપ ઘણો મૂક્યો,
ગુરુ ચરણે બળવંત બોલ્યો (૨) જગવાળા એના ટોક્યો...

(૨૬)

ગુરુજીએ જ્ઞાન બતાયા સંતોરે ભાઈ ગુરુજીએ જ્ઞાન બતાયા,
હેજી મેતો અખંડ ઘર નીરખાયા સંતો રે ભાઈ...

સાહેબ મેરા સત્ય સ્વરૂપી ગુરુજીએ શાનમાં સમજાયા,
ત્રણ અવસ્થા ત્રણે કાળમાં (૨) સદાય રાચી રહ્યા...

સચરાચરમાં જોગ જમાયા, ઠાલી નથી કાંઈ ઠામા,
નામ હમેરા રામ ગણાયા (૨) જોગે પથ્થર તરાયા...

સહુથી ન્યારી જોને રહે છે શુદ્ધ પ્રેમની શાંના,
નિરવાણી પદ અભેદ (૨) દસમા દ્વાર વિસરાયા...

નાદ વિનાના ગુરુ કહેવાયા બોલે છે, બોલણ વારા,
ગુરુજીના ચરણે બળવંત (૨) ભાવનગર ભવ પાયા...



(૨૭)

એહી શબ્દ ચોટ લાગી મેરે સંતોભાઈ એહી શબ્દ ચોટ લાગી,
એહી શબ્દકા માપના મીલે ભાઈ નીરખ્યા નાદને નાણી,
સૂરતા માંડી શૂન મહેલમે (૨) પરમ પદકી વાણી...

મેડકે મરદંગ બજાયા તોતા તાલ બજાઈ
ગધ્ધાએ શરણાઈ વગાડી (૨) હોલે રામ ધૂન ગાઈ...

કાયા કાંણી મેનકા રાણી ગતમાં અવિગત આઈ,
ગતમાંથી અવિગતમાં જાઈ (૨) શૂનમાં રહી સમાઈ...

બાજીગર કી મોરલી બાજી બાવન અક્ષર બહારી,
બંકનાળી એ લેહ લગાઈ (૨) સૂરતા નિવેડો લાઈ...

બળવંત ગુરુ પ્રતાપે નામ શબ્દ નિરખાઈ,
નહિ લખાયા નહિ પઠાયા (૨) અરસ પરસ દશાઈ...

(૨૮)

સૂરતા સોહીમે ઠહેરાવો હો સંતોભાઈ સૂરતા સોહીમે ઠહેરાવો,
ગંગા યમુના સરસ્વતી વ્રજણી ચિત્રિણી બ્રહ્મ સાંધો,
સબકો બાંધી શૂનમે જાઓ (૨) છટકે નહિ તલ ભારો...

આંતી શક્તિ જાતા શિવ હે ચંદ્ર સૂરજ પહેચાનો,
તરવેણીમાં તાર મિલાવો (૨) ગંગા જમના ન્હાવો...

પૃથ્વી વરૂણ વ્યહની વાયુ, ચંદ્ર ત્રિકોણ મંણ્ડલો,
છાંએ છાંને સાથમાં બાંધો (૨) બ્રહ્મ રુન્ધમાં લાવો...

રૂદય કમળમાં મધ્યમા લાવો શૂનસે વાયુ ભમાવો,
મધ્યમાકો સાથમેં જોડો (૨) મંત્ર વહિ જપાવો...

બાજીગરકી બંસરી વાગી અપનો રૂપ દિખાયો,
કૃષ્ણ ઘેલી રાધા રમાડો બળવંતે સૂરતા સમાવો...

(૨૯)

વાણીએ વેપાર માંડ્યો જગતમાં વાણીએ વેપાર માંડ્યો,
આતો ત્રણ ગુણે જડ્યો...જગતમાં...

વૈખરી વાણીના અઢાર ભેદ છે એને પ્રસ્થાન કહ્યો,
મુખે બોલ્યા સ્થુળ વાણી (૨) આતો ફુટે મકાઈનો દાણો...

દરિયે જઈને ડુબકી મારી હિરલો હાથમાં સમાયો,
બોલ્યો પણ વૈખરાયુ નહિ (૨) આતો મધ્યમા રૂપ બનાયો...

સરચાચરમાં વિષ્ણુ અવતારા ઓળખ વિના અથડાયો,
રૂપ એવું પશ્યંતિ વાચા (૨) આતો વૈખરી વિના વખણાયો...

ફળફુલમાં મધ ભર્યું છે એને મધપુડો ના કહેવાયો,
પરામાં તો સર્વે પડ્યું છે (૨) આતો સ્ફુર્તિરૂપ જણાયો...

નિરગુણ અનામી નામે અલખ લખવામાં નાયો,
ગરુ પ્રતાપે બળવંત કહે (૨) આતો વાણી વિનાનો સમજાયો...

(૩૦)

સુતેલી સૂરતા જગાડી ગુરુજીએ સુતેલી સૂરતા જગાડી,
દ્રોણ ગુરુ જ્યારે ક્ષત્રિ ભણાવે એક લવ્યને ઠુકરાવી
મુરતિ આધારે વિદ્યા ભણી (૨) ભસતો કૂતરો રોકી...

કૌરવોની જ્યારે પરીક્ષા થઈ ત્યારે વડલે વાત વધારી,
એકલો અર્જુન આંખ જુવે (૨) એવુ લક્ષ ચોટાડી...

ભક્ત પ્રહલાદે થંભમાંથી પ્રભુને દિધા પ્રગટાવી,
કૃષ્ણ કનૈયો આપે બિરાજે (૨) રાધાને રાસ રમાડી...

પૂરવે તણુ પુણ્ય પામી નામ શબ્દને નાંણી,
બળવંત ગુરુ પ્રતાપે (૨) અવિચળ ધ્રુવને ધારી...



(૩૧)

સૂરા નર સનમુખ થાય મુરખનર નુંગરા નરકે જાય,
મન મસ્તાનો ઉંદર જુવો ઘંટીના ગારે અટવાય,
બિલ્લીબાઈ પકડી પાડે (૨) કોણ વારે થાય...

ફુલની માંય મધભર્યું છે તરુવરને ના સમજાય,
માખી એનો મહિમા સમજે (૨) ગીગો ગોથા ખાય...

કર્મ સંજોગે કણબી જોને ખેતી ખેડે ખારમાંય,
જેવું વાવે તેવું લણસે (૨) ખેતરને તેતર ખાય...

સ્વર્ગની ગાયની પુછ પકડે તે નક્કી સ્વર્ગમાં જાય,
ગુરુ ચરણે ધૃત તાવે (૨) છાસ ઢોળે છાણ માંય...

રામ નામને સ્વામી કીધા જેવી સીતા બાય,
ગુરુ ચરણે બળવંત આવે (૨) નામ પદ ન્યારૂ થાય...

(૩૨)

ચેતીલે ચીતની મ્હાંય ચતુરી ચેતીલે ચીતની મ્હાંય,
માથે કાળ વાવલીયાં વ્હાય...ચતુરી...

ધૂતી ધૂતીને ધન ભેરૂ કર્યું ને મેડીયો મોટી બંધાય,
આવોળ વાવી બાગ બનાયા (૨) સુવાસ વિનાફુલ થાય...

કાચ કેરી લખોટી ઘસીને માણેકની કરતો મુરખાય,
ભિખારી ભૂલીને ભમસે (૨) કુસકા ખાંડીને ખાય...

પાણીની પરપોટી જુવો મ્હાસાગરમાં ના માય,
આતસ્ બાજી હાથમાં સોટી (૨) બાજ તેતરને ખાય...

સીમરા કેરુ ફુલ જોઈને હુંડલો ભલો અટવાય,
ફાટ પડતાં ફુકી માર્યું (૨) ગજ પણ ગાંડો થાય...

ચેત ચતુરી શબ્દ સાંભળી સદ્‌ગુરુની શાંન માય,
રામ નામની રસોઇ બનાવી (૨) બળવંત જમતો જાય...

(૩૩)

ભક્તિની રીતમાં ચાલ રે મુરખનર ભક્તિની રીતમાંચાલ રે,
હેજી તુતો લોભમાં લલચાય રે...મુરખ નર...

જુઠ પાખંડ તારા કામ નહિ આવે પ્રેત થઈને પુજાય રે,
સંતના શબ્દો સમજે નહિ (૨) માનમાં બહુ મલકાય રે...

ચાડી ચોરી નિંદા ઘણેરી અહંકારે અથડાય રે,
હરિનું નામ તારા હોઠે ના અડે (૨) સ્વાર્થી સફળના થાય રે...

કુળ કુટુંબમાં પંચાત કરી પાયા વિનાની વાતો થાય રે,
લબાડુ હોય એ લફરો કરે (૨) બોધન લાગે લગાર રે...

ઘુવડ જેવી સભા ભરે ને ચીમરાં ભેગા થાય રે,
સાચી શીખજો કોઈ આપે (૨) રાવણની જેમ રીસાય રે...

દુરિજનની એવી છે મતિ સજ્જનની રીતમાં ચાલ રે,
ભક્તિ વિના નહિ મુક્તિ (૨) બળવંત બોલે બોલ રે...

(૩૪)

આ વાતો રે સમજાવો ગુરુજી મને આ વાતો રે સમજાવો,
આતો પાખંડી શું જાણે...ગુરુજી મને...

એક સ્ત્રીને દિકરો દિકરી કેમ કરીને અવતરે,
નહિ સ્ત્રીમાં નહિ પુરુષ (૨) વ્યંઢળ કેમ કરી જન્મે...



નહિ આઠ નહિ બાર નવ માસ કેમ નડે,
અભિમાંન્યુ અઢાર માસે (૨) લૂલો કેમ કરી જન્મે...

કાને કુંડળ કર્ણ જનમ્યા પિતા વિના શું કરે,
ધૃતરાષ્ટ્ર આંખે અંધા (૨) રોગે પાંડુ પીંડે...

સવળી બાજી અવળી પડે અવળી સવળી પડે,
પગમાં તો પરીયાં આવે (૨) માથામાં વૈઢ ફાટે...

પાખંડી તો પલમાં મળતા શાંન સે ના થી કરે,
બ્રહ્મજ્ઞાની ગુરુ મળે તો (૨) બળવંત વાતે જડે...

(રાગ : ઘટમાં જુવો વિચારી આપ)

નમી એ સદ્‌ગુરુ સંત ગણેશ તમને લળી લળી લાગુ પાય,
કાચી કાયાનો કુંભ ઘડુલો માંય અમૃત સાર સમાયા,
સદ્‌ગુરુની કૃપા થઈ ત્યારે પલમાં પદ પરખાયા...નમીએ

રિદ્ધી સિદ્ધી સેવામાં ઉભી અનુભવના અજવાળા,
ક્ષર અક્ષરથી ન્યારા રેવે પીંડ બ્રહ્માંડ પરખાયા...નમીએ

માત તમારી સત્ય સમજાણી પિતા ધર્મ તમારા,
વિવેક ને મોટાભાઈ બનાયા ગુણથી ગાન ગવાયા...નમીએ

પ્રેમ પુષ્પોની છાબો ભરીયો પ્રેમથી ચરણ પખાળ્યા,
કરણીની તો કંકુ બનાવી શબ્દ મોતીડે વધાવ્યા...નમીએ

દેહ દેવળમાં વાલો બિરાજે તોલ શબ્દ થી ન્યારા,
બળવંતનો તમે ઉદ્ધાર કિધો અમર પદ પરખાયા...નમીએ

(રાગ : વણજ કરુને વણઝાર ચલાવુ)

સુનરે સુન ઓ સંસારી જીવડા સાચી કહુ તને વાચારે,
કાળ અચાનક એક દિન આવશે જાણ જરૂર મરના રે...

ચોરાશીની યોનીમાં તુતો ચારખાની મહિ પરતા હે,
ઘાંચી ઘેર જેમ બળદ ફરતો આંટા અપાર ગિનના રે...

જરા મરણ તું ક્યાં લગી કરશે ઉંધા મસ્તક લટકા રે,
સદ્ગુરુકી શરણ મે આકે મુડદા પહેલા મરજા રે...

સદ્ગુરુકી કૃપા હે ન્યારી સુધરે તેરા કામા રે,
ધિરજ ઢાલ કર સત્યકો ધરલે કાલ બિકરાલ કર ઝેરા રે...

વનમાંહિ જેમ શબરિને ધરિયા રામકો એક દિન આનારે,
બળવંતને યહિ ધિરજ મે નામ અનામી પાય રે...

(રાગ : કાગડા લજામણા રે)

પાખંડી પડવાળા રે તને મારુ શબ્દના બાણ,
તને મારું શબ્દના બાણ રે, તને ચેતાવું ચિતડાની માંય...

કરીને પાખંડ ભુંડા રે ભટક્યો ને ભવ સાગરની માંય,
લખ ચોરાશીનો લટકુ પ્રાણી (૨) દેહે ડામ પડી જાય...

ઉપર ઉપર તો શુદ્ધ દેખાયો ને કપટ મનમાં સમાય,
કંઠમાં માળા મોતીની પહેરી (૨) મૂલ ઝરીના જણાય...

કરીને મમતા મગરૂબીને અસતમાં અટવાય,
મારા તારામા મનડુ માલી (૨) લોભે લક્ષણ જાય...

ફુલ જાણી ફોરમ લેવાને ભમરો ભલો ભટકાય,
ફોરમ ખીલી ઠગાઈ ખીલી (૨) ભમર જીવડો જાય...



બળવંતે ગુરુ પ્રતાપે શબ્દમે સૂરતા લગાય,
પાખંડ કરો તો પાપ બંધાઈ (૨) ચોરાશીમાં લપટાય...

(રાગ : મળો તો મને હરિજન મળજો રે)

મલો તો મને સંતજન મળજો રે મલો તો મને બ્રહ્માનંદ મળજો રે,
કે સાકુટ ના મળો મારી એવી મતી...

કોલસો ઘાલ્યો ખજાને હા, એનો દૂધે ધોયો દેદાર,
ભવસાગરે ભિંઝાય ગયો ત્યારે આખર એનો એજ...
મળજો હરિ ગુરુ...

વન બગાડ્યું વાંસડે હા અને સભા બગાડે શિયાળ,
ભજન બગાડ્યું પાપી પાખંડી એ અમૃતમાં પડી ગયું ઝેર...
મળજો હરિ ગુરુ...

વડલો જાણી વાવીયો હા એની શીતળ છે ઘટમાળ,
વડલે વતન બાંધીયા એમાં રહેવાવાળો કોણ...
મળજો હરિ ગુરુ...

લોહ પાકે ખાણમાં હા અને ઘણ લવારના ઘેર,
ઘડનારો બેઠો ગોંદમાં એના હથિયાર થાય તૈયાર...
મળજો હરિ ગુરુ...

બળવંતની વિનંતી હા અને પોતે જ નિરમળ થાય,
જનમ ધર્યાની ખોજ કરો તો લખ ચોરાશી મટી જાય...
મળજો હરિ ગુરુ...

(રાગ : જરા જીવ જાગીને જો) (૧)

મનુષ જીવ બાંધી રે દે આતો પાણી પહેલા પાળ,
હેળંબા એ હાથ લંબાવ્યા ચપટી કેળાં કાજ
કેળામાં તો ઈયળ બેઠી (૨) એનો એળે ગયો અવતાર...

કોયલ રાણી કિલ્લોલ કરતી કુંજન કરતી આજ,
ઈંડા એનાં કાગે સેવ્યાં (૨) એ તો મુરખનો સરદાર...

ગરાસમાંથી ગોર લાવ્યો કણ કણનો મુખતાજ,
ગોરાણીએ ગાંદી કાઢ્યો (૨) એનો ના થાયે કંસાર...

બળવંત નામની પાળ બંધાણી ગુરુદેવની મોજ,
પૂરવે તણુ પુણ્ય જ પામ્યા (૨) સફળ થયો જનમાર...

(૨)

જીવતુ જાણી રે લે રામનું નામ તુ તો ઘીમાં ઘેટાં ચારે,
માછી એ તો જાળ જ નાખી દેડકો પકડ્યો ભાઈ,
માછલી એતો મોતી જણીયા (૨) ઝવેરી વેપાર થઈ...

બિલ્લીબાઈ ખુણે બેસી કુદકો માર્યો ભાઈ,
છછુંદર તો લાડુ જમીયો (૨) ગણેશ સાથે હોઈ...

મદારી એ વેણ વગાડી નોરવી નાઠી ભાઈ,
મણી ધર તો મેવા પીવે (૨) શંકર શીરે જઈ...

આભ જેવી રોટી બનાવી ઠીકરી ક્યાંથી થઈ,
બળવંત ઘીમાં જ્યોત જલાઈ (૨) અનામી નામને સોઈ...

(૩)

મુરખ નર માનીરે જા મારી વાત આતો દીવા પુઠે અંધાર,
ઢાંઢા એ તો ગીધજ ગળિયો માછલી ગળી ગઈ બગ,



બિલ્લીને તો બકરી ધાવે (૨) ગાયે માર્યો વાઘ...

બિન્દુ એ સાગર ને બુડાડ્યો મોરલી વગાડે નાગ,
તણખલાથી મેરૂ ઢંકાયો (૨) મચ્છર ખાયે મધ...

પાંચ પંખીડા પરણી લાવ્યાં પરદેશી એક નાર,
દારૂ એ દારૂડીયાને પીધ્યો (૨) ગીગે સુધ્યું ફુલ...

બળવંત કહે વાઘ જોને ઘેટાં ભેરો જાય,
ગુરુદેવના ચરણે જાતાં (૨) સોહી સ્વરૂપ સમજાય...

(રાગ : છેલ પંખીડા)

ઓ જીવલડા...શા માટે અથડાય આવા સંસારમાં,
ઢાંઢાં એ તો ગીધજ ગળિયો માછલી ગળી ગઈ બગ...
ભાવ ભક્તિમાં મનડુ ના માલ્યુ (૨) તારું જીવન અવરથાજાય રે...
ચાડી ચુગલી નિંદામાં જીવન ગાળ્યું (૨) તુ તો મુરખ જનમાં ગણાય રે...
કાગ ભુલે નહિ ચાંદુ જોવુ (૨) તું તો પાપ કમાઈને જાય રે...
ભુંડે ભલાઈનું ભાતુ ના ભર્યું (૨) તારા કાળ વાવલીયા વાય રે...
નિતી વિના રીતી એ ના રાખ્યું (૨) તું તો મસાણે રોળાય રે...
બળવંત કહે તું માન્ય મારું (૨) તારા કરમ ગુરુગત વાર રે...

(રાગ : છેલ પંખીડા)

ઓ સુગરા રે...મોરલડી વાગે ને મનડાં મુંઝાય છે...
દિલ દરિયા ઉપર રાસ રચ્યો (૨) માહિ સૂરતા તો પટરાણી છે...
પીંડ બ્રહ્માંડ ઉપર વાસો કર્યો (૨) મહા શૂન્યે એક ઝણકારી છે...
ઓહંગ સોહંગ દો ફેરી ફરે (૨) ત્યાં ઝબકારી જ્યોતિની છે...
નામ અક્ષરથી આઘુ જોજો (૨) મન બુદ્ધિ ગઈ ત્યાં હારી છે...
વાલો બાવન બહાર બજાવે બાજો (૨) એની ધુન્ય પ્રણવમાં આવી છે...

અનગડીયો રાજા આવી ઉતર્યો (૨) ચરાચરમાં એક ચેતનજી છે...
બળવંતની દષ્ટિ જાગી (૨) જે સમજે એ તો શાણી છે...

(રાગ : જાગ જીવલડા)

હે સુણ સાહેલડી...ગુરુ પધાર્યાં મારા ઘેર આનંદનો દાડો છે.

હે મારી પૂર્વ જનમની પ્રીત જાગી
મને જાગતા ગુરુની જોડ જડી...સુણ

હે મારા દેહ દેવળમાં જ્યોત જલી,
પેલા નુંગરા નરને જડે નહિ...સુણ

હે મારે ભુત પ્રેતના પૂતળાં પૂજવાં નથી,
મારે દોરા ધાગા લટકાવા નથી...સુણ

હે મારે માટીની દેવ દેવી પૂજવી નથી,
મારે અલૌકિક શક્તિની કૃપા ઘણી...સુણ

હે મને સત્ય સનાતન ની શાંન મળી,
મારે પંથા પંથીમાં ભળવું નથી...સુણ

હે નામ નગરમાં સોહંમની સેવા ઘણી,
મને બળવંત અવતાર ની ખબર પડી...સુણ

(રાગ : હંસચાલ)

ગુરુ મારો ગોવિંદ તોલે હોય સનાતન પ્રગટ થઈ પરખાય,
ગુરુ મારો ગોવિંદ તોલે હોય જી...

મોટામાં મોટો દેવ માનવ પથરા પુજવા જાય જી,
ચીતરેલાં દેવી દેવતાને (૨) ધૂળ ઘણી ચઢી જાય,
ગુરુ મારો ગોવિંદ તોલે હોય જી...



દેખા દેખી કરવા લાગ્યો હોમ હવને મલકાય જી,
જ્ઞાન યજ્ઞ જો કોઈ કરે (૨) પ્રભુ પ્રગટ થાય,
ગુરુ મારો ગોવિંદ તોલે હોય જી...

ગોળ ઘી નું નૈવેદ્ય મુકતાં ભૂતાં પણ ના ખાયજી,
બનાવટની બીક લાગતા (૨) બકરા કાપવા જાય,
ગુરુ મારો ગોવિંદ તોલે હોય જી...

માથા ધૂણાવે ભોગ ધરાવે ધરમ ના કહેવાયજી,
વેદ પૂરાણોમાં નથી પૂરાવા (૨) અંધારે અથડાય,
ગુરુ મારો ગોવિંદ તોલે હોય જી...

સનાતન ધરમ સાચો નાંના મોટામાં વખણાયજી,
બળવંતને પ્રગટ મળ્યા (૨) ગુરુના ગુણલા ગાય,
ગુરુ મારો ગોવિંદ તોલે હોય જી...

(રાગ : વાગે ભડાકા ભારી)

આવો ગુરુજી પ્રેમે ઉગારો કરુણા કરો ને પ્યારી રે...હો...જી...
નામ અનામી અવિનાશી ને સમરૂ નામ અનામીને હા...આ...આ...આ...
અવિનાશીને સમરૂ અક્ષરાતીતના વાસી મારા ગુરુજી...કરુણા

દુર્યોધનના દુષ્ટ પણાથી દ્રોપદી ઘેરાણી રે...હો...જી...
પોતે આવીને ચીર તમે પૂર્યા પોતે આવીને હા...આ...આ...આ...
ચીર તમે પૂર્યા વિસારો ના વનમાળી મારા ગુરુજી...કરુણા

પારાસુરથી મચ્છગંધા કુવારી માતા કહેવાણી રે...હો...જી...
વ્યાસજીનો જનમ ધરીને વ્યાસજીનો હા...આ...આ...આ...
જનમ ધરીને કલંક માંથી ઉગારી મારા ગુરુજી...કરુણા

ઈન્દ્ર રાજા એ કપટ કરીને અહલ્યાને અભડાવી રે...હો...જી...

પથરામાંથી નારી કીધી પથરામાંથી હા...આ...આ...આ...
નારી કીધી શ્રાપમાંથી ઉગારી મારા ગુરુજી...કરુણા

બળવંત ચરણે આવ્યો દુ:ખટાળો ભવમાંહી રે...હો...જી...
વિનંતી સુણી આજ અમારી વિનંતી સુણીને હા...આ...આ...આ...
આજ અમારી અમર પદવી અપાવી મારા ગુરુજી...કરુણા

(રાગ : તારી આત્માને ઓળખ્યા વિના રે)

એવા અંતરની આરાધે રે હે ગુરુજી મારા એવા આવીયા હો...જી...
અન વાલો મારો ચઢ્યા ઘોડે અસવાર રે હા...આ...આ...આ...

એવા અક્ષર તણા ઘોડા રે હે સચરાચરમાં એવા આવીયા હો...જી...
અન અલખ ધણી નિરાકારી અવતાર રે હા...આ...આ...આ...

એવાં મીરાંબાઈના ઝેરરે હે કટોરામાં એવા ગાળિયાં હો...જી...
અન વાલો મારો અણુ અણુમાં રહેનાર રે હા...આ...આ...આ...

એવા ગંગાજીના ચરણે રે હે અંધકારસૂર એવો આવિયો હો...જી...
અન વાલો મારો તણાતાને તારનાર રે હા...આ...આ...આ...

એવા બળવંત આરાધે રે હે ગુરુજી મારા એવા આવિયા હો...જી...
અન વાલો મારો સત્ય તણા સથવાર રે હા...આ...આ...આ...

(રાગ : સતગુરુ જમવા પધારજો રે)

ભારતમાં ભાગ્ય ફળીયું રે
મળ્યું મનુષનું તન મારા વાલા...

માયામાં મનડુ માલીયું રે
ભૂલ્યો ભગવાનનું નામ મારા વાલા...

વ્યસને નામ વગોવીયું રે,
કર્મે કલંકનો ડાઘ મારા વાલા...





સંસારનું ગાડુ બગાડીયુ રે,
ગધ્ધો ખેચે છે જેમ ભાર મારા લાલ...

હું તો છું કોણ ના જાણીયું રે,
પ્રભુનો થયો છે ચોર મારા વાલા...

સંતો એ ઘણુ સમજાવીયું રે,
બળવંતને નામનો આધાર મારા વાલા...

(રાગ : થાળ)

વ્હેલા વ્હેલા આવો મારા વાલમા
હરે જમવાને પધારો ગુરુદેવ જો...

અંતરમાં આસનીયા બિછાવીયા,
હરે નાભીના કમળમાં વસનાર જો...

ભાવના ભોજનીયા બનાવીયા,
હરે પ્રેમે રે પુરુષોત્તમ પધારજો...

કંચન થાળી પીરસે જશોદા માવડી
હરે કૌશલ્યા બોલાવે વ્હેલા આવજો...

ગોવાલણનાં માખણ તમે ચોરીયાં,
હરે સુદામા ના પૌંઆ ને જમનાર જો...

મીરાંબાઈનાં ઝેર ને અમૃત કર્યાં,
હરે શબરીબાઈના એઠાં એઠાં બોર જો...

કર્મા બાઈએ રાંધેલો છે ખીચડો,
હરે વિદુરજીની ભાજી ને જમનાર જો...

બહોંતેર મણના બોડાણાના ત્રાજવે,
હરે ગંગા બાઈની વારી હાટો હાટ જો...

કુમકુમ પગલાં પાડ્યાં અજમેલ મ્હેલમાં,
હરે લીલા લીલા ઘોડલીયે અસવાર જો...

નિરમળતાથી બળવંતની વિનંતી,
હરે ભક્તો રે બોલાવે વ્હેલા આવજો...

(રાગ : તારી આતમાને ઓળખ્યા વિના રે)

એવા સદ્ગુરુ વિના રે એ ગોવિંદ તને નહિ તો મળે હોજી,
અન સદ્ગુરુ વિના જ્ઞાન કદિના થાય રે હા...આ...આ...

એવું ગાયેલું ગવડાવે રે સમજણ વિના ભટકી મરે હોજી,
અન અનુભવ વિના અહંકારે અથડાય રે હા...આ...આ...

એવા શાસ્ત્રને ગ્રંથો મારે ગુરુ મુખની વાત નથી હોજી,
અન ગાયત્રી જપ ગમ વિના ઘણા ગાય રે હા...આ...આ...

એવા ક્ષત્રીય થઈ બેઠા રે સનાતન તો ક્યાંથી જડે હોજી,
અન પોથી પઢી પંડિત ભેદોમાં ભરમાય રે હા...આ...આ...

એવી ઈંગલાને પીંગલા રે સુષમણા ત્રણ દોરા બાંધ્યા હોજી,
અન ભભૂતીથી ભરમ કદીના જાય રે હા...આ...આ...

એવા જડ રે ચેતનમાં રે વાલો મારો નજરે ભાળુ હોજી,
અન બળવંત સદ્ગુરુથી જુદા નવ થાય રે હા...આ...આ...

સાખી :-

પ્રથમ નમુ ગણરાજને અષ્ટ સિદ્ધિ વિધાતા,
શંકર સુવન સુતગૌરી શુભ મંગળ દાતા.





સાખી :-

પ્રથમ પહેલાં પુજન થાતુ ગૌરી નંદ ગણેશ,
અનામી એ નિર્ગુણ પૂજ્યો ને સદ્ગુરુ વધ્યો શેષ.

સાખી :-

મૂળ વચને વિચારી એતો તરત મળે આદેશ,
વચને વધ્યો વિસ્તારો ને દિપક સદ્ગુરુ વેશ.

સાખી :-

મન રહે સંસારમાં ને નાવડી રહે જળ માંય,
મનમાં જો સંસાર રહે તો નાવડી બુડે જળમાંય.

સાખી :-

મન વિષયમાં રમ્યા કરે પણ સંસારમાં ના સમાય,
પૂર્વ જન્મનું અર્ધ ચેતન મન કૃષ્ણ માં જ સમાય.

સાખી :-

મુખેના બોલ્યા રામ એનું ક્યાંય નથી રે ઠામ,
મુખે બોલ્યા રામ એના કૃષ્ણ થઈ ગ્યા નામ.

સાખી :-

આનંદ આનંદ સૌ કહે અને આનંદ જાણ્યો નહિ,
આઠે પહોર નેનો સમિ મૂર્તિ કૃષ્ણ સહિ.

સાખી :-

મનનો રચ્યો માંડવો ચિતડાની કરી ચાંરી,
પાંચમો ફેરો જેણે ફર્યો એ જ કૃષ્ણ પામી.

સાખી :-

મહા કૃષ્ણ માયા તમારી ચર્મ ચક્ષુથી જણાય,
જ્ઞાન ચક્ષુ ખુલે એક તો મીથ્યા માયા જણાય.

સાખી :-

મળ્યો છે મનુષ્ય અવતાર મોઘોને મૂલદાર,
રામ નામ ને રટ્યાં વિના મુરખનો સરદાર.

સાખી :-

રાજા બંધાવે પુલતો કીડીઓ પણ પેલે પાર જાય,
ગુરુજી બતાવે પંથતો બળવંત ભવજળ તરી જાય.

સાખી :-

રેશમની સિલાઈ જો કંતાન પર થાયતો સોહામણુ બની જાય,
બળવંત ઉપર કૃપા કરો તો શત્રુ પણ વેર ભુલી જાય.

સાખી :-

કપટની ખાણ કળયુગમાં ને કલ્પ વૃક્ષ છે નામ,
કૃષ્ણ નામ નક્કી થયું ને સાચો મળ્યો છે ઠામ.

સાખી :-

નિર્ગુણ અપ્રકટ અગ્નિ તે કાષ્ઠમાં છુપાયો,
સગુણ પ્રકટ અગ્નિ તે પ્રત્યક્ષ દેખાયો.

સાખી :-

નિર્ગુણ અને સગુણ વસ્તુ એક છતાં જાણવા કઠણ,
નામનો પ્રભાવ મોટો બળવંત સુગમ થાય સમજણ.



સાખી :-

અજામિલ, ગજ અને ગણિકા નામથી થયા છે, મુક્ત
દાસ બળવંત તમને સમરે પ્રભુ પાપોથી કરો મુક્ત.

સાખી :-

જે જીભ પ્રભુના ગુણ ગાતી નથી
તે જીભ દેડકાની જીભ સમાન છે.
જે નેત્રો પ્રભુના દર્શન કરતા નથી.
તે મોરના પીછાની આંખો સમાન છે.

સાખી :-

જે કાન પ્રભુની કથા સાંભળતા નથી,
તે સાપના રહેવાના છિદ્રો સમાન છે,
જે શીશ પ્રભુને નમતુ નથી,
તે શીશ કડવી તુંબડી સમાન છે.

સાખી :-

કપટી કુટિલ વ્યભિચારીને નિર્ગુણ સગુણનો વિવેક નથી,
કપોળ કલ્પિત વાતો કરે કદી કૃષ્ણ મળતા નથી.

સાખી :-

ભ્રમરૂપી ભૂતને જે વેશ છે તેને નફા નુકશાનની સુધ નથી,
જેઓ તે નશામાં ચૂર છે તેઓ વિચારીને બોલતા નથી.

સાખી :-

સત્ય પર આરોપ મૂકી મુરખ અજ્ઞાની ભ્રમને સમજતા નથી,
આકાશમાં વાદળનો પડદો જોઈ કુવિચારી સૂર્યને દેખતા નથી.

સાખી :-

છીપમાં ચાંદીના અને સૂર્યના કિરણમાં,
જળની પ્રતીતી ત્રણેય કાળમાં ખોટી છે,
છતાં ભ્રમ અને મોહની મદદથી,
જડમાયા પણ સત્ય જેવી ભાષિત થાય છે.

સાખી :-

વિવશ થઈને પણ નામને સમરતાં,
અનેક જન્મોના પાપ બળી જાય છે.
આદર પૂર્વક સમરતા સંસારને,
ગાયની ખરીથી બનેલાં ખાડાની જેમ તરી જાય છે

સાખી :-

હું સાચો તુ ખોટો એમ નાદાન દોઢ ડાહ્યા થાય છે,
અંત વેળા માઠી આવે ત્યારે ભવસાગરમાં ભટકાય છે.

સાખી :-

નાવ વિનાનો નાવિક નિશદિન નરકે જાય,
સદ્ગુરુ ચરણે બળવંત બેઠો નિજનામે તરી જાય.

(૧)

પહેલાં સમરુ સતગુરુ નામને અને નેના ઉરમા ઉગાય,
જેમ સૂરજ ઉગી સૂરતે પડે ને દૂરના દેશ દેખાય.
બાણ વાગ્યા સત્ગુરુ નામના દલડા વિધાયા ભરપૂર,
દુગ્ધા મટી ગઈ મુજ ગરીબની અને સાચો ઉગ્યો સૂર.
અનાદી નામ નિરંતર અઘાટી એને ભજતાં ભવસાગર તરીએ,



પંચ વિષયને પીખી નાખી અવાચ્યમાં જ મળીએ,
સાગર લહેરી એક છે ભિન્ના ભિન્નથી ટળીએ.
શાંન સદ્ગુરુની ત્યારે સમજાઈ આનંદમાં જ રહીએ,
ભાયગ હમારા પૂરવે તણા સદ્ગુરુ સંત મળીયા,
કહે બળવંત પરમાતમ જોઈ ભવના ફેરા ટળીયા.

(૨)

ચલજા ચલજા ચાંપશે સદ્ગુરુ કી શરણ,
જાણે આતમ બોધ બોધસે મિલે ગુરુ ચરણ.
સદ્ગુરુ શબ્દ પ્રમાણ રહ્યા પદ પુરુષ અનાદિ,
શુન્ય શિખરકી માંય અલખ કોઈ દુજા નહિ.
સદ્ગુરુ વિના દેશ બીજો કોઈ શકે નહિ જાણી,
જાવે શિર ગુરુ સોઈ ત્યાં હું તુ નાહી.
ઉલટ જોવે ગુરુ દેવમે પલમે પુરુષ ઓળખાય,
બળવંત નિરમલ નામ ગુરુ મને જાહેર જણાય.

(૩)

જનુની બિચારી ક્યાં કરે ને પથ્થર પડીયાં પેટ,
બિન કવિતા કો જનમ ગુમાવ્યો જીન્હે સદ્ગુરુ નહિ શેઠ.
વિતાવે નિશદિન એસા પાપકા ઉદ્યમ કરતા,
વિમુખ કરકે રામકો ઉદરકા પેટ ભરતા.
કાલકી કઠીન હે જાલ પડેગા ચોરાશી ફેરા માંય,
કહે બળવંત મુઢકો જનમ તેરો એળે ગવાય.

(૪)

કરે સંત સમાગમ તો પામે સઘળાં સુખ,
પૂરણ જેના ભાગ્ય છે તેના ભાગ્યા સરવે દુઃખ.
થાપે મહાધરમ અધરમનો ઉથાપી દઈ,
એમ કરે મલકની માંય અભે પદ સંત કહાઈ.
ત્રણ ભુવનની માંહી તેના સમોવડ નહિ કોઈ,
સહુની સન્મુખ આવી ચરણે નમાવે શિશ સોઈ.
છાપા તિલક અને માળા એતો શણગાર કહાવે,
ચૌદ લોકનો ઈશ શિશ સંતનને છાજે.
અનહદ નોબત ગરગડે નરભે હોત નિશાન,
બળવંત એ નાદમાં પ્રભુની કરે પહેચાન.

(૫)

સાખી મારી સ્વાર્થની એમાં શું તુ બડો થયો,
બડો ગયો બડાઈમાં તુ તો મોટા નરકે ગયો.
સાખી તો સૌ કોઈ કહે ને ભવતો ભૂતોમાં ગયો,
સદ્ગુરુ એ સમજાવીયો તોય પ્રભુના એક ભર્યો.
હું કહું છું તુ કહે છે ખોટા મતોમાં મથીયો,
તાણો તાણી થઈ રહી છે ત્યાં બળવંત નથી વસીયો.

(૬)

ભણીગણીને પંડિત થયા જેમ છોડ ઉપરનું ફુલ
ફુલ થયુ પણ ફોરમ નહિ એ જ ભણ્યામાં ભુલ.
ભણ્યા પંડિત એ જ ભલા પારખ્યું પોતાનું રૂપ,
બળવંત નામ નક્કી કર્યું એ જ ભણ્યા સરભૂપ.



(રાગ : હેજી ક્યાંથી રે મળે રે સદ્ગુરુ ક્યાંથી રે મળે)

હે જી કોણ રે...સમજાવે વાતો કોણ રે સમજાવે,
સદ્ગુરુ વિના વાતો કોણ રે સમજાવે.

શૂન્ય શિખરની માંઈ વાજા રે વાગે,
હેજી વાજા રે...વાગે ને ગગનમાં ગાજે...સદ્ગુરુ વિના

ઓહંગ સોહંગ દોનો રાસ રચાવે,
હેજી રાસ રે...રચાવે ને જ્યોત ઝળકાવે...સદ્ગુરુ વિના

ગેબી ગુફામાં અલખ આદી બીરાજે,
હેજી અલખ...બિરાજે ને કેવલ પદ પાવે...સદ્ગુરુ વિના

નહિ નારીને નહિ પુરુષ જણાયે,
હેજી પુરુષ...જણાયે નહિ વ્યંઢળ જણાયે...સદ્ગુરુ વિના

નાભીની વાતો સદ્ગુરુ શાંને સમજાવે,
હેજી શાંને...સમજાવે ને બળવંત સમજે...સદ્ગુરુ વિના

(રાગ : વીરપુર જાવું)

નામ બતાવું કે ધામ બતાવું
હાલ મનવા હાલ અખંડ ધામ બતાવું
નિરાધાર વસો છે આ બ્રહ્માંડમાં,
ગંગા જમના વહે છે ભરપુર માં
એતો અમર તત્ત્વ એતો અવિનાશી એવી જ્યોત બતાવું
નિજધામ જાવું કે ગુરુધામ જાવું...હાલ મનવા.

સનાતન વસે છે સચરાચરમાં,
કાઢે ભક્તોના દુઃખ પલવારમાં

એતો નિર્વિકાર એતો કાલાતીત એવો નિરબંધ બતાવું,
ગુરુ ચરણ જાવુ કે અમરાપુર જાવું...હાલ મનવા.

તારણહાર વસે છે તલભારમાં,
કામો થાતા જ એક ફરિયાદમાં,
એતો અસંગ અભેદ એતો વિના પ્રલય એવો ચેતન બતાવું,
સૂરતા મંડાવું ને લોચન ખોલાવું...હાલ મનવા.

ગુરુદેવ વસે છે નિરાકાર માં,
બળવંત દર્શન કરીને આનંદમાં,
શબ્દ એવું જ નામ નામ એવો શબ્દ બેઉ એક બતાવું,
ડુંગરામાં ડેરીને ડેરીમાં ભાળુ...હાલ મનવા.

(રાગ : હે માનવ વિશ્વાસ કરીલે)

હે ગુરુજી મને ઉગારો ભવસાગરે ભટકાવું છું
તમો વિના બેલી નથી કોઇ શરણે આપની હું આવું છું.
આશરો એક તમારો વાલા (૨) હાથ જોડીને વિનવું છું...

ડગમગ નૈયા મારી ડોલે સાથ તમારો હું માગું છું,
સચરાચરમાં અણુ અણુમાં (૨) નામને આરાધું છું...

ગર્ભવાસમાં કોલ દિધો એ કોલ પાળવા હું માગું છું,
ગુરુ ગોવિંદ એકરૂપ જાણી (૨) બ્રહ્મને હું માનું છું...

અલખ પુરુષને અનાદિ જાણી ગુણ થકી હું ગગરુ છું,
સદ્‌ગુરુનો ઉપકારી થઈને (૨) ચરણ બળવંત માગું છું...



(રાગ : આવી કસોટી નાકર)

સાચુ વચન ના છોડ મારા રામનું માફી માગી લે કરેલા અપમાનની

મોહ માયામાં ફસાયો, ક્રોધ કાળમાં લુટાયો,
નીતી નથી રે હવે તો તારા હાથમાં...માફી

તુતો ઉદરમાં અટવાયો, લખચોરાશી લપટાયો,
નીચી યોનીમાં નરકે જનારા...માફી

તુતો નરકમાં પડવાનો, હું પદ લાગે છે હુફાળો,
પાપ છોડી ને જપીલે જાપ નામના...માફી

ભક્તિ નહિ કાયરના કામ, તુંતો નપુંશક કહેવાણો,
સૂરાતન નથી કાંઈ તારા સાથમાં...માફી

ગુરુદેવના પ્રતાપે, બળવંત શબ્દ સાર પાયો,
તમે વચન વિવેકો મારા રામના...માફી

(રાગ : હે મારા સદ્‌ગુરુની વાણી)

હે મારા સતગુરુને જાણી, અંતરમાં ઘણુ ઉભરાણી,
આનંદની લ્હેરો લાગી.

હે વાલા ગુણ તણા ભંડારી, રિદ્ધિ સિદ્ધી તણા કલ્યાણી,
યોગી ઓના છો આદ્ય યોગી.

હે વાલા પિંડ બ્રહ્માંડનાવાસી, અણુઅણુમાં છો અવિનાશી,
બોલવાની જગા નહિ ખાલી.

હે વાલા મૂળ કમળની રાણી, બ્રહ્મરુન્ધમાં એક રણકારી,
ગુરુકમળમાં નાથને પામી.

હે વાલા અનામી નામને નાણી, નિજનામે બળવંત જાણી,
ગુરુ ચરણોમાં ચમકારી.

(રાગ : મુરખા માનજે રે)

મુરખા માનજે રે...સદ્ગુરુ વિના નહિ તરનાર
કાયાને જાણજે રે...પરપોટો પાણીથી ફુટનાર,
જમડા મારશે રે...કાયા અડબોટો ખાનાર,
સાચુ જાણજે રે...સદ્ગુરુ સેવ્યાથી તરનાર,
પથરાને મેલજે રે...પથરો પોતે નહિ તરનાર,
પરગટ જાણજે રે...તારી કાયામાં કિરતાર,
બળવંત કહી જાણે રે સદ્ગુરુ સમજણના સથવાર.

(રાગ : આવો રે મારા સદ્ગુરુ દેવા)

આવો રે ભાઈ હરિના ભજનમાં,
હરિના ભજનમાં ને હરિગુણ ગાયા...આવો રે

કથા કિર્તન જેના આંગણીએ આવા,
આંગણા લાગે છે એના અમરાપુરજેવા...આવો રે

વાસનામાં અંધ બની ઘરમાં પુરાયા,
હરિભજનમાં શૂરાનર આયા...આવો રે

ગોબરની ગરગોલીએ ગીગા ભરમાયા,
ફુલોની સોઢમ લેવા ભમ્મરજી આયા...આવો રે

મારા તારમાં ઈર્ષાળુ અટવાયા,
હરિભજન કોઈ વિરલાએ પાયા...આવો રે

ભજનમાં આયા નામ રામનું એ પાયા,
બળવંત કહે એતો વૈતરણી નાહ્યા...આવો રે





## સવાલ – જવાબ

| | | |
|---|---|---|
| ૧. સૃષ્ટિ ક્યાંથી ઉપની | – | આદ્યથી |
| ૨. કોણે રચીયો જગતનો ઠાઠ | – | આદ્ય પુરુષે |
| ૩. કર્તા કોન | – | આદિ પુરુષ |
| ૪. ઈંડ સ્વરૂપ | – | પુરુષ |
| ૫. ઈંડમાં કોણ | – | શક્તિ |
| ૬. ઈંડ પાર કોણ | – | બ્રહ્મ |
| ૭. ૐકાર ક્યાંથી થયો | – | મુક્તિ ભવનથી |
| ૮. ૐકાર શબ્દ કોન | – | પોતે |
| ૯. વિભૂતિ કોણે રચી | – | ચૈતન પુરુષે |
| ૧૦. પંચ ભૂત ક્યાંથી થયા | – | મહાશૂન્યથી |
| ૧૧. આધમાં એ ક્યાં રહ્યાં | – | મહાશૂન્યમાં અઘાટ |
| ૧૨. સ્થાવર શાથી થયું | – | જડભૂતે |
| ૧૩. જગત સાથી થયું | – | મહાચૈતનથી |
| ૧૪. પશુ પંખી જંતું ઝીણા જીવ સાથી થયા | – | તત્વભેદે |
| ૧૫. વિચિત્ર બીબા ક્યાંથી લાવ્યા | – | ચૈતનપુરુષની ઈચ્છાથી |
| ૧૬. ક્યાં જઈને સમાય | – | મહાતત્વની માંય |
| ૧૭. સુખ દુઃખ સાથી આવીયા | – | જોગ વખતે સંસ્કાર બંધાય |
| ૧૮. પાપ પુણ્ય કોણ કરે | – | મન |

| | | |
|---|---|---|
| ૧૯. પંડિત પુરાણ | – | બુદ્ધિ |
| ૨૦. કાળ | – | નિમિષ |
| ૨૧. પ્રકૃતિ રૂપ | – | ભ્રમ |
| ૨૨. વિશ્વરૂપ | – | ક્ષર |
| ૨૩. જાગ્રત બ્રહ્મ | – | અક્ષર |
| ૨૪. ચાર અવસ્થા પર કોન | – | ચિત્ત |
| ૨૫. ભાસ કોન | – | ચિત્ત |
| ૨૬. ષટ્ પ્રમાણ રહિત કોન | – | વિંદ |
| ૨૭. દ્વૈત | – | માયા |
| ૨૮. અદ્વૈત | – | બ્રહ્મ |
| ૨૯. મુક્તિ દ્વાર | – | ગુરુ |
| ૩૦. વેદ કોન | – | બોધ |
| ૩૧. ગુરુશિષ્ય બોધ | – | ગુરુ |
| ૩૨. સદ્ગુરુ અવતાર કોન | – | બ્રહ્મ |
| ૩૩. નિરાકાર | – | આત્મા |
| ૩૪. ભૂમિમાં અવતાર કોન | – | વિષ્ણુ |
| ૩૫. સદ્ગુરુ વિના જ્ઞાન કોન | – | બ્રહ્મ |
| ૩૬. જ્ઞાન વિના મુક્તિ કોન | – | શ્રોતા |
| ૩૭. સખી દેશ કોન | – | નિજધામ |
| ૩૮. મુક્તિ ભવન કોન | – | જહાં હમારા મુક્તિહૈં |
| ૩૯. આદિ અંતને મધ્યે કોન | – | નામ |





(રાગ : આ અવસર તો આયો પુરાણી)

સદ્ગુરુ સાચા કરી જુવો તો જાશો ભવની પાર જો.
આંખ આપી છે ઉગરવા માટે ઉદરમાં અટવાય જો.
જનમ મરણની વાત ન જાણી લખચોરાશી લપટાય જો.
મનુષ થઈને મરમ ન જાણ્યો માયામાં ભરમાય જો.
મનુષ દેહ તો મળ્યો મજાનો મોક્ષના મેળવાય જો.
ભગત થઈને ભેદ ન જાણ્યો ભ્રમમાં ભળી જાય જો.
સંત બન્યા પણ સાર ન પામ્યો જૂઠમાં જકડાય જો.
સદ્ગુરુ દેવની શાંન સમજી બળવંત બબડ્યો બ્હાર જો.
બાહેર ભીતરમાં છુપાઇ જઈને અવિનાશી પદમાં હોય જો.

(રાગ : ગુરુ પધાર્યા મારા ઘેર)

ભજ્યા નહિ ભગવાન ને એની ગતિ શું થાશે
પરપંચોમાં પ્રીત કીધી, ચાડી ચુગલી નિંદાઓ કીધી,
કર્યા કરમ ભોગવશે રે...એની ગતિ શું થાશે.

ભલાઈની સાથે ભૂંડાઇ કીધી, બાવરો ફરે ભાન ભૂલી,
શું કહીએ નાદાન ને...એની ગતિ શું થાશે.

જીવ ઉપર દયા ન કીધી, ભોગવાશે ચારે ખાણી,
અભિમાને અટવાશે રે...એની ગતિ શું થાશે.

ફરતો મનમાં ઘણેરો ફુલી, અંતર કપટ અરિક્ષા ઘણી,
સ્વાર્થમાં ઉંધુ મારે રે...એની ગતિ શું થાશે.

બળવંત કહે શુણ શાંણી, આજ કાલની ખબર નહીં,
વેગે વણસી જાશે રે...એની ગતિ શું થાશે.

(રાગ : ભાન ચ્યાં ગયું રે)

જાગ જાગ જાગ તારું ભાન ક્યાં ગયું,
પાડોશીને પુછી જેને ભાન ક્યાં ગયું...

ચીતરેલો ગણપતિને ચિતરેલો ઉંદર,
બિલાડીને ખબર પડી તારું ક્યાં ગયું...

તીરથમાં જઇ તપ કર્યું દેહે પડ્યું દુઃખ
હોમ હવન કરી અજ્ઞાને રહ્યું...

બલિદાનમાં બકરો કાપી પાપ વોર્યું,
પૂતળાતો ખાતા નથી પેટમાં પચ્યું...

બ્રહ્મની એંધાણી નથી બ્રાહ્મણ કેમ કહેવાય,
કંઠીયો બાંધે ઘણી અમર ના થયું...

બળવંત કહે જાગ હવે મરવાનું થયું,
ઘુવડ જેમ ગોથા ખાતો અંધારું થયું...

(રાગ : ભાન ચ્યાં ગયું રે)

જ્ઞાન ચ્યાં ગયુ રે તારું જ્ઞાન ચ્યાં ગયું,
આંખો ખોલી જોયું ત્યારે અંધારું થયું...

ઘુવડ જેમ ગોથાં ખાતો ગોજારું થયું,
લાકડાની તલવારે લઢવાનું થયું...

રાવણ જેવું રાજ મળ્યું ખોવાનું થયું,
કીડીયોના ધને તેતર બાજનું થયું...

આંધળો જાણે અમ્મર થઇશું ને મરવાનું થયું,
દેવતા ઉપર દારૂ પડતાં ઉડવાનું થયું...

બળવંત કહે બોલમાં લઢવાનું થયું,
આપેલા કોલે તારે ભણવાનું રહ્યું...



(રાગ : માછીડા હોડી હલકાર)

મુરખા તુ માન્ય મારી વાત બીજુ ઝાઝુ શું કહીએ,
ઝાઝુ શું કહીએ તને વારે વારે કહીએ...મુરખા...

મારું કહેવું માને નહીને ઉલટો લડવા બાઝે,
હૈયામાં બહુ અકળાય...બીજુ ઝાઝું...

મીથ્યા બકવાદમાં ભાગ ઘણો ભજવે,
ગુના તારી માથે પડી જાય...બીજુ ઝાઝુ...

હું સાચો તું ખોટો એમ છાતી ફુલાવે
સમયતો કાળ સાધી જાય...બીજુ ઝાઝુ...

દિવાની બત્તીને ઉંદર તાણી જાવે,
ટાણુ તારું અફળ જાય...બીજુ ઝાઝુ...

ભવમાંહી ભૂલો પડી અધ્ધર તાલે અટકે,
ચોરાશીમાં જઇને પટકાય...બીજુ ઝાઝુ...

બળવંત કહે તુ માન્ય મારી વાતે,
અભિમાને ખોટો અટવાય...બીજુ ઝાઝુ...

(રાગ : ગરબી)

હે તારા વાલાને કેમ ભૂલી જાય રે સૌ હરીના હાથમાં...

ગુરુજી વિના તારો બેડો પાર થાયના,
વચન આપીને હેતે હરિ ગુણ ગાયના,
હે એવા ઉપકારને કેમ ભૂલી જાય રે સૌ હરિના હાથમાં...

સ્વાર્થના સગપણમાં સાચો પ્રેમ થાયના,
બાઇ મીરાં કૃષ્ણને કદી ભૂલી જાયના,
એતો ભવોભવના ભેરૂ કહેવાય રે સૌ હરિના હાથમાં...

પોપાબાઈથી કદી ભક્તીરે થાયના,
મારું તારું આ જગતની મમતા,
આતો ખેલ ખાંડા કેરી ધાર રે સૌ હરિના હાથમાં...

સંસારના સુખ કદી સાથે નથી આવતા,
એકલા આવ્યા અંતે એકલા જવાના,
હે તારા સાથીને કેમ ભુલી જાય રે સૌ હરિના હાથમાં...

શીવને શક્તિ કદી છુટા નથી પડતા,
નિજ સ્વરૂપમાં એક થઈ રહેતા,
હે તારા બળવંતને કેમ ભુલી જાય રે સૌ હરિના હાથમાં...

(રાગ : ગરબી)

ચેતીલે ચિતમાં પ્રાણી માયાની અવળી ઘાણી,
ભવસાગરમાં ભૂલો પડ્યો તું ફોગટ ફેરા ખાય (૨)
હે તારું મારું કરતાં મુરખા, માયામાં મરી જાય...ચેતીલે

ગાડી બંગલા બહુ વસાવી મોટો મોટો થાય (૨)
હે માલ મિલ્કત ભેરી કરી, ચોરાશીમાં જીવ જાય...ચેતીલે

અમલદારો કોટવારો શાહુકારો બહુ થાય (૨)
હે તાકાત વાળા તૂટી જશે, પાખંડી પછતાય...ચેતીલે

દાઢી જટા મુંડ મુંડાવી ચોટલીયો રખાય (૨)
હે ઘર છોડીને ભાગી જઈએ, દોરા બાંધે શું થાય...ચેતીલે

જંતર મંતરનો યજ્ઞ કરી પાઠ શાંનો પુરાય (૨)
હે અલખને કાંઈ અડતૂ નથી, ભવાઈથી શું થાય...ચેતીલે

ભક્તી કરવા આયો જગતમાં કોલ ભૂલી ભટકાય (૨)
હે વચન ભૂલે વાલો રૂઠે, દુઃખના દાડા થાય...ચેતીલે

આંખો આગળ પ્રભુ બિરાજે સંતવિના ના સમજાય (૨)
હે જગમાં બળવંત નામ લઈલે, જનમ મરણના થાય...ચેતીલે





(રાગ : અલખ ઓળખાયો ગરબી)

સામે બેસીને સમજાયો ગુરુએ મને
અલખ ઓળખાયો
વિરાટ સ્વરૂપ દેખાડ્યું ગુરુએ મને,
અલખ ઓળખાયો

રજો તમો ને સત્વની ગાદી,
ત્રણ પગથીયાં ચઢાયો

માતા પિતા ગુરુ પ્રભુની પુજા
આરતી ઉતારી ત્રણ જ્યોતો.

નુંગરા નરને ખબર ના પડે,
અહંકારે અટવાયો

દેખા દેખી ભજન કરતાં,
સાચું ના સમજાયો.

ચમત્કારમાં માનતાં રાખતો,
પાખંડમાં ફસાયો.

અણુઅણુમાં પ્રભુ બોલે છે,
અજ્ઞાને ના જણાયો.

સદ્ગુરુ જેને સાકાર મળીયા,
અલખને ઓળખાયો.
જનમ મરણ એના કદીના આવે,
ગુરુ કૃપા ઘણી પાયો.
નિજનામ બળવંત આપે,
આપો આપ દરશાયો...

(રાગ : ગરબી)

ગોકુળમાં ગોવિંદ પધારીયા રે,
જાણજો જગતનો નાથ મારા વાલા.

આસો પાલવના તોરણ બાંધીયા રે,
કંકુ કેશરને ફુલ હાર મારા વાલા.

તેત્રીશ કરોડ દેવ નાચીયા રે,
મહાદેવને આનંદ અપાર મારા વાલા.

સર્વે સાહેલીયે વધાવીયા રે,
ધર્મનો જય જયકાર મારા વાલા.

વિશ્વમાં આનંદ વરતાવીયા રે,
ચંદ્રનો જાણે અવતાર મારા વાલા.

અબિલ ગુલાલને ઉડાડીયા રે,
ગીતોથી ગુંજન થાય મારા વાલા.

બળદેવના ઘેર કૃષ્ણ આવીયા રે,
ડંકો વાગ્યો છે ચૌદ લોક મારા વાલા.

(રાગ : ઠુમરી, પાંચ મળીને દશમળીયા હોજી રે)

આ મનડાને કેમ મનાવું હોજી રે,
આ મુરખ માયા મુકે નહિં.

આ પ્રભુ ભજન ના ભાવે,
આ ધતિંગ જોવા વેલો જાવે...

આ અવસર અણમોલો આવ્યો હાથમાં હોજી રે,
આવો મનખો ફરી નહી રે મળે...



આ ભજન વિનાના કાયર જાણવા હોજી રે,
આ સૂરો હોય તો સન્મુખ આવે...

આ ધર્મક્ષેત્રમાં કુરુક્ષેત્ર હો જી રે,
પેલા નપુંસક નું કામ નથી...

આ મોહ તો મમતા કરાવશે હોજી રે,
જમરાજાની જીત થાશે...

આ ખાલી આવ્યો ને ખાલી જાશે હો જી રે,
આ કુતરાંનું જીવન જીવ્યો...

આ જઈને ચોરાશીમાં પડશો હો જી રે,
આ કરમ સાટે દેહ મળે...

આ સાચા સદ્ગુરુ બળવંત સેવે હો જી રે,
આ જનમ મરણ ક્યાંથી નડે...

(રાગ : કાફી)

ના જાણ્યા પરભુને તે ના જાણ્યા,
તારે માથે છે જમનો જ પાટો...પરભુને તે ના જાણ્યા

હેજી ધર્મ કાર્યની વાત ના જાણી અને સંતોની કરતો નિંદા,
હેજી ભજન થીતો બીતો ફરે,
આતો નપુંશકના ચાળા...પરભુને તે ના જાણ્યા

હેજી જટા બનાવટીને ને દાઢી વધારે પાખંડી જગતમાં ઘણા ફરતાં.
પેટ માટે વેઠ કરતા,
એને અજ્ઞાની ઉંધા પડતા...પરભુને તે ના જાણ્યા

હેજી ચમત્કાર કરે એને મહાત્મા માને અને બીક રાખી જીવન જીવતાં
ચમત્કાર કરવા જાદુગરનો ખેલ,
ભક્તી કરવામાં એવા નથી સોદા...પરભુને તે ના જાણ્યા

હેજી સદ્ગુરુ મળ્યાને સજણ નાપડી એવા શિષ્ય હોય વ્યસન વાળા,
બળવંત કહે એવા નરને,
એતો ગુરુ દ્રોહમાં ફસાણા...પરભુને તે ના જાણ્યા

(રાગ : મને સાચા ગુરુજી બાપા બજરંગ મળ્યાં)

મને સાચા પ્રભુની સાચી શાંન મળી,
મારે ગુરુ ગોવિંદની ભ્રાંતી મટી,
મારે ઇંગલાને પીંગલા ભેગી મળી ત્યારે સુષમણા મારી નજરે પડી

ત્યારે ભમ્મર ગુફામાં બાંધી મઠી,
મારે ગુરુ ગોવિંદની ભ્રાંતી મટી,
મારે સદરે ગુરુજીની મ્હેર ઘણી મારી સૂરતાને શાંને ઠેરાવી દીધી.

મહાશૂન્ય સૂરતા પહોંચાડી દીધી,
મારે ગુરુ ગોવિંદની ભ્રાંતી મટી,
મારી નુરતાએ હું તું ગયુ છે મટી મેતો ઉરમાં અમીરસ પીધી ઘણી,

મારી શ્રૃતિ મટીને સીધી પડી,
મારે ગુરુ ગોવિંદની ભ્રાંતી મટી,
હું તો સાકાર સ્વરૂપ વિરાટે ભળી મારે સદ્ગુરુ ગુણને ભુલવા નહિ.

હું તો બળવંત બની નીજ નામે ભળી,
મારે ગુરુ ગોવિંદની ભ્રાંતી મટી.



કારતક

(રાગ : આજે સખી મારે આનંદ આનંદ)

કરમ ધરમનું કરો ઓ ભાઇ મારા અધરમમાં ના ચાલો,
શાસ્ત્રો તણા પુરાવા લઇને પ્રભુ ભક્તિમાં માલો.
પશુ પંખીની જેમ શું જીવો અજ્ઞાને અથડાયો.
આવો રૂડો મનખો મેલી ભૂતાં જેમ શું જીવો,
ક્યાંથી આવ્યો ક્યાંરે જવાનો એ અરથને વિચારો,
હું રે કોણ ને કોણ પ્રભુજી કોણ કાયાનો ઘડનારો.
તન મન ધન જેણે શીશ શોપ્યું સનાતનમાં સમાયો.
સત્ય સનાતન ધરમે ચાલે આ વાતો ને જાણનારો.
વાડા પંથવાળા વાડા વારે સાચુ ના સમજાયો.
સાચા સદ્ગુરુ જેણે સેવ્યા પાખંડમાંના ફસાયો.
ધરમ ધરીને બળવંત ચાલે નુંગરાને ના જણાયો.

માગશર

(રાગ : આજે સખી મારે આનંદ આનંદ)

મારું તારું કરતો માનવી જોને અંતમાં શું કમાયો.
માતા પિતાથી દેહ રે મળ્યો તારો ના કહેવાયો.
બાપ દાદાની મિલ્કત મળી એમાં તું અટવાયો.
ગાડી બંગલા ખુબ બનાયા સાથે લઇના જવાનો.
આ મારુ ને આછે તારું ખોટો ઝગડો જમાયો.
બૈરી છોકરાં તારા માને અંતે એકલો જવાનો.
તારું નથી તે પોતાનું માની પાપમાં ફસાયો.
તારું શું તને ખબર નથી ને અજ્ઞાનમાં અટવાયો.
પરમાત્માનું સ્વરૂપ ના સમજે માયામાં ભરમાયો.
બળવંત કહે એવા નરને પાપનું પોટલું કમાયો.

પોષ

(રાગ : હું તમને સમરૂ ગજાનંદ દેવા)

પાપ પરકાશો તો પ્રભુજી ઉગારશે,
હે...એવા સદ્‌ગુરુ ચરણે પધારો જી...હો...પાપ.

પથ્થર મુકીને જે જન પરગટને પુજશે,
હે...અંધશ્રદ્ધાનો આવશે આરો જી...હો...પાપ.

હોમ હવન તારું કામ નહિ આવે,
હે...એવા જ્ઞાન યજ્ઞમાં ઝંપલાવો જી...હો...પાપ.

ધુણા ધુણ કરે એતો ધુતારા કહેવાય છે,
હે...એવા કુટુંબમાં કરાવે ઝગડો જી...હો...પાપ.

દેખા દેખી કરે તને સાચુ નહિ જડે.
હે...એવા સાપ ગયાને લીટે બીતો જી...હો...પાપ.

અલખનો પાઠ તો બળવંત પુરાવે,
હે...એવા નિજ્યા નામે પરખાયો જી...હો...પાપ.

મહા

(રાગ : હું તમને સમરૂ ગજાનંદ દેવા)

મન માને તો મહાજગ જીતે,
હે...ના માને તો ઘરમાં દટાવે જી...હો...પાપ.

ઘરનો આંધળો કાશી જઇ શું જીવે,
હે...તીરથ કરે અજ્ઞાન નહી ટળે જી...હો...પાપ.

ભગવો ભેખ જોઇ ચરણ દબાવે,
હે...સાચા સંતોથી સાત વાડો ભાગે જી...હો...પાપ.



ડાયરો ગરબા પહેલો જોવા જાવે,
હે...પ્રભુ ભજનમાં શરમ તને આવે જી...હો...પાપ.

જવારા ઉગાડે ને વરઘોડા કાઢે,
હે...એતો કાંઠા કાઢીને વરાવે જી...હો...પાપ.

પ્રભુજીના નામ વિના મન નહિ માને,
હે...ગુરુ ચરણોમાં બળવંત સમજે જી...હો...પાપ.

ફાગણ

(રાગ : સંતના પગલાં જ્યાં જ્યાં થાય)

ફાવે એમ ફરી જાય આનુગરો ફાવે એમ ફરી જાય.
સાચા સંતોને છેતરી જાય આનુગરો ફાવે એમ ફરી જાય.

મૂર્તિની સામે બેસી જનોયો પહેરે,
ઘેર આવીને થોરીયે ભરવે,
પછી દારૂ પીવા જાય...આનુગરો...

સદ્‌ગુરુ સામે બેસી પ્રતીજ્ઞા મુકે,
ગુણકા જોઇને મન એનાં બગડે,
પછી વાસનામાં લપટાય...આનુગરો...

ભજનમાં આવે ને નખરાં કરે,
નરઘાં માથે મુકીને નાચે,
પછી મરઘાં ખાવા જાય...આનુગરો...

આધળી ચાકરણ બે બાજુ ચાલે,
બે બે વાતો કદી ના બને,
કાંતો ચોખો લે કે દાળ...આનુગરો...

લોભી હોય એને ભજન ના ભાવે,
પ્રભુ ભજન તો સૂરા નર સમજે,
બળવંત બોલમાં ના ફેરવાય...આનુગરો...

## ચૈત્ર

(રાગ : સંતના પગલાં જ્યાં જ્યાં થાય)

ચેતી ચેતીને ચાલ ઓ હરિજન ચેતી ચેતીને ચાલ,
આતો મોટી છે માયા જાળ...ઓ હરિજન...

સપનામાં બેઠો સાતમા માળે,
જાગી જોતાં જુઠુ જાણાયું,
આતો સપના જેવો સંસાર...ઓ હરિજન...

ઘાંચીનો બળદીયો ઘણું ઘણું ચાલે,
તેલની લાલચમાં આંટા મારે,
અંતે તલભાર તેલના ખાય...ઓ હરિજન...

પતંગીયું દીપ જોઇ આગમાં પડે,
કીડી કણ કણ ભેરૂ રે કરે,
અંતે તેતર આવી ખાય...ઓ હરિજન...

ચણોઠી ભેગી કરી વાનર તાપે,
બળવંત કહે એને સમજ ના સુજે,
અંતે પાછળથી પછતાય...ઓ હરિજન...



## વૈશાખ

(રાગ : નાથ માંયડી વિનાનો નર બળદિયો)

વેપાર કરે વ્હેવારી વેપારીયા
મનડાં નિજાનંદે હરખાય...વેપાર...

લક્ષદીપમાં ગુરુજી પધારીયા,
સૂરતા સોહાગણ બની જાય...વેપાર...

સાડા ત્રણ આંટા મૂલાધારમાં,
તન મન ધન ને શીશ અપાય...વેપાર...

ઈંગલા પીંગલા ને સાથે સુષમણા,
એતો ફુદરડીયો ખાય...વેપાર...

ભમ્મર ગુફામાં શીવ શક્તિ મળીયા,
ત્યાં તો હંસ શબ્દ સંભળાય...વેપાર...

સહસત્રારમાં મહાશૂન્ય મળિયા,
બળવંત અરસ પરસ દરશાય...વેપાર...

## જેઠ

(રાગ : નાથ માંયડી વિનાનો નર બળદિયો)

જેવું કરે તું એવો દેખાવાનો,
ભલે કરે તું છાંનો કે માંનો...જેવું...

અણુ મેરૂમાં પરભુ તો જોવાનો,
તારું કરેલું કરમ ના છુપાયો...જેવું...

ઈન્દ્ર કપટથી ગૌતમ ઘરમાં આવીયો,
એનો અધર્મ જગતમાં જણાયો...જેવું...

વેશ્યાએ ધંધુકારીને ઘરમાં દાટીયો,
સ્ત્રીના ચરિત્રોમાં એ ફસાયો...જેવું...

સાચુ કહીએ તો રીસ તું ચડાવતો,
તારા મનમાં મેલ ભરાયો...જેવું...

જેને ધર્મની વાતો વિચારીયો
બળવંત ગુરુ ચરણમાં ગવાયો...જેવું...

અષાઢ

(રાગ : આજે સખી મારે આનંદ આનંદ)

અમને મળિયા સદ્ગુરુ દેવા,
ધરમ સનાતન સમજાયા રે.

પ્રગટ પ્રભુજી સામા મળિયા,
ચર્તુભુજે દરશાયા રે.

અણુ મેરૂમાં ચેતન જોયા,
જડ અજ્ઞાને જણાયા રે.

અન્ય દેવ તો અળગા થયા,
વિરાટ સ્વરૂપ દરશાયા રે.

મસાણી મેલડી એમાં ભળિયા,
વેતાલને બાવન વીરા રે.

પીર પેગંબર પ્રેતને ભૂતડા,
અલખમાં જઈ ભળીયા રે.

શીવને શક્તિ જુદા ના જોયા,
નિજ બળવંત ઠહેરાયા રે.



શ્રાવણ

(રાગ : આજે સખી મારે આનંદ આનંદ)

શ્રમજીવી સંતનો મહિમા મોટો,
ઈયળથી ભમરી બનાવે રે...

મહંતો થઈને બેઠા પાખંડીઓ,
સાચુ ના સમજાવે રે...

જટા વધારીને રાખી ચોટલીયો,
ડોળા દેખાડી બીવડાવે રે...

યજ્ઞ કરાવેને પહેરાવે જનોયો,
પાઠ પુરી ભોજન જમાડે રે...

લખ ચોરાશીથી તોયના ઉગર્યો,
અમીરસ કોણ પીવડાવે રે...

સદ્ગુરુનો જેને ભેટો થયો,
ભવસાગર તરી જાવે રે...

હું છું કોણ ને હરિ છે કેવો,
અણુ મેરૂમાં દર્શાવે રે...

અલખ ધણી અળગો ના જાણો,
બળવંત પલકમાં પાવે રે...

ભાદરવો

(રાગ : ઉલટવાણી સુલટવાણી)

ભાન ભૂલેલો માનવી તો ભટકવાને લાગ્યો ભાઈ,
સમજણ વિના ગોથા ખાતો સપનામાં અટવાયો ભાઈ,
દેખા દેખી કરવા લાગ્યો (૨)
ભૂતોમાં ભટકાયો ભાઈ...ભાન...

રૂપવંતી નારી જોઈને નારદ ભાન ભૂલ્યો ભાઈ,
વાસનામાં અંધ બનીને (૨)
તંબુરો એક પા મેલ્યો ભાઈ...ભાન...

ઈન્દ્રે તો અહલ્યા માટે ચંદ્રને મરઘો બનાયો ભાઈ,
ગુરુનો એને શ્રાપ નડીયો (૨)
એક દિવસ આખો ભાઈ...ભાન...

મછગંધાના રૂપ જોઈને પારાસુર લલચાયો ભાઈ,
ગુરુ પ્રતિજ્ઞા તોડી એને (૨)
જગમાં કલંકી કહેવાયો ભાઈ...ભાન...

બળવંત કહે એવા નરને ગુરુ દ્રોહ લાગ્યો ભાઈ,
દુઃખના ડુંગર આવી પડશે (૨)
ત્યારે ક્યાં સંતાશો ભાઈ...ભાન...

આસો

(રાગ : ઉલટવાણી સુલટવાણી)

આટલુ સમજો તો તમે સાચા સંત થાશો ભાઈ,
સદ્ગુરુને શીર પર રાખી (૨)



ફાવે એમ ફરશો ભાઈ...ભાન...

રહેણી વિના ભક્તિ ખોટી ખોટા ના અટવાશો ભાઈ,
વિવેક વિનાનું જ્ઞાન વંધ્યા (૨)
અભિમાન ના કરશો ભાઈ...ભાન...

ગાયો બજાયો રંગરાગ ઉડાયો મુક્તિ નો નહિ આરો ભાઈ,
સદ્ગુરુ વિના સિદ્ધ ના થાવે (૨)
એકલો અટવાયો ભાઈ...ભાન...

ક્યાંથી આવ્યો ક્યાં તું જવાનો ક્યાં તું રહેવાનો ભાઈ,
હું કોણને હરી છે કેવા (૨)
અલખ ના ઓળખાયો ભાઈ...ભાન...

બોલ્યા પછી બીજુ બોલે કર્ણની જેમ મરાયો ભાઈ,
બળવંત કહે સદ્ગુરુ ચરણે (૨)
ધર્મ સનાતન પાયો ભાઈ...ભાન...

સાખી :-

સરોવર તરોવર સંતજન ચોથા વરસે મેહ,
પરમારથના કારણે ચારો ને ધરિયા દેહ.

સાખી :-

સંત મિલનકુ જાઈએ ત્યજી દેહ અભિમાન,
જ્યુંજ્યું પાવ આગે ધરે કોટી યજ્ઞ સમાન.

સાખી :-

સદ્ગુરુ વિના કોઈની દેહ દૃષ્ટિ ના જાય,
ચર્મ ચક્ષુ હોવા છતા આતમ ના ઓળખાય.

સાખી :-

ચાર ખાણીના જીવમાં કોઈ નહીં તારણહાર,
શરણ લેતાં સદ્ગુરુ દેવનું ઉતારે ભવપાર.

સાખી :-

મન મથુરા દિલ દ્વારકા કાયા કાશી જાન,
દસ દ્વારે કા દહેરા તામે જ્યોતિ પહેચાન.

સાખી :-

રામ રામેતિ રામેતિ રમે રામે મનોરમે,
સહસ્ત્ર નામ સતુલ્યં રામ નામ વરાનમે.

સાખી :-

ચર્મ દૃષ્ટિ વાળા દેહને દેખે,આત્મ દૃષ્ટિએ હરિ આપ,
અવતારી પુરુષને કોઈના ઓળખે, ભલે બેટો હોય કે બાપ.





**મુ. મીયાંપુર**

**શીવાભાઇ દાંનાભાઇ ડાભી ભજન**

**ધૂન**

નહિ મળે ફરી ફરી નહિ મળે,
આવો હરી ભજવાનો લ્હાવો ફરી ફરી નહિ મળે.
આવો મનુષ જનમનો લ્હાવો ફરી ફરી નહિ મળે.
આવી માતા પિતાની જોડ્યો ફરી ફરી નહિ મળે.
આવી ગુરુ ચેલાની જોડ્યો ફરી ફરી નહિ મળે.
આવી સંતો ભક્તોની જોડ્યો ફરી ફરી નહિ મળે.
આવા આત્મા પરમાત્માની જોડ્યો ફરી ફરી નહિ મળે.
આવા રામજી બાપુના ચરણ ફરી ફરી નહિ મળે.
દાસ શીવરામ ભજનીયા ગાયો ફરી ફરી નહિ મળે.

**મુ.બલાટી**

**પરવિનભાઇ પ્રતાપભાઇ ચૌહાણ**

**(ભલાભાઇ કાભઇભાઇ ચૌહાણ)**

**(રાગ : કોની કોની સેવાયો થાય)**

ગુરુજીના ગુણલા ગવાય,
આરે અવતારમાં

ગુરુ વિના કેમ રે સમજાય,
આરે અવતારમાં

માતા પિતાની સેવા ગુરુએ બતાવ્યા

બોલ્યા પરમાણે રહેવાય
આરે અવતારમાં

આંગણે આવેલા સંત દેવ સમજાવ્યા
ભાગ્યમાં દિપક દેખાય.
આરે અવતારમાં

ઈર્ષા અદેખાઇ રીસ ચઠાવ્યા,
ગુરુ વિના ફટકે ફુટી જાય.
આરે અવતારમાં

બળવંત સદ્ગુરુ ભલાને ભેટીયા,
બીજુ બોલે તે મુરખાઈ,
આરે અવતારમાં

**સાખી**

ગુરુ ભગવાન બળવંતને ભાવે કર્યો વિવેક,
બીજાની મતીથી ના ચાલીયે એવી ભલાએ લીધી ટેક,
ટેકે મળ્યા તારણહાર અધૂરીયા ગયા અધવચ ડુબી.
નિંદાવાળા નંદઇ ગયા બળવંતની ભલાઇ પર ભલાની થઇ ખુબી

**ભજન — ૨**

**(રાગ : આટલો સંદેશો મારા ગુરુજીને કહેજો)**

આજે રે ગુરુજી મારા ઘેર પધાર્યા,
ડુબતાં નાવને તાર્યા રે....આજે રે

ગુરુજીના ચરણોમાં સ્વર્ગ જણાયા,
નુગરા ગુરુથી જુદા ફરતારે....આજે રે



સદ્ગુરુ દેવે મને રસ્તા બતાયા,
ઉપકાર કદીના ભુલાવું રે....આજે રે

વચન ચુકી નરકે નઠારા દેખાયા,
ધોળા તે બગલા જણાયા રે....આજે રે

ભાવ થકી બળવંત ભલાને મળીયા,
ગુરુ વિનાનાં ભજન ખોટાં રે....આજે રે

**ભજન — ૧**

**મુ. નગવાલ**

**મહેન્દ્રભાઇ પ્રભાતભાઇ ચૌહાણ**

**(રાગ : જીવન કરે છે, ધૂળધાણી)**

ગુરુ મળ્યા છે મને સાચા સંતો રે ભાઈ ગુરુ મળ્યા છે મને સાચા.

હૈયુ મારું હરખે ચઢ્યું છે(૨), બળવંતરામની સાથે
સંતો રે ભાઈ

તન મન ધન અમે અર્પણ કર્યું, શિર સાટે સમજાવે,
રાવણ મનથી નીકળી ગયો(૨), અલખ પુરુષ ઓળખાવે,
સંતો રે ભાઈ

જુગ જુગથી અટવાઈ ગયો, સદ્ગુરુ રસ્તે ચઢાવે,
કુમતિ મારી પાછી વાળી(૨), સમજણનું ઘર બતાવે,
સંતો રે ભાઈ

ત્રિકુટીના તાળા ખોલ્યા નામનો ભેદ સમજાવે,
સદેહે મને સદ્ગુરુ મળ્યા(૨), વિદેહી પદ ઓળખાવે,
સંતો રે ભાઈ

સદ્ગુરુ બળવંત રામ મળિયા મહેન્દ્ર થયો મન ઘેલો,
કર્મ પ્રમાણે ફળ મળતા(૨), વચન ચુકે તે હારે,
સંતો રે ભાઈ

**મુ. નગવાલ**

**લપતભાઇ જેણાભાઇ ચૌહાણના ભજન**

**ભજન — ૧**

**(રાગ : કોની કોની સેવાયો થાય)**

ગુરુજીએ આપ્યું છે જ્ઞાન,
નુગરા શું જાણે

ગુરુજીના સંગમાં સુગરા રહી જાણે,
નુગરાથી કદીના રહેવાય,
નુગરા શું જાણે

પવન પાણી નહિ સૂરજ ઉગે,
ત્યાં છે અમારું રહેઠાણ,
નુગરા શું જાણે

સ્ત્રી પુરુષને વ્યંઢળ નહિ તે,
નર નારી ક્યાંથી કહેવાય,
નુગરા શું જાણે

જંતર મંતર નહિ ચમત્કાર ના કરે,
પોતાનું પરમાણુ કહેવાય,
નુગરા શું જાણે



ગુરુના વચનમાં સુગરા રહી જાણે,
દલપત તો દાસ કહેવાય,
નુગરા શું જાણે

**ભજન — ૨**

**(રાગ : કાફી)**

ના ઓળખ્યા પ્રભુને તે ના ઓળખ્યા,
આંખો હતી પણ આંધળો જણાયો,
પ્રભુને તે ના ઓળખ્યા.

હેજી ગીતાજીમાં કૃષ્ણ અર્જુનને કહે છે, હું પોતે નિરાકાર
સાકાર સ્વરૂપે પ્રગટ છું,
સમજણ વિના સ્વપ્નામાં અટવાયો.
પ્રભુને તે ના ઓળખ્યા.

હેજી ચિતરેલા ઘડેલા દેવી દેવતા એ નથી સમજણ આપનાર
ગોરખ કહે છે જાગતાને સેવો,
ઉપદેશ આપે તે કૃષ્ણ કહેવાયો,
પ્રભુને તે ના ઓળખ્યા.

ઈર્ષા અદેખાઈ અહંકારમાં ખોટી સંગતે ચાલનાર,
રાતે ફરનારા ટોળા દિવસને શું જાણે,
એતો ઘુવડની સભામાં ભરાયો,
પ્રભુને તે ના ઓળખ્યા.

ગુરુના ચરણે રહેનાર સૂરો હોય પેલો કાયર અવળુ ચાલનાર,
દાસ દલપત કહે બળવંત ચરણે,
પેલો નપુસંક નુગરો જણાયો,
પ્રભુને તે ના ઓળખ્યા.

### ભજન – ૩

**(રાગ : કાફી)**

હાં હાં રે ઝઘડો શીદ કરો શીદ કરો,
તમે જુવો વિચારી મારા ભાઈ.

સાખી :-

માનવ દેહ મોંઘો મળ્યો, એનો મર્મ ના જાણ્યો ભાઈ,
રૂપને રૂપિયામાં રાચી રહ્યો, તારા હાથમાં ના આવે કાંઈ
ઝઘડો

સાખી :-

ધર્મના નામે ઢોંગ રચ્યો, ને ડેરી બનાવી ખેતરમાંય,
કુટુંબ કબીલા ભેગા મળ્યા, માતાને જમાડે નળીયામાંય.
ઝઘડો

સાખી :-

હરિ જાણ્યાનો દાવો કરે, ને ગર્વ રાખે મનમાંય,
ભગતનું છોગુ પહેરી ફરે, ગુરુ ગમ વિના ગોથા ખાય.
ઝઘડો

સાખી :-

નુગરોની જમાદ ભેગી કરે, ગુણ ગુણકાના ગાય,
ગુરુ વિનાની ભક્તિ કરે, એના જીવનમાં લાગીલાય.
ઝઘડો

સાખી :-

ગુરુ બળવંતરામ ભેટીયા, ને હૈયે હરખ ના માય,
દલપત ને શરણમાં સમાવીયો, એતો ગુરુના ગુણલા ગાય.
ઝઘડો



## દાતાઓની યાદી

| | | |
|---|---|---|
| ૫૦૦૧ | ગોપાલભાઈ પટેલ | ખલાડી |
| ૫૦૦૧ | વિનુભાઈ બબુભાઈ સોઢાપરમાર | વલ્લુપુરા |
| ૪૦૦૧ | રાયસિંગભાઈ શનાભાઈ ચાવડા | મીયાંપુર |
| ૩૦૦૧ | રાવજીભાઈ શકરાભાઈ ચૌહાણ | ખાંડીવાવ |

## નગવાલ

| | | |
|---|---|---|
| ૫૦૦૧ | દલપતભાઈ જેણાભાઈ ચૌહાણ | નગવાલ |
| ૩૦૦૧ | મનહરભાઈ ધૂળાભાઈ ચૌહાણ | ” |
| ૨૫૦૧ | દિનેશભાઈ ધમાભાઈ ચૌહાણ | ” |
| ૨૫૦૧ | ભૂપેન્દ્રભાઈ ગોતાભાઈ ચૌહાણ | ” |
| ૨૫૦૧ | બુધાભાઈ ભૂલાભાઈ ચૌહાણ | ” |
| ૨૫૦૧ | ચંદુભાઈ છત્રાભાઈ ચૌહાણ | ” |
| ૨૧૦૧ | છત્રસિંહ મણીભાઈ ચૌહાણ | ” |
| ૧૫૦૧ | ગણપતભાઈ બેચરભાઈ ચૌહાણ | ” |
| ૧૨૦૧ | ભલાભાઈ ફુલાભાઈ ચૌહાણ | ” |
| ૧૦૦૧ | કાનજીભાઈ ગાંતાભાઈ ચૌહાણ | ” |
| ૧૦૦૧ | મહેન્દ્રભાઈ પ્રતાપભાઈ ચૌહાણ | ” |

| | | |
|---|---|---|
| ૧૦૦૧ | ધનેશભાઈ અમરસિંહ ચૌહાણ | '' |
| ૫૦૧ | ભુપતભાઈ દલપતભાઈ ચૌહાણ | '' |
| ૫૦૧ | પૂનમભાઈ દલપતભાઈ ચૌહાણ | '' |
| ૫૦૧ | હિંમતભાઈ કનુભાઈ ચૌહાણ | '' |
| ૪૦૧ | અજીતભાઈ અમરસિંહ ચૌહાણ | '' |
| ૩૫૧ | ખુમાનસિંહ ખોડાભાઈ ડાભી | '' |
| ૩૦૧ | રણજીતસિંહ પ્રતાપભાઈ ચૌહાણ | '' |
| ૩૦૧ | અશોકભાઈ રાઈસિંહ ચૌહાણ | '' |
| ૨૫૧ | શૈલેષભાઈ ઉદાભાઈ ચૌહાણ | '' |
| ૨૦૧ | ફતેહસિંહ ઉમેદભાઈ ચૌહાણ | '' |
| ૨૦૧ | ગોવિંદભાઈ અંબાલાલ ચૌહાણ | '' |
| ૨૦૧ | ગોરધનભાઈ ધૂળાભાઈ ચૌહાણ | '' |
| ૨૦૧ | ભલાભાઈ હિંમતભાઈ સોલંકી | '' |
| ૧૫૧ | પ્રવિણભાઈ અંબાલાલ ચૌહાણ | '' |
| ૧૫૧ | રાઈસિંહભાઈ ઐતાભાઈ ડાભી | '' |
| ૧૫૧ | દશરથભાઈ રાઈસિંહભાઈ ચૌહાણ | '' |
| ૧૦૧ | સનાભાઈ ઉદાભાઈ સોલંકી | '' |





| | | |
|---|---|---|
| ૧૦૧ | બુધાભાઈ રાવજીભાઈ સોલંકી | '' |
| ૧૦૧ | વિક્રમભાઈ જયંતીભાઈ ચૌહાણ | '' |
| ૫૧ | ચંદુભાઈ શિવાભાઈ ચૌહાણ | '' |
| ૫૧ | તખાભાઈ ભીખાભાઈ ચૌહાણ | '' |

## મીયાંપુર

| | | |
|---|---|---|
| ૧૦૦૧ | રાઈસિંગભાઈ મણીભાઈ પરમાર | મીયાંપુર |
| ૧૦૦૧ | અરવિંદભાઈ ભલાભાઈ પરમાર | '' |
| ૧૦૦૧ | જયંતીભાઈ ભેમાભાઈ પરમાર | '' |
| ૫૦૧ | નટુભાઈ અર્જુનભાઈ પરમાર | '' |
| ૧૦૦૧ | કનુભાઈ સૌમાભાઈ પરમાર | '' |
| ૫૦૧ | ફુલાભાઈ સાભઈભાઈ પરમાર | '' |
| ૫૦૧ | ફતેહસિંહ ભઈજીભાઈ પરમાર | '' |
| ૫૦૧ | વિજયભાઈ ધર્મેન્દ્રસિંહ પરમાર | '' |
| ૫૦૧ | ઈશ્વરભાઈ સાલમભાઈ પરમાર | '' |
| ૯૦૧ | અશોકભાઈ મંગળભાઈ પરમાર | '' |
| ૧૦૦૧ | સામંતભાઈ ચંદાભાઈ પરમાર | '' |
| ૪૦૧ | ફુલાભાઈ ઐતાભાઈ ચૌહાણ | '' |

| | | |
|---|---|---|
| ૨૫૧ | શિવાભાઈ અભાભાઈ પરમાર | ” |
| ૨૫૧ | લાલાભાઈ મંગળભાઈ પરમાર | ” |
| ૨૦૧ | ગોવિંદભાઈ નટુભાઈ ચાવડા | ” |
| ૫૧ | રામાભાઈ જેરાભાઈ પરમાર | ” |
| ૫૧ | વજેસિંહ સદાભાઈ પરમાર | ” |
| ૫૧ | કંકુબેન જીભઈભાઈ પરમાર | ” |
| ૨૧૧ | ખોડાભાઈ કાળાભાઈ ચૌહાણ | ” |
| ૧૦૧ | દિલિપભાઈ પોપટભાઈ પરમાર | ” |
| ૫૧ | બળવંતભાઈ રામાભાઈ ચૌહાણૌ | ” |
| ૨૫ | ભેમાભાઈ મગાભાઈ પરમાર | ” |
| ૨૫ | છોટાભાઈ શનાભાઈ પરમાર | “ |
| ૫૦ | જેસંગભાઈ છબાભાઈ પરમાર | ” |
| ૧૧ | અર્જુનભાઈ ગાંડાભાઈ | ચુણેલ |
| ૧૧ | સિદ્ધમહારાજ શંકરરામ આશ્રમ | – |
| ૨૧ | વિનુભાઈ શંકરભાઈ સોઢાપરમાર | બોરીયા |
| ૧૦૧ | નુરમીયાં ભુલુમીયાં મલેક | અલીણા |
| ૫૦૧ | ઉસ્માન લાકડાના વેપારી | અલીણા |
| ૫૦૧ | નબીજબુ બેલીમ | અલીણા |





# બલાઢી

| | | |
|---|---|---|
| ૩૦૦૧ | પ્રવિણભાઈ પ્રતાપભાઈ ચૌહાણ | બલાઢી |
| ૨૦૦૧ | શાંતિરામ મહારાજ | ” |
| ૨૦૦૧ | તખતસિંહ બેચરભાઈ સોઢાપરમાર | ” |
| ૧૦૦૧ | પર્વતભાઈ જસ્તાભાઈ ચૌહાણ | ” |
| ૮૦૧ | બેચભાઈ રતાભાઈ ચૌહાણ | ” |
| ૮૦૧ | શકાભાઈ છગનભાઈ ચૌહાણા | ” |
| ૫૦૧ | સોમાભાઈ અમથાભાઈ સોઢાપરમાર | ” |
| ૫૦૧ | પર્વતભાઈ દામાભાઈ સોઢાપરમાર | ” |
| ૫૦૧ | વિક્રમભાઈ તિતાભાઈ | ” |
| ૫૦૧ | મનુભાઈ તિતાભાઈ | ” |
| ૫૦૧ | મોહનભાઈ તિતાભાઈ | ” |
| ૫૦૧ | વિષ્ણુભાઈ તિતાભાઈ | ” |
| ૫૦૧ | બલાભાઈ લાખાભાઈ ચૌહાણ | ” |
| ૫૦૧ | ભગાભાઈ કોદરભાઈ ચૌહાણ | ” |
| ૩૦૧ | હીરાબેન માવાભાઈ ચૌહાણ | ” |
| ૩૦૧ | વિષ્ણુભાઈ ધીરાભાઈ ચૌહાણ | ” |

| | | |
|---|---|---|
| ૨૫૧ | ગાંડાભાઈ ખાતરભાઈ ચૌહાણ | ” |
| ૨૫૧ | મોહનભાઈ ખાતરભાઈ ચૌહાણ | ” |
| ૨૫૧ | રણજીતભાઈ મોહનભાઈ ચૌહાણ | ” |
| ૨૦૧ | હુકાભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ | ” |
| ૨૦૧ | સોમાભાઈ રતનભાઈ ચૌહાણ | ” |
| ૨૦૧ | વિજયભાઈ મેલાભાઈ સોઢાપરમાર | ” |
| ૨૦૧ | બચુભાઈ બુધાભાઈ સોઢાપરમાર | ” |
| ૨૦૧ | ગિરિશભાઈ શાંતીભાઈ | ” |
| ૨૦૧ | દિનેશભાઈ અંદરભાઈ ચૌહાણ | ” |
| ૨૦૧ | ભલાભાઈ હિંમતભાઈ ચૌહાણ | ” |
| ૨૦૧ | ગણપતભાઈ સોમાભાઈ ચૌહાણ | ” |
| ૨૦૧ | સોમાભાઈ છૈલાભાઈ ચૌહાણ | ” |
| ૨૦૧ | ભલાભાઈ લાખાભાઈ ચૌહાણ | ” |
| ૧૦૧ | મુકેશભાઈ સાલમભાઈ ચૌહાણ | ” |



## ચુણેલ

| | | |
|---|---|---|
| ૫૦૦૧ | ગોવિંદભાઈ નારણભાઈ પટેલ | ચુણેલ |
| ૨૦૦૧ | ગુણવંતભાઈ મેલાભાઈ વાળંદ | ” |
| ૫૦૧ | પરવિનભાઈ મેલાભાઈ વાળંદ | ” |
| ૫૦૧ | જશવંતભાઈ મેલાભાઈ વાળંદ | ” |
| ૫૦૧ | બંસીભાઈ મેલાભાઈ વાળંદ | ” |
| ૨૦૧ | રણજીતસિંહ ફુલસિંહ ચૌહાણ | ” |
| ૫૦૧ | ભીખાભાઈ ગાંડાભાઈ ચૌહાણ | ભાના પાંચાની મુવાડી |
| ૫૦૧ | જગાભાઈ બબુભાઈ સોઢાપરમાર | ” |
| ૪૦૧ | દલપતભાઈ ડાભી | છીપીયાલવાળા |
| ૧૦૧ | અમૃતભાઈ છોટાભાઈ સોઢાપરમાર | કઠાણા |
| ૧૦૧ | કાંતિલાલ મંગળભાઈ બારૈયા | સલુણ |
| ૧૦૧ | કિરીટભાઈ ગોરધનભાઈ પરમાર | સલુણ |

## અંધારી ધોરીપરબ

| | | |
|---|---|---|
| ૫૦૧ | બળવંતભાઈ માધાભાઈ સોઢાપરમાર | અં. ધોરીપરબ |
| ૫૦૧ | વિનુભાઈ કોદરભાઈ ચાવડા | ” |
| ૫૦૧ | દલપતભાઈ માનસીંગ સોઢાપરમાર | ” |
| ૧૦૧ | ભગવાનસીંહ માધાભાઈ સોઢાપરમાર | ” |

# સણાલી

| | | |
|---|---|---|
| ૧૦૦૧ | પ્રવિણભાઈ હિંમતભાઈ સોઢાપરમાર | સણાલી |
| ૧૦૦૧ | રાજુભાઈ કરણસિંહ સોઢાપરમાર | ,, |

# કપરૂપુર

| | | |
|---|---|---|
| ૨૫૦૧ | જીવણભાઈ હબરાભાઈ સોઢા | કપરુપુર |
| ૨૫૦૧ | સોમાભાઈ હબરાભાઈ સોઢા | ,, |
| ૧૦૦૧ | જશવંતસિંહ ભવાનસિંહ ઝાલા | આલમપુર |
| ૨૧૧ | ભજનમંડળ | શહેરી |
| ૨૦૧ | ભજન મંડળ | સલુણ |
| ૧૦૧ | હિંમતરામ મહારાજ | અરડી |

**મીયાંપુર ડાભી પરિવાર**

**ભરકુડા (માઢ) મોતીભાઇ ભઇજીભાઇ ડાભી તથા અભ્રિપુર બુધાભાઇ બોડાભાઇ ડાભી, છગનભાઇ ફતાભાઇ ડાભી કુળના રહેવાસી હાલ મીયાંપુર**

| | | |
|---|---|---|
| ૨૦૦૧ | મંગળરામ મહારાજ ડાભી | મીયાંપુર |
| ૩૦૦૧ | જેણાભાઈ દાનાભાઈ ડાભી | ,, |
| ૧૦૦૧ | શીવાભાઈ દાંનાભાઈ ડાભી | ,, |
| ૧૦૦૧ | ભીખાભાઈ ડાહ્યાભાઈ ડાભી | ,, |



| | | |
|---|---|---|
| ૫૦૧ | કાળાભાઈ શંકરભાઈ ડાભી | ,, |
| ૧૦૦૧ | પ્રભાતભાઈ શંકરભાઈ ડાભી | ,, |
| ૧૦૦૧ | જયંતિભાઈ મણીભાઈ ડાભી | ,, |
| ૧૦૦૧ | દલપતભાઈ હરમાનભાઈ ડાભી | ,, |
| ૫૦૧ | મંગળભાઈ ગાંતાભાઈ ડાભી | ,, |
| ૫૦૧ | ઉદાભાઈ પ્રભાતભાઈ ડાભી | ,, |
| ૧૫૧ | કાળાભાઈ બબુભાઈ ડાભી | ,, |

**તથા રસોઇ ભંડારમાં તમામ ડાભી પરિવાર તરફથી સમગ્ર ૨૫% ફાળો મળેલ છે.**